MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૨૮-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૧૯ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

2 શાહીનબાગમાં જે વિરોધ થઈ રહ્યો છે તે મોદી વિરોધીઃ ભાજપ

5 બ્રાયંટના અવસાન પર સમગ્ર ક્રિકેટજગત અને બોલિવૂડ શોકમગ્ન બન્યું

8 નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રીશ્રી યોગેશભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન થયુ

12 ગેરલાયક ઠરેલ ખોટા આદિવાસીઓ દુર કરવા ધરણા પ્રદર્શન કરતાં આદિવાસી ઓને સાંસદ મનસુખ વસાવાનું સમર્થન

સરકારી કંપની એર ઈન્ડિયાને સરકારે વેચવા કાઢી

● સરકાર એર ઈન્ડિયાનો ૧૦૦ ટકા હિસ્સો મેનેજમેન્ટ કંટ્રોલ સાથે જ વેચશે,૧૭ માર્ચ સુધી અરજીઓ મંગાવી
● સરકારે એર ઈન્ડીયા એકસપ્રેસ અને એરપોર્ટ સર્વિસ કંપની એઆઈએસએટીએસને પણ વેચવા માટે બીડ મંગાવી
● એર ઈન્ડિયાના ખરીદદારે ૨૩,૨૮૬.૫ કરોડ રૂપિયાના દેવાની જવાબદારી લેવી પડશે



ન્યુ દિલ્હી

એર ઈન્ડિયાના વેચાણનો માર્ગ મોકળો થયો છે. વાસ્તવમાં કેન્દ્રની મોદી સરકારે એર ઈન્ડિયાની ૧૦૦ ટકા ઈક્વિટી શેરના વેચાણને સૈદ્ધાંતિક રુપે મંજૂરી આપી છે. મોદી સરકારે એર ઈન્ડિયાના વેચાણ માટે બોલીઓ મંગાવી છે. ૧૭ માર્ચ સુધી બોલી લગાવી શકાશે. મોદી સરકાર એર ઈન્ડિયા એક્સપ્રેસ અને AISATSમાં પણ ૧૦૦ ટકા ભાગીદારી વેચશે. એરઈન્ડિયાના સંયુક્ત એકમ AISATSમાં તેમની ભાગીદારી ૫૦ ટકા છે. હરાજી પ્રક્રિયાના દસ્તાવેજો પ્રમાણે ખરીદદારને એર ઈન્ડિયાના ફક્ત ૨૩,૨૮૬.૫ કરોડ રૂપિયાના દેવાની જવાબદારી લેવી પડશે.

બિડિંગ પ્રક્રિયામાં સફળ બોલી લગાવનારને ૩૧ માર્ચ સુધીમાં તેની જાણકારી આપવામાં આવશે. જણાવી દઈએ કે, સરકાર પાસે હાલ એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસમાં ૧૦૦ ટકા ભાગીદારી છે. ૨૦૧૮માં સરકારે એર ઈન્ડિયામાં ૭૬ ટકા ભાગીદારીનો પ્રસ્તાવ મૂક્યો હતો. જો કે તે સમયે વાત આગળ નહતી વધી.

અગાઉ એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટના ડ્રાફ્ટને જીઓએમની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. આ મહિનાના અંત સુધીમાં તેને જાહેર કરવાની વાત મળી રહી હતી. આ અંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે, બેઠક સારી રહી છે અને જલ્દી તેના પર કોઈ પ્રતિક્રિયા આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ હરદીપસિંહ પુરી એર ઈન્ડિયાના ખાનગીકરણની વાત કહી ચૂક્યા છે. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી એર ઈન્ડિયાનું દેવું વધી રહ્યું

અનુસંધાન પાના નં. ૬

સોદો દેશ વિરોધી,કોર્ટમાં જઈશઃ ભાજપ સ્વામીની ધમકી

બિડિંગ પ્રોસેસ શરૂ થવાની આ પ્રક્રીયા અગાઉ થોડા દિવસ પહેલા સ્વામીએ એર ઈન્ડિયા વેચવાની યોજના પર સરકારને ચેતવણી આપી છે. તેમનું કહેવુ છે કે, આ મુદ્દે સંસદીય સમિતિ દ્વારા વિચાર વિમર્શ કરવામાં આવી રહ્યો છે. સ્વામીએ કહ્યું કે, આ સમયે એર ઈન્ડિયાના વિનિવેશ પર સલાહકાર સમિતિ સમક્ષ વિચાર રાખવામાં આવી રહ્યા છે. તે પોતે પણ આ સમિતિના સભ્ય છે. સ્વામીએ ચેતવણી આપતા કહ્યું કે, જો સરકાર આગળ વધે તો તે કોર્ટનું શરણ લેશે.

સરકાર પાસે પૈસા નથી એટલે જ વેચવા કાઢીઃ કોંગ્રેસ

સરકારી વિમાન કંપની એર ઈન્ડિયાનો ૧૦૦ ટકા હિસ્સો વેચવાના અહેવાલો વચ્ચે કોંગ્રેસનાં નેતા કપિલ સિબ્બલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે આ મામલે સરકાર પર નિશાન સાધ્યું છે અને કહ્યું છે કે, જ્યારે સરકાર પાસે પૈસા ન હોય ત્યારે જ તે આવું કરી શકે છે. તેમણે અર્થવ્યવસ્થા અને મનરેગાનાં બાકી લેણાં માટે પણ સરકારની ટીકા કરી છે. કપિલ સિબ્બલે કહ્યું, 'જ્યારે સરકાર પાસે પૈસા નથી, ત્યારે તે આવું કરે છે. ભારત સરકાર પાસે નાણાં નથી, વૃદ્ધિ ૫ % કરતા ઓછી છે અને મનરેગામાં લાખો રૂપિયા ચૂકવાયા નથી.

રાજપથ પર રાષ્ટ્રપતિએ લહેરાવ્યો તિરંગો, ૨૧ તોપોની સલામી અપાઈ

દેશભરમાં ઠેર-ઠેર ૭૧મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી



● બ્રાઝીલના રાષ્ટ્રપતિ જાયર બોલ્સોનારો સમારંભના મુખ્ય અતિથિ રહ્યાં
● પ્રથમ વખત પરેડ પહેલા વડાપ્રધાન મોદીએ નેશનલ વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી
● પરેડમાં પ્રથમ વખત ચિનૂક અને અપાચે હેલિકોપ્ટર સામેલ થયા
● વિવિધ રાજ્યોની સંસ્કૃતિની ઓળખ કરાવતા ટેબલો રજુ કરાયા
● મહિલા કેપ્ટન તાનિયાએ પુરુષોના દળનું નેતૃત્વ કર્યું

ન્યુ દિલ્હી

દેશની રાજધાની નવી દિલ્હીના રાજપથ પર પારંપારિક રીતે ભારતના ૭૧મા પ્રજાસત્તાક દિનની ભારે આનંદ ઉમંગ-ઉત્સાહ અને ઉલ્લાસમય દેશભક્તિના વાતાવરણમાં ઉજવણી થઈ હતી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ધ્વજવંદન કરીને દેશની આન-બાનઅને શાન લશ્કરી પરેડની સલામી ઝીલી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ પ્રસંગે ભારતના ખાસ મહેમાન બનેલા બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારોની સાથે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. રાષ્ટ્રપતિ કોવિંદ દ્વારા તિરંગો લહેરાવતા જ આ સમયે ૨૧ તોપા દ્વારા સલામી આપવામાં આવી હતી.. પરેડમાં પાકિસ્તાનમાં ઘૂસીને આતંકી કેમ્પોને તબાહ કરનાર કમાંડોની ટૂકડી પણ પરેડમાં સામેલ હતી. સાથે જ પહેલી વખત સેનામાં પુરુષોની ટૂકડીની કમાન એક મહિલા સૈન્ય અધિકારી કેપ્ટન તાનિયાએ સંભાળી હતીય જે મહિલા સશક્તિકરણનું ઉદાહરણ છે. આ ઉપરાંત એન્ટી સેટેલાઈટ મિસાઈલ પણ પરેડમાં જોડાઈ હતી તો એરફોર્સની ઝાંખીમાં રફાલ વિમાન અને સુખોઈ વિમાને પણ તેની તાકાત બતાવી હતી. પરેડ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ વોર મેમોરિયલ પર જઈને દેશ માટે ફના થઈ ગયેલા વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. પરેડમાં

અનુસંધાન પાના નં. ૬

વડાપ્રધાને મન કી બાત થકી દેશવાસીઓને સંબોધ્યાઃ હિંસા કોઈ સમસ્યાનું સમાધાન નથી

શાંતિ દરેક પ્રશ્નોના જવાબ આપવાનું સામર્થ્ય ધરાવે છેઃ મોદી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં કહ્યું કે હિંસા કરવાથી ક્યારેય કોઈ સમસ્યાનું સમાધાવાનું સાન નથી નિકળતું. શાંતિ જ દરેક પ્રશ્નોના જવાબ આપવાનું સામર્થ્ય ધરાવતી હોય છે. શાંતિ એ દરેક પ્રશ્નના જવાબનો આધાર હોવી જોઈએ. તેમણે લોકોને અપીલ કરી કે એકતા જાળવીને દરેક સમસ્યાઓના સમાધાન મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેવી જ રીતે ભાઈચારાથી દેશના વિભાજન અને ભાગલા કરવાની નાપાક કોશિશોને નિષ્ફળ કરવી જોઈએ.

આકાશવાણી પર પ્રસારિત મનકી બાદ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણે એકવીસમી સદીમાં જીવી રહ્યા છીએ કે જે જ્ઞાન-વિજ્ઞાન અને લોક-તંત્રનો યુગ છે. શું તમે ક્યારેય એવી કોઈ જગ્યા વિશે સાંભળ્યું છે કે જ્યાં હિંસા કર્યા બાદ લોકોનું જન-જીવન સુધર્યું હોય. શું તમે ક્યારેય એવી કોઈ જગ્યા વિશે સાંબળ્યું કે જ્યાં શાંતિ અને સદ્ભાવ લોકોના જીવન માટે મુસીબત બન્યા હોય.

વડાપ્રધાને ગણતંત્ર

અનુસંધાન પાના નં. ૬

ભારતમાં ફફડાટઃ મુંબઈ,જયપુર બાદ બિહારમાં કોરોના વાયરસનો કેસ નોંધાયો

ચીનમાં કોરોના વાયરસનો હાહાકારઃ ૮૦ લોકોના મોત

અમેરિકામાં ૫ કેસ નોંધાયા,પેઈચિંગમાં હાથ મિલાવવા પર પ્રતિબંધ,ચીનના અનેક શહેરોમાં આવ-જા પર સમગ્રપણે રોક લગાવી દેવામાં આવી



ન્યુ દિલ્હી/બીજિંગ

ચીનના કોરોના વાયરસએ અમેરિકા સહિત અનેક ડઝન દેશોને પોતાની ઝપટમાં લઈ લીધા છે. દુનિયાના તમામ દેશ તેનો ઉકેલ શોધવાના પ્રયાસમાં લાગી ગયા છે. આ દરમિયાન અહેવાલ આવ્યા છે કે ભારતમાં પણ કોરોના વાયરસે પ્રવેશ કરી લીધો છે. રવિવારે જયપુરમાં કોરોના વાયરસનો એક સંદિગ્ધ દર્દી સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ જયપુરની સરકારી હૉસ્પિટલમાં દાખલ કોરોના વાયરસથી પીડિત યુવક ચીનમાં અભ્યાસ કરતો હતો. ભારતમાં આવ્યા બાદ તેમાં કોરોના વાયરસના લક્ષણ જોવા મળ્યા, ત્યારબાદ તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. બીજી તરફ, ચીનમાં કોરોના વાયરસથી મરનારાઓની સંખ્યા વધીને ૮૦ થઈ ગઈ છે. બિહારના છપરાથી કોરોના વાયરસના શંકાસ્પદની ખબર પડી છે.

અનુસંધાન પાના નં. ૬

કેરળ,રાજસ્થાન,પંજાબ બાદ પશ્ચિમ બંગાળ દેશનું ચોથુ રાજ્ય બન્યુ

નાગરિકતા કાયદા વિરુદ્ધ પ.બંગાળ વિધાનસભામાં પણ પ્રસ્તાવ પાસ

સીએએ,એનપીઆર અને એનઆરસી લાગુ કરવામાં આવશે નહીં,ભાજપ ઈચ્છે તો મારી સરકારને કરી શકે છે બર્ખાસ્ત, દેશને વિભાજિત કરનારા લોકોનું સમર્થન ના કરી શકીએઃ મમતા બેનર્જી



કલકત્તા

કેરલ, પંજાબ અને રાજસ્થાન બાદ હવે પશ્ચિમ બંગાળ સરકારે નાગરિકતા સંશોધન કાયદાની વિરુદ્ધ પ્રસ્તાવ પસાર કર્યો છે. આ દરમિયાન મમતા બેનર્જીએ સીએએની વિરુદ્ધ પ્રસ્તાવ પર વિધાનસભામાં પોતાના સંબોધનમાં કહ્યું કે, તુચ્છ મતભેદોને દૂર રાખવા અને દેશને બચાવવા માટે એક થવાનો સમય આવી ગયો છે. સીએએ જનવિરોધી છે. આ કાયદાને તરત જ દૂર કરી દેવો જોઈએ.

મમતા બેનર્જીએ કહ્યું કે, દિલ્હીમાં એનપીઆર બેઠકમાં સામેલ ના થવાની બંગાળ પાસે તાકાત છે. જો ભાજપ ઈચ્છે તો મારી સરકારને બર્ખાસ્ત કરી શકે છે. આ પહેલા કોલકાતાનાં નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં પાર્ટીનાં કાર્યક્રમમાં મમતાએ કહ્યું કે, સીએએ-એનપીઆર-એનઆરસીનો વિરોધ કરનારા

અનુસંધાન પાના નં. ૬

સરકારનો યુ ટર્નઃ હાઈકોર્ટમાં હેલમેટ મુદ્દે એફીડેવિટ દાખલ કરાઈ

વાહનમાં પાછળ બેસનારે પણ હવે હેલમેટ ફરજીયાત પહેરવું પડશે

અમદાવાદ

ગુજરાત સરકાર દ્વારા હાઈકોર્ટમાં હેલમેટ મુદ્દે એફીડેવિટ દાખલ કરવામાં આવી હતી. એક કેસની સુનવણીમાં સરકાર પાસે હેલમેટ મરજીયાત કરવા મુદ્દે જવાબ માંગવામાં આવ્યો હતો. જેનાં જવાબમાં ગુજરાત સરકારે જણાવ્યું કે, શહેરી વિસ્તારમાં હેલમેટ મરજીયાત કરવા માટે એક મૌખીક સુચના આપવામાં આવી હતી. આ મુદ્દે કોઈ પરિપત્ર કરવામાં આવ્યો નથી. હેલમેટ ફરજીયાત જ છે અને સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન અનુસરવા માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. ટુંક સમયમાં તેનો અમલ પણ ચાલુ કરવામાં આવશે.

બીજી તરફ ગુજરાતીઓ માટે બકરૂ કાઢતા ઉંટ પેઠા જેવી સ્થિતી થઈ હતી. એક હેલમેટ મરજીયાત કરવાનું દબાણ સરકાર પર કરનારા ગુજરાતીઓ માટે માઠા સમાચાર છે. હવે ગુજરાતી બાઈક ચલાવનારે તો હેલમેટ

અનુસંધાન પાના નં. ૬

આ ટુકડે-ટુકડે ગેંગ અને મોદી વિરોધીઓનો મંચ છે

શાહીનબાગમાં જે વિરોધ થઈ રહ્યો છે તે મોદી વિરોધી: ભાજપ

શાહીન બાગ પ્રદર્શન પર ભાજપ ગંદુ રાજકારણ રમી રહ્યું છે: કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શાહીન બાગમાં નાગરિકતા સુધારણા કાયદાને કારણે થઈ રહેલા વિરોધ પ્રદર્શનને લઈને ભાજપ પર પલટવાર કરતા સોમવારે કેન્દ્રની સત્તારૂઢ પાર્ટી પર ગંદુ રાજકારણ કરવાનો આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, ગૃહ મંત્રી અને બીજા મંત્રીઓએ શાહીન બાગ જવું જોઈએ અને લોકોની સાથે વાતચીત કરીને માર્ગ ખોલાવવો જોઈએ.

ન્યુ દિલ્હી

ભાજપના નેતા અને કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું છે કે, શાહિન બાગ કોઈ જગ્યા નહીં પરંતુ એક વિચાર છે. આ ટુકડે-ટુકડે ગેંગ અને મોદી વિરોધીઓનું મંચ છે. શાહીન બાગનું સત્ય સામે આવવું જોઈએ. રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલ ચૂપ છે અને લોકોમાં ભ્રમ ફેલાવી રહ્યા છે. આ વિરોધ સીએએનો વિરોધ નથી, નરેન્દ્ર મોદીજીનો વિરોધ છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે દરેક સ્તરે સીએએને લઈને ભ્રમ દૂર કરવાના પ્રયાસ કર્યા. તેમ છતાં પ્રત્યેક વ્યક્તિ પાસે વિરોધ કરવાનો અધિકાર છે. વડાપ્રધાન, ગૃહ મંત્રી, ભાજપ અધ્યક્ષ, મંત્રીઓએ જણાવ્યું છે કે, તમામ લોકોને વિરોધ કરવાનો અધિકાર છે. પરંતું આ વિરોધ મોદી વિરોધ છે. અમે વારંવાર જણાવ્યું છે કે નાગરિકતા સુધારણા કાયદાથી કોઈની નાગરિકતાને અસર થશે નહીં. આ દેશના મુસ્લિમ સન્મનાની સાથે રહે છે અને રહેશે.

રવિશંકર પ્રસાદે વધુમાં જણાવ્યું હતું કે, શાહીન દિલ્હીનો એક મોહલ્લો નથી, શાહીન બાગ ભૂગોળનો ટુકડો નથી. શાહીન બાગ એક વિચાર છે, જ્યાં રાષ્ટ્રીય ધ્વજ અને ભારતના બંધારણનું કવર છે અને ભારતને તોડનારાઓને મંચ આપવામાં આવે છે. જ્યાં ટુકડે-ટુકડે ગેંગ પાછળ ઉભી રહે છે.

પાકિસ્તાન-ચીનની સરહદો પર પણ સતત ઝીણવટપૂર્વક નજર રાખી શકાશે

ઈસરો સૌથી તાકાતવર ટેલિસ્કોપ GiSAT-1ને કરશે લૉન્ચ

ઈસરો GiSAT સિરીઝના બે ઉપગ્રહ છોડશે,GSLV-MK2 રૉકેટથી લૉન્ચ કરાશે

ન્યુ દિલ્હી

ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં ઈસરો દેશને સૌથી શ્રેષ્ઠ ભેટ આપશે. જે ભવિષ્યમાં સુરક્ષા, હોનારત સંચાલન અને મોનિટરીંગમાં મદદ કરશે. આ સેટેલાઈટનું નામ છે (GiSAT-1). ઈસરોના સૂત્રો અનુસાર ભારત પહેલીવાર આ ઉપગ્રહ લૉન્ચ કરશે.

GiSAT-1 ઉપગ્રહ જિયોસ્ટેશનરી ઑર્બિટમાં એક જ જગ્યા પર સ્થિર રહીને માત્ર દેશની સરહદોનું મોનિટરીંગ કરશે. સાથે જ દર અડધા કલાકે સમગ્ર દેશની એક તસવીર જારી કરશે. આમ તો GiSAT-1 સેટેલાઈટનો ઉપયોગ દેશના વિકાસ કાર્યો માટે થશે પરંતુ આનાથી પાકિસ્તાન અને ચીનની સરહદો પર પણ સતત ઝીણવટપૂર્વક નજર રાખી શકાશે. પાકિસ્તાનથી થનારી ઘૂસણખોરી અને હલચલ પર સીધી નજર રાખવામાં આવશે.

GiSAT-1 નામના આ સેટેલાઈટની ખાસ વાત એ છે કે આમાં પાંચ પ્રકારના કેમેરા લાગ્યા હશે. આ સેટેલાઈટ સિરીઝમાં બે ઉપગ્રહ લૉન્ચ કરવામાં આવશે. GiSAT-1 અને GiSAT-2.

અગાઉ પણ GiSAT-1ને લૉન્ચ કરવાની તારીખ નક્કી નહતી. પહેલા એ જાણકારી આવી હતી કે આ ઉપગ્રહ ૧૫ જાન્યુઆરીની આસપાસ લૉન્ચ થવાનું હતુ પરંતુ કોઈ તકનીકી કારણથી આને ટાળી દેવામાં આવ્યુ છે.

સૂત્રો અનુસાર ડિસેમ્બર મહિનામાં જ સેટેલાઈટ બેંગાલુરૂ પહોંચી ચૂક્યુ છે. જલ્દી જ આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટર પહોંચી જશે. ત્યારબાદ આનુ લૉન્ચિંગ થશે. GiSAT-1 સેટેલાઈટની લૉન્ચિંગ જીએસએલવી-MK2 રોકેટથી થશે.



ઓસ્ટ્રેલિયાના સિડનીમાં ઓસ્ટ્રેલિયા દિવસની ઉજવણીના ભાગ રૂપે વુગુલોરા સ્વદેશી મોર્નિંગ સમારોહની શરૂઆતમાં આદિવાસી લોકો થોડી અગ્નિ રાખે છે.

હિંસા માટે ૭૩ બેન્ક ખાતાઓમાં ૧૨૦ કરોડ જમા કરાવાયા

ગૃહમંત્રાલયનો ધડાકો: કપિલ સિબ્બલ સહિત અન્યોએ હિંસા ભડકાવવા પૈસા લીધા

ઈસ્લામિક સંગઠન પીએફઆઈ તરફથી કપિલ સિબ્બલને ૭૩ લાખ મળ્યા હોવાનો દાવો,૭૩ ખાતામાંથી ધડાધડ ૧૨૦ કરોડ રૂપિયા જમા કરાવી ટ્રાન્સફર કરી દેવાયા

ન્યુ દિલ્હી

નાગરિકતા સંશોધન કાયદો અને રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટર વિરૂદ્ધ દેશભરમાં વિરોધ પ્રદર્શનો થયા હતાં. અનેક ઠેકાણે આ વિરોધ પ્રદર્શનો ભારે હિંસક બન્યા હતા. જાહેર સંપત્તિને કરોડો રૂપિયાનું નુંકશાન પહોંચાડવામાં આવ્યું હતું. હવે આ હિંસાના તાર કોંગ્રેસના દિગ્ગજ નેતા સાથે જોડાતા જણાઈ રહ્યાં છે. આ હિંસામાં પોપુલર ફ્રંટ ઓફ ઈન્ડિયાએ પણ સક્રિય ભૂમિકા અદા કરી હોવાનું સામે આવ્યું છે. આ ખુલાસો પ્રવર્તન નિર્દેશાલય (ઈડી) દ્વારા હાથ ધરવામાં આવેલી ઉંડાણપૂર્વકની તપાસમાં થયો છે.

કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીએ નાગરિકતા સંશોધન કાયદાની વિરુદ્ધ પ્રદર્શનને લઈ મોટો ખુલાસો કર્યો છે. એજન્સીએ દાવો કર્યો છે કે પૉપ્યુલર ફ્રન્ટ ઑફ ઈન્ડિયા (PFI) અને રિહૈબ ઈન્ડિયા ફાઉન્ડેશને નાગરિકતા કાયદાની વિરુદ્ધ પ્રદર્શનને ચાલુ રાખવા માટે ૧૩૪ કરોડનું ફંડ આપ્યું છે. ઈડીની ટીમને પીએફઆઈ સંસ્થા સાથે જોડાયેલા ૭૩ બેંક એકાઉન્ટની જાણકારી મળી છે. સૂત્રોના હવાલાથી અહેવાલ છે કે પીએફઆઈના બેંક એકાઉન્ટથી દેશના અનેક મોટા વકીલોને પૈસા આપવામાં આવ્યા છે. તેમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ અને જાણીતા વકીલ ઈન્દિરા જયસિંહના પણ નામ સામેલ છે. સૂત્રોનું કહેવું છે કે બે કે ત્રણ દિવસની અંદર ૧૨૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા અને તેને તાત્કાલીક ઉપાડી દેવામાં આવ્યા. પીએફઆઈ તરફથી અનેક મોટા વકીલોને પૈસા મોકલવામાં આવ્યા છે.

થોડા દિવસો પહેલા ઉત્તર પ્રદેશ સરકાર PFI પર પ્રતિબંધની માંગ કરી હતી. CAAના વિરોધમાં ઉત્તર પ્રદેશમાં જે રીતે હિંસક પ્રદર્શન થયા, તેની પાછળ PFIનો હાથ હોવાનું કહેવાય છે. ઉત્તર પ્રદેશના ડીજીપી ઓ.પી. સિંહે જણાવ્યું હતું કે રાજ્યના અનેક વિસ્તારોમાં તોફાનો અને તોડફોડ કરવાના આરોપમાં પીએફઆઈના ૨૫ સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી.

ઈડીની તપાસમાં થયેલા ખુલાસા પ્રમાણે સીએએના વિરોધમાં હિંસા ભડકાવવા માટે ઉત્તર પ્રદેશના બહરાઈચ, બિજનૌર, હાપુડ, શામલી, ડાસનાથી આ રૂપિયા એકઠા કરવામાં આવ્યા હતા. જેમાં કોંગ્રેસના નેતા અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ૭૭ લાખ, સુપ્રીમ કોર્ટના જાણિતા વકીલ ઈન્દિરા જયસિંહે ૪ લાખ, દુષ્યંત દવે ૧૧ લાખ અને અબ્દુલ સમરે (એનઆઈએના ચાર્જશીટમાં સામેલ) ૩ લાખ રૂપિયા આપ્યા હતાં.

બોડોલેન્ડ વિવાદના સમાધાન માટે સરકારે એનડીએફબી-એબીએસયુ સાથે કર્યો કરાર

આસામના ઉગ્રવાદી સંગઠન સાથે મોદી સરકારની સમજૂતી

- અલગ બોડોલેંડની માંગણી કરનાર ચાર ઉગ્રવાદી જૂથોએ હિંસાનો માર્ગ છોડવાનો નિર્ણય કર્યો,કરાર અંતર્ગત હવે અલગ રાજ્યની માંગણી પડતી મૂકવામાં આવશે - ૧૩૦ હથિયારો સાથે ૧૫૫૦ કેડર ૩૦ જાન્યુઆરીએ આત્મસમર્પણ કરશે

ન્યુ દિલ્હી

લાંબા સમયથી ચાલતા બોડોલેન્ડ વિવાદનો અંત હવે નજીક છે. જણાવી દઈએ કે, મોદી સરકાર અને બોડો સંગઠનો વચ્ચે સમજૂતી થઈ છે, જે અંતર્ગત લાંબા સમયથી ચાલતી બોડોલેન્ડની માંગ પર રોક લાગશે. જણાવી દઈએ કે, લાંબા સમયથી આસામમાં અલગ બોડોલેન્ડની માંગ કરવામાં આવી હતી, પરંતુ હવે તેની માંગ કરતા ચાર જૂથોએ હિંસાનો માર્ગ છોડવાનો નિર્ણય લીધો છે.

સોમવારે, બોડો સંગઠનોએ ગૃહ પ્રધાન અમિત શાહની હાજરીમાં આસામ સરકાર સાથે કરાર કર્યો છે, જે હેઠળ હવે બોડોલેન્ડની માંગ કરવામાં આવશે નહીં. નેશનલ ડેમોક્રેટિક ફેડરેશન ઓફ બોડોલેન્ડ (એનડીએફબી) નાં નેતૃત્વમાં પૂર્વોત્તરમાં એક અલગ રાજ્યની માંગ કરવામાં આવી હતી, પરંતુ હવે તેને રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કરાર બાદ ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, "આજે કેન્દ્ર, આસામ સરકાર અને બોડો પ્રતિનિધિઓએ એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે." આ કરાર આસામ અને બોડો લોકો માટે સુવર્ણ ભવિષ્યની ખાતરી કરશે. તેમણે કહ્યું કે, ૧૩૦ હથિયારો સાથે ૧૫૫૦ કેડર ૩૦ જાન્યુઆરીએ આત્મસમર્પણ કરશે. ગૃહ પ્રધાન તરીકે, હું તમામ પ્રતિનિધિઓને ખાતરી આપવા માંગું છું કે બધા વચનો સમય મર્યાદામાં પૂર્ણ થશે.

આ સાથે જ આ મુદ્દે દિલ્હીમાં આસામનાં પ્રધાન હિમંત બિસ્વા સરમાનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે, બોડો સમાજનાં તમામ હોદ્દેદારોએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, આસામની પ્રાદેશિક અખંડિતતાની પુષ્ટિ કરી છે. આપને જણાવી દઈએ કે, વર્ષ ૧૯૮૭ માં આ આંદોલન હિંસક બન્યું હતું, જેમાં ૨૮૨૩ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ સિવાય બોડો કેડરનાં ૯૪૯ લોકો અને ૨૩૯ સુરક્ષા દળો પણ માર્યા ગયા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રાલય અને બોડો સંગઠનો વચ્ચે આ નિર્ણય એ સમયે લેવામાં આવ્યો જ્યારે બે દિવસ પહેલાં જ સેંકડોની સંખ્યામાં અલગાવવાદીઓ એ આત્મસમર્પણ કર્યું હતું. અસમના ૮ પ્રતિનિધિ સંગઠનો સાથે સંબંધ ધરાવતા કુલ ૬૪૪ ઉગ્રવાદીઓએ પ્રદેશના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ સમક્ષ ગુરૂવારે આત્મસમર્પણ કર્યું હતું.

ભારતે ચીનમાં ફસાયેલા ૨૫૦ વિદ્યાર્થીઓને પરત મોકલવાની અપીલ કરી

ન્યુ દિલ્હી

ભારતે ચીન સરકારને વુહાનમાં ફસાયેલા ૨૫૦ વિદ્યાર્થીઓને પરત મોકલવાની અપીલ કરી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું છે કે, બેઈજિંગમાં ભારતીય દૂતાવાસ સતત સંપર્કમાં છીએ. અમે ત્યાં વસવાટ કરી રહેલા ભારતીય પર નજર રાખી રહ્યા છે. અમેરિકા અને જાપાને પણ પોતાના રાજદૂતો અને નાગરિકોને પરત બોલાવી લીધા છે. કોરોના વાયરસથી અત્યાર સુધી ૮૦ લોકોના મોત થઈ ગયા છે. જેમાં ૪૬ લોકોના મોત વુહાનમાં થયા છે. દેશમાં અત્યાર સુધી ૨૦૦૦ કેસ સામે આવ્યા છે. ચીને કોરોના વાયરસ પર રોક લગાવવા માટે વુહાનને લોકડાઉન કરી દીધું છે. ૧૬ અન્ય શહેરોમાં પણ જાહેર યાતાયત સેવાઓ બંધ કરવામાં આવી છે. કોરોના વાયરસના જોખમને જોઈને ચીન સરકારે રવિવારે જંગલી પ્રાણીઓના વેપાર પર અસ્થાયી પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો છે. વુહાનમાં લગભગ ૭૦૦ ભારતીય વિદ્યાર્થી અભ્યાસ કરે છે. નવા વર્ષની રજા લઈને મોટા ભાગના વિદ્યાર્થીઓ ભારતમાં આવી ગયા હતા. ૨૫૦ વિદ્યાર્થી હજુ પણ વુહાનમાં ફસાયેલા છે.

નેપાળ ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવમાં મધ્યસ્થીની ભૂમિકા નિભાવવા તૈયાર

કાઠમાંડૂ

ભારત-પાકિસ્તાનની વચ્ચે ચાલી રહેલા તણાવ પર હવે નેપાળે પણ એક નવો પ્રસ્તાવ રાખ્યો છે. રિપોર્ટ્સ પ્રમાણે નેપાળની સરકાર ભારત અને પાકિસ્તાનની વચ્ચે વિવાદને દૂર કરવા માટે મધ્યસ્થની ભૂમિકા નિભાવવા ઈચ્છે છે. એક રિપોર્ટ્સ પ્રમાણે નેપાળ સરકાર સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે બંને દેશોની વચ્ચે વાર્તા શરૂ કરવા માટે નેપાળ મધ્યસ્થતા કરવા ઈચ્છે છે, જેથી દક્ષિણ એશિયાઈ દેશોનાં સંગઠન સાર્કની પ્રાસંગિકતા ખત્મ ના થાય.

જમ્મુ-કાશ્મીરથી કલમ ૩૭૦ ખત્મ થયા બાદથી ભારત પાકિસ્તાનનાં સંબંધો ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. ભારત સરકારનાં નિર્ણયને લઈને પાકિસ્તાન તરફથી તીખી પ્રતિક્રિયાઓ આવી રહી છે અને તેમણે ભારત સાથે રાજદ્વારી સંબંધો ખત્મ કરી દીધા છે. નેપાળે કહ્યું છે કે, "બંને દેશોની વચ્ચે મતભેદ અને વિરોધાભાસ થઈ શકે છે, પરંતુ વાતચીત દ્વારા તેનો ઉકેલ લાવી શકાય છે. જો જરૂરી થયું તો અમે પણ મધ્યસ્થની ભૂમિકા નીભાવી શકીએ છીએ, કેમકે અમે એક સ્વતંત્ર, તટસ્થ અને શાંતિપ્રિય દેશ છીએ.

ભારતીય પત્રકારો સાથે વાતચીતમાં સૂત્રોએ કહ્યું કે, "અમે એક માધ્યમ બની શકીએ છીએ, પરંતુ સારું એ જ થશે કે બંને વચ્ચે સીધો સંવાદ થાય. કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવવા માટે શાંતિપૂર્ણ વાર્તા અને વાતચીત સૌથી સારી રીત છે." નેપાળની સરકાર સાથે જોડાયેલા સૂત્રોએ કહ્યું કે, "જ્યારે આપણે સાથે આવીએ છીએ, સાથે બેસીએ છીએ અને પોતાનો દ્રષ્ટિકોણ શેર કરીએ છીએ ત્યારે મુદ્દાઓનું સમાધાન પણ થઈ જાય છે.

ચીને દલાઈ લામાના નિવાસ પોટોલા પેલેસને અનિશ્ચિતકાળ સુધી બંધ કર્યું

બેઈજિંગ

ચીન સરકારે કોરોના વાયરસના ફેલાવાને રોકવાની આડમાં વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. ચીન સરકારે તિબ્બત સ્થિત બૌદ્ધ ધર્મ ગુરૂ દલાઈ લામાના સત્તાવાર નિવાસ પોટાલા પેલેસને આજથી અનિશ્ચિતકાળ સુધી બંધ કરી દીધો છે. ચીનનું કહેવુ છે કે ખતરનાક કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે પોટાલા મહેલને બંધ કરી દેવાયો છે. પોટાલા પેલેસ બૌદ્ધ ધર્માવલંબિયો માટે સાંસ્કૃતિક અને ધાર્મિક કેન્દ્ર રહ્યુ છે. ચીન સરકારે એ સ્પષ્ટ કર્યુ નથી કે પોટાલા પેલેસને ક્યાં સુધી બંધ રાખવામાં આવશે.

ચીનમાં કોરોના વાયરસથી અત્યાર સુધી ૮૦ લોકોના મોત નીપજ્યા છે જ્યારે લગભગ ૩૦૦૦ લોકો આ બીમારીની ચપેટમાં છે. ચીનના સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યુ કે નવો વાયરસ ખતરનાક છે અને તેજીથી ફેલાઈ રહ્યો છે. ચીનનું વુહાન શહેર આ બીમારીનું કેન્દ્ર છે. અહીંથી આ બીમારી સમગ્ર દુનિયામાં ફેલાયેલી છે.

પોટાલા પેલેસ તિબ્બતમાં સેલાનિયોનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર છે. અહીં મોટી સંખ્યામાં પર્યટક દર વર્ષે આવે છે.

ચીનની સરકારે કહ્યુ કે પોટાલા પેલેસને બંધ કરવાનો નિર્ણય મોટા પાયે લોકોની અવરજવરને રોકવા માટે કરવામાં આવ્યો છે. જેથી બીમારી વધુ ફેલાઈ શકે નહીં.

બુધવારે ચર્ચા થશે અને તેના એક દિવસ પછી મતદાન થશે

નાગરિકતા કાયદા વિરુદ્ધ યુરોપિયન સંઘમાં પ્રસ્તાવ રજૂ કરાયો

આ અમારો આંતરિક મામલોઃ ભારતના તીખા તેવર

લંડન

યૂરોપીયન સંસદ ભારતના સંશોધિત નાગરિકતા કાનૂન સામે કેટલાક સદસ્યો દ્વારા રજુ કરેલા પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન કરશે. સંસદમાં આ સપ્તાહની શરુઆતમાં યૂરોપિયન યૂનાઈટેડ લેફ્ટ નોર્ડિક ગ્રીન લેફ્ટ જીયૂઈ-એનજીએલ સમૂહે પ્રસ્તાવ રજુ કર્યો છે. જેના પર બુધવારે ચર્ચા થશે અને તેના એક દિવસ પછી મતદાન થશે.

ભારત તરફથી આ વિશે કહેવામાં આવ્યું છે કે નવો નાગરિકતા કાનૂન પૂરી રીતે ભારતનો આતંરિક મામલો છે. સૂત્રોએ કહ્યું છે કે ભારતને આશા છે કે સીએએ પર યૂરોપિય સંઘના વર્તમાન પ્રસ્તાવના સમર્થક અને પ્રાયોજક તથ્યોના પૂર્ણ આકલન માટે ભારત સાથે વાર્તા કરશે.

આ પ્રસ્તાવમાં સંયુક્ત રાષ્ટ્રના ઘોષણાપત્ર, માનવ અધિકારની સાર્વભૌમિક ઘોષણાના આર્ટિકલ ૧૫ સિવાય ૨૦૧૫માં હસ્તાક્ષરિત કરેલ ભારત-યૂરોપિય સંઘ સામરિક ભાગીદારી સંયુક્ત કાર્ય યોજના અને માનવ અધિકારો પર યૂરોપિય સંઘ-ભારત વિષયક સંવાદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આમાં ભારતીય પ્રાધિકારીઓને અપીલ કરવામાં આવી છે કે તે સીએએ સામે પ્રદર્શન કરી રહેલા લોકો સાથે રચનાત્મક વાર્તા કરે અને ભેદભાવપૂર્ણ સીએએ ને નિરસ્ત કરવાની માંગણી પર વિચાર કરે.

આ પ્રસ્તાવમાં કહેવાયું છે કે સીએએ ભારતમાં નાગરિકતા નક્કી કરવાની રીતમાં ખતરનાક ફેરફાર કરશે. જેમાં નાગરિકતા વગરના લોકોના સંબંધમાં મોટું સંકટ વિશ્વમાં ઉભું થઈ શકે છે અને મોટી માનવ પીડાનું કારણ બની શકે છે. સીએએ ગત વર્ષે ડિસેમ્બરમાં ભારતમાં લાગુ કરવામાં આવ્યો હતો. જેને લઈને દેશભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ભારત સરકારનું કહેવું છે કે આ નવો કાનૂન કોઈની પણ નાગરિકતા લેતો નથી પણ પાડોશી દેશોમાં ઉત્પીડનનો શિકાર થયેલ અલ્પસંખ્યકોની રક્ષા કરવા અને તેને નાગરિકતા આપવા માટે લાવવામાં આવ્યો છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીએશનથી

મગજ, કાન, આંખ, ગળા, હૃદયને થતાં નુકશાનથી બચવા

એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઇલ પર લગાડી આપ રોગ મુક્ત રહો

તેમજ બિઝનેસમાં એજન્ટ બની

ઓછા રોકાણથી

મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથી વધુ કમાવા ફોન કરો.

ZAVERI

7574888861

MARKET 4U BHARUCH - SURAT market4u.in

ZAVERI

કોઇપણ પ્રકારનું સેલ્સ માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઇલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેઇડ સીમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો

મોબાઇલ એન્ટી રેડીએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરો

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

ચીનમાં હવે વાયરસ વોર

ચીનના વુહાન શહેરથી શરૂ થયેલા કરોના વાયરસનો પ્રકોપ હવે દુનિયાના કેટલાક દેશોમાં ફેલાઇ ગયો છે. આ વાયરસે ૨૦૦૨-૦૩માં ચીનમાં ફેલાયેલા સાર્સની યાદ તાજી કરી દીધી છે. સાર્સ પણ આ જ પ્રકારથી એક વાયરસ હતો. જો કે એ વખતે ચીને કેટલીક બેદરકારી રાખી હતી. લાંબા સમય સુધી ચીનની સરકારે આ વાયરસને લઈને હેવાલોને રદિયો આપ્યો હતો. જેના કારણે વાયરસનો ફેલાવો સતત વધ્યો હતો. જેના કારણે ૩૪ દેશ તેના સંકજામાં આવી ગયા હતા. ૭૫૦થી પણ વધારે લોકોના મોત થઈ ગયા હતા. જો કે આ વખતે ચીને ભુતકાળની ભુલોથી બોધપાઠ લઈને વિવિધ પગલા લીધા છે. આ વખતે માહિતી છુપાવવામાં આવી નથી. સમય રહેતા સમગ્ર દુનિયાના દેશોને આ વખતે જાણ કરવામાં આવી છે. પોતાના દેશમાં પણ શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા હતા. ૧૩ શહેરોને બંધ કરી દેવામાં આવ્યા છે. ત્યાંના નિવાસીઓની અવરજવરને રોકી દીધી છે. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા પણ આ વાયરસને ગંભીરતા સાથે લેવામાં આવ્યો છે. જો કે તેના દ્વારા દુનિયા માટે ઇમરજન્સી જાહેર કરવાનો ઇન્કાર કરી દીધો છે. આને માત્ર ચીન માટે ઇમરજન્સી તરીકે ગણાવીને તેને સાવધાન રહેવા માટે કહ્યુ છે. આ નવો વાયરસ કેટલો ખતરનાક છે તે સંબંધમાં હજુ સુધી આ સંસ્થાએ કોઇ વાત કરી નથી. તમામ લોકો અને દેશ હાલમાં કરોના વાયરસને લઈને સાવધાન થયા છે. ભારતમાં પણ તૈયારી કરવામાં આવી ચુકી છે. આરોગ્ય મંત્રાલય પહેલાથી જ સજજ છે. કરોના વાયરસનો સામનો કરવા માટે વિમાની મથક પર એલર્ટ રહેવાના આદેશ જારી કરવામાં આવ્યા છે. ચીનમાંથી આવનાર આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની થર્મલ સ્કેનર મારફતે તપાસ કરવાના નિર્દેશ જારી કરવામાં આવ્યા છે. ચીન જનાર અને ત્યાંથી આવનાર લોકો માટે સલાહ જારી કરવામાં આવી છે. દેશમાં આવનાર ૯૬ વિમાનના ૨૦ હજાર યાત્રીઓની થર્મલ ચકાસણી કરવામાં આવી ચુકી છે. જો કે હાલમાં કોઇ પણ યાત્રીઓ વાયરસથી ગ્રસ્ત ન મળતા રાહત થઈ છે. છેલ્લા કેટલાક દિવસથી ચીનમાંથી આવેલા ૮૦ લોકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવ્યા બાદ તેમને ચકાસણી હેઠળ રાખવામાં આવી રહ્યા છે. તેમનામાં તાવ અને શરદીની અસર જોવા મળી રહી છે. મુબઈમાં પણ આવા લક્ષણ ધરાવનાર બે લોકોને સારવાર હેઠળ હોસ્પિલમાં રાખવામાં આવ્યા છે. આ વાયરસ માટે હાલમાં કોઇ દવા અને રસી ઉપલબ્ધ કરવામાં આવી નથી. જો કે નિષ્ણાંતો, તબીબો અને વૈજ્ઞાનિકો તેની રસી પર કામ કરી રહ્યા છે. બીજી ચિંતાજનક બાબત એ પણ છે કે આ વાયરસના એવા કોઇ લક્ષણ પણ નથી જેના કારણે તેની વહેલી તકે ઓળખ થઇ શકે. અમે સામાન્ય રીતે ખાસી અને શરદી ગરમી તરફ ધ્યાન આપતા નથી. વાયરસના સંબંધમાં વધુને વધુ માહિતી અને જાગૃતિ લોકોમાં ફેલાવવામાં આવે તે જરૂરી છે. હાલમાં નોન વેજ અથવા તો ખાસ કરીને શી ફુડ ખાવાથી બચવાની જરૂર છે. આશા રાખી શકાય છે કે ટુંક સમયમાં જ તેના પર અંકુશ કરી લેવામાં આવનાર છે. કરોના વાયરસને લઈને હાલમાં તો ભારે હોબાળો થયેલો છે. ચીને આ વખતે સાવધાની રાખી છે જેથી ફાયદો થયો છે.

ચીને બોધપાઠ લઈ આ વખતે ૧૩ શહેરોને બંધ કર્યા અને અવરજવર ઉપર બ્રેક મુકી

બજેટમાં ખેડુતોની સ્થિતીને વધુ સુધારવા માટે પગલાની જરૂર છે...

ખેડુતોની સ્થિતી હજુ ખુબ નબળી

બજેટ આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે તમામ લોકો નાણાંપ્રધાન નિર્મલી સીતારામન પર આશા રાખી રહ્યા છે. તેમના પર તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. હાલના સમયમાં કોર્પોરેટ જગતને વધારે રાહત આપવામાં આવી છે. નવા કારોબાર શરૂ કરનારને પણ વધારે રાહત મળી છે. જો કે કમૌસમી વરસાદ અને અન્ય પ્રતિકુળ સંજોગોને કારણે મુશ્કેલીનો સામનો કરનાર ખેડુતો પ્રત્યે હજુ પણ ઉદાસીનતા જોવા મળે છે. ખેડુતોની સ્થિતીને સુધારી દેવા વધુ પગલા જરૂરી બન્યા છે. ખેડુતોની સ્થિતીને વધુને વધુ મજબુત કરવાની જરૂર ચોક્કસપણે દેખાઇ રહી છે. તમામ લોકો આ બાબત તો સ્વીકાર કરે છે કે આજે ખેડુતોની તુલનામાં કોર્પોરેટ જગત સાથે જોડાયેલા લોકોને વધારે રાહત મળી રહી છે. તેમને વધારે મજબુત કરવાના પ્રયાસ તમામ સ્તરે થઇ રહ્યા છે. ખેડુતોને મજબુત કરવાના પ્રયાસ પણ થઇ રહ્યા છે પરંતુ તેની ગતિ જે પ્રકારની છે તે ખુબ ઉદાસીન કરનાર છે. કોર્પોરેટ કરતા પહેલા ખેડુતોની સ્થિતીને વધારે મજબુત કરવાની જરૂર છે. થોડાક મહિના પહેલા જ મહારાષ્ટ્રમાં ખેડુતોએ ગુસ્સામાં આવીને પોતાની શાકભાજી બરબાદ કરી નાંખી હતી. સેંકડો લીટર દુધ માર્ગો પર ઢોળીને નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. સરકાર તેમની પાસેથી ૫૦ પૈસા કિલોના ભાવે ટામેટા અને ડુંગળીની ખરીદી કરે છે. જ્યારે આજ શાકભાજી આરગેનિક દુકાનોમાં ૫૦થી ૧૦૦ ગણા ભાવથી વેચી દેવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ સ્ટાર્ટ અપ શરૂ કરનાર ભણેલા યુવાનોને તો જુદા જુદા પ્રકારની રાહત આપે છે પરંતુ ખેડુતો પ્રત્યે હમેંશા ઉદાસીન રહે છે. જ્યાં સુધી ખેડુતોની લોન માફીની વાત છે ત્યાં સુધી આ બાબત તો માત્ર દેખાવવા પુરતી છે. અલબત્ત આની આડમાં ખાનગી કંપનીઓ જેમાં વીમા કંપનીઓ અને અને બેંક સામેલ છે.આ તમામને જંગી નફો આપીને માલામાલ કરવામાં આવે છે. અસલમાં



સ્ટાર્ટ અપ શરૂ કરનાર યુવાનોને તો સરકાર રાહતો આપે છે પરંતુ ખેડુતો પ્રત્યે ઉદાસીન રહે છે : હકીકતમાં ખેડુતો પહેલા મજબુત બને તે જરૂરી

ખેડુતોને મજબુત કરવામાં આવે તે જરૂરી છે. જો ખેડુતોને મજબુત કરાશે તો જ વધારે સારા પરિણામ મળશે. ખેડુતો આવા પાક પૈદા કરી શકશે જે માત્ર સસ્તી જ રહેશે નહીં બલ્કે તેમાં પૌષક તત્વો પણ વધારે પ્રમાણમાં રહેશે. કારણ કે ગામના ખેડુતો પોતાના પાકને નષ્ટ કરી શકે છે. પરંતુ પાકને કેમિકલમાં મિક્સ કરીને વેચી દેવાની હિમ્મત કરશે નહીં. સરકારને સમજી લેવાની જરૂર છે કે દેશના નાગરિક રાષ્ટ્રના વિકાસમાં એ વખતે જ જ ભરપુર યોગદાન આપી શકે છે જ્યારે તે શરીરથી મજબુત હોઇ શકે છે. આના માટે પૌષ્ટિક ભોજન કુબ જરૂરી છે. પૌષ્ટિક ભોજન ખેડુત જ આપી શકે છે. કોર્પોરેટ જગત આ કામ કરી શકે નહીં. જેથી ખેડુતોને વધારે રાહત પહેલા મળે તે જરૂરી છે. કેટલીક ચીજો એવી પણ હોવી જોઇએ. જેની સાથે કોઇ બાંધછોડ થવી જોઇએ નહીં. ભોજનની ક્વાલિટી પણ આમાં એક ચીજ છે. કારણ કે આજ ભોજન અમને જીવિત રાખે છે. અમને જુદા જુદા રોગ સામે લડવામાં તાકાત આપે છે. ખાદ્ય પદાર્થોને લઈને બજારની હાલત ખુબ ખતરનાક બની ચુકી છે. હાલના સમયમાં કોઇ ચીજો એવી નથી જેમાં ભેળસેળ નથી. મોબાઇલ આવી ગયા બાદ લાઇફ એટલી વ્યસ્ત થઇ ગઇ છે કે અન્ય બાબતો અંગે વિચારણા કરવાની તક મળતી નથી. મોબાઇલ અમને વ્યસ્ત રાખે છે. જેથી અમે તમામ કામો બેભાન હાલતમાં કરીએ છીએ. ભોજન પણ બેભાન હાલતમાં કરીએચીએ. આ બાબતનુ અમને ધ્યાન જ રહેતુ નથી કે અમે શુ ખાઇ રહ્યા છીએ. જે ચીજો ખાઇ રહ્યા છીએ તેનાથી લાભ થઇ રહ્યો છે કે કેમ તેનુ ધ્યાન રહેતુ નથી. મોનસુનની સિઝનમાં તો હોસ્પિટલોમાં પગ મુકવાની જગ્યા રહેતી નથી. ચારેબાજુ દર્દીઓ પડ્યા રહે છે. અહીં મોનસુનમાં બિમારી એટલા માટે ફેલાઇ જાય છે કે લોકોને લોકલ ડબ્બામાં ભરવામાં આવે છે. એકબીજાની બિમારી ફેલાઇ જાય છે. બીજી કારણ એ છે કે રોગ સામે લડવાની શક્તિ અમારી ઘટી ગઇ છે. કારણ કે ભોજનમાં પૌષક તત્વો પુરતા પ્રમાણમાં રહ્યા નથી. એકંદરે તમામ બાબતોમાં ખેડુતોની સ્થિતી વધુને વધુ મજબુત બનશે તો કેટલીક બિમારીથી પણ સીધી રીતે બચી શકાશે.

મુંબઈમાં તો નાળા અને રેલવે લાઇનના કિનારે શાકભાજી ઉગાવવામાં આવે છે. ખેડુતોને તેમની પેદાશના ખર્ચ માટે જે નાણાં ઉપયોગ કરવાની ફરજ પડે છે તેના કરતા કોઇ વધારે નાણાં ખેડુતોને મળતા નથી.

આસારામ જેવા કલંકિતોના કારણે આસ્થાને મોટો ફટકો પડ્યો છે

સંતો ઉપર વિશ્વાસ ઓછો થયો છે

ભારતમાં સંતોની પ્રાચીન અને ગૌરવશાળી પરંપરા રહી છે. આના કારણે સમય સમય પર અમારા સભ્ય સમાજને શિક્ષિત કરવામાં ચાવીરૂપ ભૂમિકા રહી છે. સંત સમાજે સમય સમય પર અમારા સમાજને સભ્ય બનાવવા અને સુસસ્કૃત બનાવવામાં કોઇ કમી રાખી નથી. તેનુ યોગદાન ક્રાન્તિકારી રહ્યુ છે. સંત શબ્દ સદ્ સાથે બને છે. જેનો પ્રયોગ સત્ય, વાસ્તવિક અને ઇમાનદારી માટે કરવામાં આવે છે. સંત એ વ્યક્તિને માનવામાં આવે છે જે વ્યક્તિને સત્યનુ જ્ઞાન થઇ ગયુ છે. મધ્યકાળમાં સંત નામદેવ, સંત રામાનંદે ભક્તિમાર્ગ પર ચાલીને જ્ઞાનના ફેલાવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. ત્યારબાદના સમાજમાં કબીર, રવિદાસ, સુરદાસ, નાનક, દાદુ, મીરાબાઇ, તુલસીદાસ અને તુકારામે ભક્તિમાર્ગ પર આગળ વધીને કેટલીક પરંપરા શરૂ કરી હતી. સાથે સાથે આ સંતના દર્શાવેલા માર્ગ પર લોકો આગળ વધ્યા હતા. આજે પણ અમે જ્યારે અજ્ઞાનતાની ગુફામાં ગુમ થવા લાગીએ છીએ ત્યારે આ સંતોની વાણી વ્યક્તિને માર્ગ દર્શાવે છે. આવી મહાન પરંપરાવાળા દેશમાં જ્યારે આસારામ જેવા કોઇ ઢોગી બાબા અને સંત સપાટી પર આવે છે ત્યારે આઘાત લાગે છે. આસારામ જેવા ઢોગી સંતના કારણે સમગ્ર ઇતિહાસ પર અસર કરે છે. સમગ્ર ઇતિહાસને પણ કલંકિત કરે છે. આથી જ જજ મધુસુદન શર્માનુ એવુ નિવેદન યોગ્ય લાગે છે કે આસારામેમાત્ર સગીરાનુ મન તોડ્યુ નથી બલ્કે દેશ દુનિયામાં સંતોની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યુ છે. કમનસીબ રીતે હાલમાં અમે એવા સમયમાં છીએ ત્યારે ભક્તિમાર્ગનો ઉપયોગ લોકોની આસ્થા સાથે રમત કરવા માટે કરવામાં આવે છે. રાજકીય પક્ષો પણ વહેતી ગંગામાં હાથ ધોવાથી પીછેહટ કરતા નથી. રાજનીતિને ધર્મથી અલગ રાખવાની સૈદ્ધાતિક સહમતીને દાવ પર રાખીને રાજનેતા એવા કલંક-



ભારતમાં સંતોની પ્રાચીન અને ગૌરવશાળી પરંપરા રહી છે : સંત શબ્દ સદ્ ધાતુથી બને છે જેનો પ્રયોગ સત્ય, ઇમાનદારી માટે કરાય છે

પુરૂષોની સમક્ષ ઝુંકી જાય છે. આના કારણે બન્નેની તાકાત વધી જાય છે. એમ કહેવુ વધારે વાજબી છે કે બન્ને સાથે મળીને લોકોની આંખમાં ધુળ નાંખી રહ્યા છે. કઇ રીતે સંતધારી કેટલાક રાજકીય પક્ષો અને હોદ્દા સુધી પહોંચી ગયા છે. શુ આવા વ્યક્તિ કામ, ક્રોધ, રાગ, દ્વેશ અને મોહમાયાને પોતાનાથી દુર રાખી શકે છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે મહત્વકાંક્ષા રાજનિતીની પ્રથમ શરત છે. જ્યારે આનાથી મુક્તિ સંત થવાની પ્રથમ સીઢી છે. કોઇ સંતને રાજનીતિમાં અથવા તો દુનિયાદારીમાં પ્રવેશ કરવુ છે તો તેને સંતના છત્રને દુર કરીને રાજનીતિ કરવી જોઇએ. આસારામના કારણે સંત પંરપરાને ફટકો પડ્યોછે. પોતાને સંત ઘોષિત કરનાર આસારામને જોધપુરની ખાસ અદાલતે સગીરા પર રેપના કેસમાં આરાજીવ કારાવાસની સજા ફટકારી દીધી હતી. ત્યારબાદ આસારામ સતત જેલમાં છે. સગીરાની સાથે રેપ કરવા અને તેને બળજબરીપૂર્વક બાનમાં પકડી રાખવાના મામલે કાયદાની જુદી જુદી કલમ હેઠળ આસારામની સામે ગુના સાચા સાબિત થઇ ગયા હતા.આસારામને આજીવન કારાવાસની સજા કરવામાં આવ્યા બાદ ધર્મમાં વિશ્વાસ ધરાવનાર લાખો ભારતીય લોકોને ફરી એકવાર આઘાત લાગ્યો છે. સાથે સાથે તેમનામાં આવા ઢોગી બાબાને લઈને નફરત પણ ફેલાઇ ગઇ છે. આસારામ જેવા લોકો ભારતીય સંત પરંપરાઅને લોકોમાં તેમના પ્રત્યે થયેલી અપાર શ્રદ્ધાનો લાભ ઉઠાવે છે. આવા લોકો પોતાના શ્વેત વસ્ત્રોની નીચે અપરાધિક ગતિવિધીને ચલાવતા રહે છે. સાથે સાથે આ પ્રકારના બાબા પોતાની પૈશાચિક વૃતિનુ પોષણ પણ કરે છે. અમારા દેશમાં ભોળી બાળાઓ અને મહિલાઓ ધાર્મિક પ્રવૃતિમાં વધારે વિશ્વાસ રાખે છે. ઉત્તરપ્રદેશની શાહજદહાપુરની દલિત કિશોરી પર રેપના મામલે જોધપુરની ખાસ કોર્ટે વિવાદાસ્પદ ગોડમેન આસારામ સહિત ત્રણ આરોપીઓને દોષિત જાહેર કર્યા હતા અને તેમને કઠોર સજા ફટકારી હતી. તેમને મદદ કરનાર બે સાથી શિલ્પી અને શરદચંદ્રને ૨૦-૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. તમામ લોકો જાણે છે કે જોધપુર પોલીસે ૩૧મી ઓગસ્ટ ૨૦૧૩ના દિવસે આસારામની ધરપકડ કરી હતી. ત્યારબાદથી આસારામ જેલની હવા ખાઈ રહ્યા છે.

આસારામ કેસનો મામલો તમામ સામાન્ય લોકો માટે પણ આંખ ખોલનાર રહ્યો છે. આસારામ જેવા કંલકિત સંત ભારતની ગૌરવશાળી સંસ્કૃતિને નુકસાન કરી રહ્યા છે. આસારામ એવા એકલા કલંકિત સંત નથી. અનેક કંલક્તિ સંત રહેલા છે.

મહિલાઓમાં સ્તન કેન્સરનો ખતરો ઘટે છે

રોજ દહી ખાવાથી ખુબ લાભ

કેન્સર જેવી બિમારી પહેલા હજારો લોકો પૈકી કોઇ એકમાં થતી હોવાની બાબત સાંભળવા મળતી હતી. જો કે હવે દુનિયાભરમાં કેન્સર સામાન્ય બિમારી જેવી બની રહી છે આંકડાની વાત કરવામાં આવે તો મહિલાઓમાં થનાર સામાન્ય કોમન કેન્સર પૈકી સ્તન કેન્સર વધારે છે. ભારતમાં આશરે ૨૫થી ૩૨ટકા શહેરી મહિલાઓ સ્તન કેન્સરનો શિકાર થઇ રહી છે. આવી સ્થિતીમાં બિમારી થયા બાદ સારવાર લેવામાં આવે તે પહેલા કેટલીક સાવચેતી રાખવામાં આવે તે જરૂરી છે. કેટલીક સાવધાની રાખવામાં આવે તો આ બિમારીથી બચી શકાય છે દહી પણ આવી જ એક ચીજ તરીકે છે. એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દરરોજ દહી ખાવાથી મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને ઘટાડી શકાય છે. અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે દહીમાં ગુડ બેક્ટિરિયા રહેલા છે. હાનિકારક બેક્ટિરિયાને દુર કરે છે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ દાવો કરવામાં આવ્યો છે કે જો મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને દરરોજ દહી ખાઇને ઓછો કરી શકાય છે. શોધ કરનાર લોકોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો સ્તન કેન્સર થવા માટેના સૌથી મોટા કારણ પૈકી એક કારણ હાનિકારક બેક્ટિરિયા છે. આના કારણે સ્તનમાં થનાર સોજા અને બળતરા છે. આવી સ્થિતીમાં દહીમાં રહેલા ગુડ બેક્ટિરિયા શહીરમા વર્તમાન હાનિકારક બેક્ટિરિયાને દુર કરે છે. કેટલાક પુરાવા પર આ બાબત આધારિત છે. આપને આ બાબત જાણીને હેરાની થઇ શકે છે કે ક્રોનિક ઇન્ફ્લેમેશનના કારણે કેન્સરનો ખતરો વધે છે. માનવીના શરીરમાં આશરે ૧૦ અબજ બેક્ટિરિયા હોય છે. જે પૈકી મોટા ભાગના બેક્ટિરિયા અમને નુકસાન કરતા નથી. જો કે કેટલીક વખત કેટલાક પ્રકારના બેક્ટરિયા ક્યારેક શરીરમાં ટોક્સીન બનાવવા લાગી જાય છે. જેના કારણે શરીરમાં સોજા આવે છે. દહી ઉપરાંત અન્ય કેટલીક ચીજો પણ ડાયટમાં સામેલ કરી શકાય છે.

વ્યસ્ત લાઇફમાં પણ પોતાના માટે સમય કાઢવાની જરૂર છે...

સેલ્ફ કેર ટિપ્પસ ખુબ ઉપયોગી

વધારે પડતા કામ અને મેન્ટલ તેમજ ફિજિકલ ડિસૂઓર્ડર વચ્ચે સીધા સંબંધ રહેલા છે : નિયમિત કસરત માટે સમય કાઢવાની પણ જરૂર

આધુનિક સમયમાં દરેક વ્યક્તિની લાઇફ ખુબ ભાગદોડ ભરેલી બની ગઇ છે. આધુનિક સમયમાં અમારી પાસે આરામથી એક કપ ચાર પીવાનો પણ સમય નથી. કામના કારણે અમે ચારેબાજુથી જોરદાર રીતે ઘેરાઇ ગયા છીએ. કામના કારણે માનસિક અને શારરિક તકલીફ ઉભી થવા લાગી ગઇ છે. આવી સ્થિતીમાં વ્યસ્ત સમય હોવા છતાં પોતાના માટે થોડોક સમય કાઢવામાં આવે તે જરૂરી છે. સમય પોતાના માટે કાઢવાના કારણે થાક લાગતી નથી. સાથે સાથે ગુસ્સો પણ આવતો નથી. કોઇ પણ વ્યક્તિએ પોતાને સ્વસ્થ રાખવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સેલ્ફ કેયર ટિપ્પસ દરેક વ્યક્તિને ઉપયોગી સાબિત થઇ શકે છે. જુદા જુદા અભ્યાસ દર્શાવે છે કે વર્કહોલિજમ અને મેન્ટલ તેમજ ફિજિકલ ડિસઓર્ડર વચ્ચે સીધા સંબંધ રહે છે. આને ચેતવણી તરીકે ગણીને અમને સાવધાન થઇ જવાની જરૂર છે. કામની સાથે સાથે શરીર પર ધ્યાન આપવાની જરૂર છે. આજના આધુનિક સમયમાં આ બાબત સ્વીકારી શકાય નહી કે આપના શરીરને કેટલા પ્રમાણમાં પોષક તત્વો મળે છે તે બાબતથી દરેક વ્યક્તિ વાકેફ રહે છે. વિટામિનનો ઉપયોગ પોષણ ના વીમા કરવા સમાન છે. જુદા જુદા રોગ પર સારવાર કરવાના નામે જંગી ખર્ચ કરવાના બદલે ડાઇટમાં મલ્ટી વિટામિન પર જંગી ખર્ચ કરવામાં આવે તે જરૂરી છે. મલ્ટી વિટામિન શરીરની તમામ જરૂરીયાત પૂર્ણ કરે છે. જો કોઇ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે. રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે. નિયમિતરીતે કરવામાં આવતી કસરત આપના શરીરને યોગ્ય રીતે કામ કરવામાં મદદરૂપ બને છે. કામના ગાળા દરમિયાન કરવામાં આવતી કસરત કરવાની ટેવ પાડવાની બાબત ખુબ સારી હોય છે. કારણ કે આના કારણે સાંજે પરિવારના સભ્યો સાથે સમય ગાળી શકાય છે. શરીર અને મન માટે ઓફિસ શ્રેષ્ઠ જગ્યા નથી. તાજી હવા અને તાપનો લાભ લેવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સુર્યપ્રકાશથી મળનાર વિટામિન ડી આપના આરોગ્યને સુધારી દેવામાં મદદરૂપ થાય છે. આવી જ રીતે ખુલ્લી હવામાં કરવામાં આવેલી વોકિંગ પણ ઉપયોગી સાબિત થાય છે. આવી ટેવ પાડીને ટીવી અથવા તો કોમ્પ્યુટરની સામે બેસીને ગાળવામાં આવતા સમયને પોતાની શરીરની કામની પ્રવૃતિમાં લગાવીને શરીરને ફિટ રાખી શકાય છે. ખુલ્લી હવામાં કરવામાં આવતી કસરત અને વોકિંગનો સીધો લાભ મળે છે. આના કારણે એકાગ્રતા વધારે મજબુત થાય છે. એક વખતે શરીર મજબુત બની જવાની સ્થિતીમાં કેટલીક બિમારી તો સીધી રીતે જ ભાગી જાય છે. ઓફિસમાં કામ કરી કરીને થાકી જવાની સ્થિતીમાં રજા માણવાની બાબત પણ સારા વિકલ્પ તરીકે છે.યાત્રાના શૌખીન લોકોએ પ્રવાસ સ્થળો પર જવા માટેના આયોજન કરવા જોઇએ. મિત્રો અથવા તો પરિવારની સાથે સમય ગાળીને ટેન્શનમાંથી બહાર નિકળી શકાય છે. એંકાતમાં ગાળવામા આવતો સમય પણ ઉપયોગી સાબિત થાય છે. આનાથી યાદશક્તિ મજબુત બની જાય છે. એકાંતમાં રહીને પોતાની જરૂરીયાત મુજબ એક શાનદાર ચિત્ર બનાવી શકાય છે. આ પ્રકારના અનુભવ જવાબદારીના લાંબા કલાકથી આરામ આપે છે.વધારે સમય સુધી બેસીને કામ કરવાના કારણે ખુબ થાક લાગે છે. જેના કારણે શરીરમાં દુખાવો થઇ શકે છે.

ફિલ્મી ગપસપ...

અક્ષય કુમારની 'બચ્ચન પાંડે' ૨૨ જાન્યુઆરીએ રિલીઝ થશે



અક્ષય કુમારે આમિર ખાનની ફિલ્મ સાથે ક્લેશ અટકાવવા પોતાની ફિલ્મની રિલીઝ ડેટમાં ફેરફાર કર્યો છે. અક્ષય કુમાર સ્ટારર ફિલ્મ 'બચ્ચન પાંડે' અને આમિર ખાન સ્ટારર ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા' અગાઉ આ વર્ષે ક્રિસમસ પર રિલીઝ થવાની હતી પરંતુ આમિર ખાનની વિનંતી બાદ અક્ષયે પોતાની ફિલ્મની રિલીઝ ડેટ બદલી છે. હવે આ ફિલ્મ આવતા વર્ષે ૨૨ જાન્યુઆરીના રોજ રિલીઝ થશે. આ ફિલ્મને સાજીદ નડિયાદવાલા પ્રોડ્યૂસ કરી રહ્યા છે અને ફરહાદ સામજી ડિરેક્ટ કરવાના છે. આમિર ખાને અક્ષયનો આભાર માનતા ટ્વીટ કર્યું કે, 'ક્યારેક એક વાતચીત જ કાફી હોય છે. મારા મિત્રો અક્ષય કુમાર અને સાજીદ નડિયાદવાલાનો આભાર કે તેમણે મારી વિનંતી પર બચ્ચન પાંડે ફિલ્મની રિલીઝ ડેટ પાછળ ધકેલી.' તેના જવાબમાં અક્ષય કુમારે ફિલ્મનો નવો લુક નવી રિલીઝ ડેટ સાથે શેર કરી લખ્યું કે, 'એનીટાઈમ આમિર ખાન. આપણે બધા અહીંયા મિત્રો છીએ.' ઈદ પર સલમાનની ફિલ્મ સાથે ટક્કર અટકાવવા અક્ષય સ્ટારર 'સૂર્યવંશી' ફિલ્મની રિલીઝ ડેટ બદલવામાં આવી હતી. આ ફિલ્મને રોહિત શેટ્ટી ડિરેક્ટ કરી છે. સલમાનના કહેવા પર રોહિતે રિલીઝ ડેટમાં ફેરફાર કર્યો હતો. ત્યારે સલમાને કહ્યું હતું કે, રોહિત મારો મોટો ભાઈ છે અને તેણે તે સાબિત કર્યું.

ગ્રેમી એવોર્ડ્સ ૨૦૨૦ : ૧૮ વર્ષની બિલી આઈલીશે ૩ ગ્રેમી એવોર્ડ્સ જીત્યા



લોસ એન્જલ્સ

અમેરિકાના દિગ્ગજ બાસ્કેટબોલ ખેલાડી કોબી બ્રાયન્ટને શ્રદ્ધાંજલિની સાથે જ ગ્રેમી ૨૦૨૦ની શરૂઆત થઈ હતી. ૬૨માં ગ્રેમી એવોર્ડ્સનું આયોજન લોસ એન્જલિસમાં કરવામાં આવ્યું હતું. સૌથી વધુ આઠ કેટેગરીમાં નોમિનેટેડ લિઝ્ઝોને 'ટ્રૂથ હર્ટ્સ' માટે બેસ્ટ પોપ સોલો પરફોર્મન્સ ગ્રેમી એવોર્ડ મળ્યો હતો. ત્યાંજ બિલી આઈલીશને ૩ ગ્રેમી એવોર્ડ જીત્યા, બિલીને ૬ કેટેગરીમાં નોમેનેશન પ્રાપ્ત થયા હતા.

બિલી આઈલીશે સોંગ ઓફ ધ યર, બેસ્ટ ન્યૂ આર્ટિસ્ટ અને બેસ્ટ પોપ આલ્બમના ગ્રેમી એવોર્ડ જીત્યા હતા. ત્યાંજ એન્ડરસન પાર્કને તેના 'ઓલ્ડ ટાઉન રોડ' ગીત માટે બેસ્ટ આર એન્ડ બી પરફોર્મન્સનો એવોર્ડ મળ્યો હતો. લિઝ્ઝોને બેસ્ટ પોપ સોલો પરફોર્મન્સની સાથે સાથે 'કોઝ આઈ લવયુ' માટે બેસ્ટ અર્બન કન્ટેમ્પરેરી આલ્બમનો પણ ગ્રેમી એવોર્ડ મળ્યો હતો.

એલ્વિસ કોસ્ટેલો-ધ ઈમ્પોસ્ટર્સને 'લુક નાઉ' માટે બેસ્ટ ટ્રેડિશનલ પોપ વોકલ એલ્બમ, ગેરી ક્લાર્ક જૂનિયરને 'વિસ લેન્ડ' માટે બેસ્ટ રોક પરફોર્મન્સ, ધ કેમિકલ બ્રધર્સને નો 'જિયોગ્રાફી' માટે બેસ્ટ ડાન્સ ઈલેક્ટ્રોનિક એલ્બમનો ગ્રેમી પ્રાપ્ત થયા છે.



લોસ એન્જલસમાં યોજાયેલ ગ્રેમી અવોર્ડ્સના વિજેતાઓ જાહેર થયા છે. આ અવોર્ડ ફંક્શનમાં પ્રિયંકા ચોપરા તેના પતિ નિક જોનસ સાથે હાજર રહી હતી. આ ૬૨માં વાર્ષિક ગ્રેમી અવોર્ડમાં જોનસ બ્રધર્સનું પરફોર્મન્સ પણ હતું. જોનસ બ્રધર્સના કમબેક સોન્ગ 'સકર'ને બેસ્ટ પોપ ડ્યુઓ/ગ્રુપ પરફોર્મન્સનું નોમિનેશન મળ્યું હતું પણ અવોર્ડ 'ઓલ્ડ ટાઉન રોડ' સોન્ગને મળ્યો.

CAA-NRCને લઈ પરેશ રાવલનો ધડાકો: 'સાબિત કરો કે તમારો બાપ હિન્દુસ્તાનનો છે'

મુંબઈ

બોલિવૂડ કલાકાર અને ભાજપ નેતા પરેશ રાવલ સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ રહે છે. ભાજપનો આ નેતા એક્ટર તરીકે પણ સફળ નિવડ્યો છે. તેમની એક્ટિંગથી લોકો ખૂબ જ પસંદ કરે છે. એ સિવાય પરેશ રાવલ કોઈપણ વાતને બેબાક રીતે લોકોની સામે રજુ કરી શકે છે. આજે દેશમાં ચોમેર સીએએ અને એનઆરસીને લઈ ઘમાસાણ ચાલી રહ્યું છે. એ વચ્ચે પરેશ રાવલનું આ અંગે નિવેદન સામે આવ્યું છે. પરેશ રાવલે એક ટ્વીટ કરી પોતાની વાત રજુ કરી છે.

પરેશ રાવલે કહ્યું કે, દોસ્તો તમારે તે સાબિત નથી કરવાનું કે હિન્દુસ્તાન તમારા બાપનું છે, પરંતુ તમારે એવું સાબિત કરવાનું છે કે તમારો બાપ હિન્દુસ્તાનનો છે. હવે પરેશ રાવલે આ વાત કહી પછી સોશિયલ મીડિયા પર એક નવો જ સિલસિલો શરૂ થયો છે. વિવાદ થવાની પણ પુરી શક્યતા સેવવામાં આવી રહી છે. પરેશ રાવલનાં આ ટ્વીટ પર લોકો તરફથી પણ ઘણી પ્રતિક્રિયાઓ આવી રહી છે.

તો આ તરફ બીજી પણ એક વાત છે કે, આજે જ નસીરુદ્દીન શાહ, મીરા નાયર, ગાયક ટી.એમ.કૃષ્ણા જેવા એક બે નહીં પણ ૩૦૦થી વધુ હસ્તીઓ આ સીએએ અને એનઆરસીનો વિરોધ કરતા વિદ્યાર્થીઓના નામે એક ખુલ્લો પત્ર જાહેર કર્યો છે

'મિશન મંગલ'નાં ડાયરેક્ટર નાની ઉંમરે ગંભીર બિમારીમાં સપડાયા

મુંબઈ

મિશન મંગલ દેશ આખા માટે એક પ્રેરણાદાયી અને વૈજ્ઞાનિકોની મહેનતને બતાવતી ફિલ્મ છે. દેશ આખાએ આવા વૈજ્ઞાનિકો પર માંથુ ઉંચુ કરીને ગૌરવ અનુભવ્યું છે. પરંતુ હવે આ ફિલ્મને લઈ એક ખરાબ સમાચાર આવ્યા છે. મિશન મંગલ ફિલ્મને ડાયરેક્ટર કરનાર ડાયરેક્ટર જગન શક્તિને ૨૫ જાન્યુઆરીએ હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યો છે. હાલમાં તેની હાલત ખુબ જ ગંભીર છે.

અનુરાગ કશ્યપે ગૃહમંત્રી અમિત શાહને કહ્યું : 'ઈતિહાસ તમારી પર થૂંકશે'

મુંબઈ

ફિલ્મમેકર અનુરાગ કશ્યપ જ્યારથી ટ્વિટર પર પરત ફર્યા છે ત્યારથી સરકારની સતત ટીકા કરી રહ્યાં છે. હાલમાં જ તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને લઈ ટ્વીટ કરી હતી.

અનુરાગ કશ્યપે ટ્વીટ કરી હતી, 'આપણાં હોમ મિનિસ્ટર ડરપોક છે. પોતાની પોલીસ, પોતાના ગુંડાઓ, પોતાની સેના અને પોતાની સિક્યોરિટી વધારે છે. હથિયાર વગરના પ્રોટેસ્ટર્સ પર આક્રમણ કરાવે છે. ઈતિહાસ આની પર થૂંકશે.'

ઉલ્લેખનીય છે કે અમિત શાહે હાલમાં દિલ્હીના બાબરપુર વિસ્તારમાં ચૂંટણીસભાને સંબોધી હતી. દિલ્હીમાં આઠ ફેબ્રુઆરીએ વિધાનસભાની ચૂંટણી છે. સભા દરમિયાન સીએએ તથા એનઆરસીનો વિરોધ કરતાં કેટલાંક લોકો ભેગા થઈ ગયા હતાં અને તેમણે સીએએ-એનઆરસીને લઈ નારેબાજી કરી હતી અને આ કાયદો પાછો લેવાનું કહ્યું હતું.

રમત જગત વિશેષ

ધોની હજુપણ ટીમ ઈન્ડિયામાં મદદગાર બની શકે છે : રૈના



ન્યુ દિલ્હી

એમએસ ધોની હજુપણ ટીમ ઈન્ડિયામાં મદદગાર બની શકે છે. ભારતીય ક્રિકેટર સુરેશ રૈના ફરી ટીમ ઈન્ડિયામાં આવવાની તૈયારીમાં લાગી ગયો છે. તે હાલ ઘૂંટણની સર્જરીથી બહાર આવી રહ્યો છે. તેનું માનવું છે કે એમએસ ધોની હજુપણ ટીમ ઈન્ડિયામાં મદદગાર બની શકે છે. એક અખબાર સાથેની વાતચીતમાં રૈનાએ કહ્યું હતું કે ભારતીય ટીમને હજુ તેની જરુર છે પણ જોવું પડશે કે વિરાટ કોહલી તેના વિશે શું નિર્ણય કરે છે.

રેનાએ કહ્યું હતું કે ધોની સંભવત માર્ચના પ્રથમ સપ્તાહમાં ઈન્ડિયન પ્રીમિયર લીગની તૈયારી માટે ચેન્નાઈ આવશે. હાલ તેને પરિવાર સાથે આટલો સમય પસાર કરતા જોઈને સારું લાગે છે. જો તે રમત છોડશે તો તે શોર-શરાબા કર્યા વગર જતો રહેશે. હું તેને રમતો જોવા માંગું છું. તે ફિટ જોવા મળી રહ્યો છે અને સખત મહેનત કરી રહ્યો છે. મને હજુ પણ લાગે છે કે ભારતીય ટીમને તેની જરુર છે પણ તે વિરાટનો નિર્ણય હશે કે આગળ શું થાય છે.

રૈનાએ ભારતીય ટીમામં પોતાની વાપસી વિશે કહ્યું હતું કે આઈપીએલમાં સારું પ્રદર્શન કરવાથી તેને ટીમ ઈન્ડિયામાં ફરીથી રમવામાં મદદ મળી શકે છે. જો મારે રમવું હશે તો પ્રદર્શન કરવું પડશે.

બ્રાયંટના અવસાન પર સમગ્ર ક્રિકેટજગત અને બોલિવૂડ શોકમગ્ન બન્યું

મુંબઈ

અમેરિકામાં રવિવારની રાત્રે એક હેલિકોપ્ટર કેશની ઘટનાનાં કારણે રમતજગત અને બોલિવૂડથી લઈ હોલિવૂડમાં પણ ગમગીની છવાઈ ગઈ છે. ૪૧ વર્ષના કોબે બ્રાયંટ ૨૦૦૮ અને ૨૦૧૨માં ઓલિમ્પિક ગોલ્ડ જીતનાર અમેરિકન બાસ્કેટબોલ ટીમનો સભ્ય હતો. તે નેશનલ બાસ્કેટબોલ એસોસિએશન (એનબીએ) માં લોસ એંજલસ લેકર્સ માટે સતત ૨૦ વર્ષ રમ્યો. તેની ગણતરી એનબીએના મહાન ખેલાડીમાં કરવામાં આવે છે.ય કોબે બ્રાયંટે ૨૦૧૬માં સંન્યાસ લઈ લીધો હતો. તેમના પિતા જો બ્રાયંટ પણ બાસ્કેટબોલ ખેલાડી હતાં.

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ કોબે બ્રાયંટના અવસાન પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર બ્રાયંટની તસવીર પોસ્ટ કરી




અને લખ્યુ,''હું આજની આ ખબરને સાંભળી પરેશાન થઈ ગયો છું. મારી તેમનાથી (કોબે બ્રાયંટ) સાથે જોડાયેલ ગણી યાદો છે. હું તેમની રમત જોવા માટે સવારે જલ્દી ઉઠી જતો હતો. તેમની રમત જોઈ દીલ ખુશ થઈ જતું હતું. તેઓ કોર્ટના જાદૂગર હતા. જિંદગી કેટલી અનિશ્ચિત અને ચંચળ છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર પોતાની પોસ્ટમાં લખ્યુ,''કોબે બ્રાયંટ સાચે જ તે ખેલાડી છે જેમના કારણએ મેં એનબીએને જાણ્યં. હું ત્યારે ૧૩ વર્ષની હતી. તેમની દીકરીની ઉંમર પણ ૧૩ વર્ષ છે. તેમના કારણે જ મેં રમત અને પ્રતિયોગિતામાં રસ દાખવ્યો. તેમણે એક આખી પીઢીને પ્રેરિત કરી છે. તેમની લીગેસી બાસ્કેટબોલથી મોટી હતી.'' કરન જોહરે કહ્યું હતું, મને સ્પોર્ટ્સ વિશે વધુ ખ્યાલ નથી અને મને કોબી બ્રાયન્ટ અંગે વધુ માહિતી નથી પરંતુ પિતા-પુત્રીના નિધનથી મને ઘેરો આઘાત લાગ્યો. હેલિકોપ્ટર કેશમાં તેમની દીકરી જિયાનાનું પણ અવસાન થયું. હું ખુબ જ દુખી છું. દિત પડીભાંગ્યુ છે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે.''

અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ પણ કોબે બ્રાયંટની મોતની ખબર સાંભળતાની સાથે જ શોક વ્યક્ત કર્યો છે. ભગવાનને પ્રાર્થના કે તેમના પરિવાર, મિત્રો તથા ચાહકોને હિંમત આપે. અનુપમ ખેરે કોબી બ્રાયન્ટની બ્લેક એન્ડ વ્હાઈટ તસવીર શેર કરીને કહ્યું હતું, હિરો તો આવતા-જતા રહે પરંતુ લિજેન્ડ હંમેશાં રહે છે. ઓમ શાંતિ..

ઓસ્ટ્રેલિયન ઓપન : કોકો ગોફ ચોથા રાઉન્ડમાં બહાર, જોકોવિચ ક્વાર્ટરફાઈનલમાં પહોંચ્યો


મેલબર્ન

ઓસ્ટ્રેલિયન ઓપનના સાતમાં દિવસે ૧૫ વર્ષીય કોકો ગોફ ચોથા રાઉન્ડમાં બહાર થઈ ગઈ છે. તેને અમેરિકાની જ સોફિયા કેનિને ૭-૬, ૬-૩, ૬-૦થી હરાવી હતી. વર્લ્ડ નંબર ૨ નોવાક જોકોવિચ ક્વાર્ટરફાઈનલમાં પહોંચી ગયો છે. જોકોવિચે ૨ કલાક અને ૬ મિનિટ ચાલેલી મેચમાં આર્જેન્ટિનાના ડિએગો સ્વાર્ટજમેચને ૬-૩, ૬-૪, ૬-



૪થી હરાવ્યો હતો. જ્યારે વર્લ્ડ નંબર-૮ ક્વિતોવાએ વર્લ્ડ નંબર ૨૩ ગ્રીસની મારિયા સકારીને ૭-૬, ૬-૩, ૬-૨થી માત આપી હતી.

રાહુલની વિકેટકીપિંગ તલવારની ધાર પર ચાલવા સમાન : સૈયદ કિરમાની



ન્યુ દિલ્હી

ટીમ ઈન્ડિયાના સંતુલન માટે ઉપરના ક્રમના બેટ્સમેન કેએલ રાહુલને નિયમિત વિકેટકીપિંગ સોંપવાની જવાબદારીના નિર્ણયને પૂર્વ ભારતીય વિકેટકિપર સૈયદ કિરમાની એ તલવારની ધાર પર ચાલવા સમાન ગણાવ્યું છે. કિરમાનીએ કહ્યું,''એ યોગ્ય છે કે હાલમાં રાહુલ એક વિકેટકિપરની જરૂરીયાતને પૂર્ણ કરી રહ્યો છે પરંતુ આ તેની સાથે સાથે ભારતીય ટીમ માટે પણ તલવારની ધાર પર ચાલવા સમાન છે.'' તેમણે કહ્યું કે રાહુલ ટીમ ઈન્ડિયા માટે મૂલ્યવાન ખેલાડી છે અને તે કોઈ પણ ક્રમે બેટિંગ કરી શકે છે. કિરમાનીએ કહ્યું,''વિકેટકીપિંગ એ ક્રિકેટમાં એક મહત્વનું કામ છે અને તેમા નાનકડી ભૂલ પણ ખુબ જ ભારે પડી શકે છે. ભગવાન ના કરે પણ જો વિકેટકીપિંગ દરમિયાન રાહુલ ઈજાગ્રસ્ત થઈ ગયો તો આ ભારત માટે ખુબ મોટા ઝાટકા સમાન હશે.'' વધુમાં કિરમાનીએ કહ્યું,''જો ટીમના પાંચ બેટ્સમેન અને એક ઓલરાઉન્ડર મળી મુશ્કેલ મેચની પરિસ્થિતિમાં પણ ભારતને જીતાવી નહી શકે તો વધુ એક બેટ્સમેન અથવા બોલરને રમાડવાથી કોઈ ખાસ ફરક પડશે નહી.

હાલના સમયમાં બુમરાહ સર્વશ્રેષ્ઠ બોલર, કોહલી સર્વશ્રેષ્ઠ બેટ્સમેનઃ મેક્ગ્રા

દાવોસ

ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ક્રિકેટર ગ્લેન મેક્ગ્રાએ ભારતના જસપ્રીત બુમરાહ અને દક્ષિણ આફ્રિકાના કગિસો રબાડાને વર્તમાન સમયમાં વિશ્વના સર્વશ્રેષ્ઠ બોલર, જ્યારે વિરાટ કોહલી અને સ્ટીવ સ્મિથને સર્વશ્રેષ્ઠ બેટ્સમેન ગણાવ્યા છે. મેક્ગ્રાએ વિશ્વ આર્થિક મંચની વાર્ષિક બેઠક દરમિયાન વિશેષ કાર્યક્રમમાં વર્તમાન સમયના સર્વશ્રેષ્ઠ બોલર અને બેટ્સમેન પૂછવા પર આ જવાબ આપ્યો હતો.

તેમણે કહ્યું, 'બુમરાહ એક ખાસ પ્રકારનો બોલર છે. તેનું કોઈ ફાસ્ટ બોલરની જેમ લાંબુ રન-અપ નથી, પરંતુ તે સારી ગતિ સાથે બોલિંગ કરે છે. તેનું



પોતાના બોલ પર અવિશ્વસનીય નિયંત્રણ છે અને તેનું વલણ સકારાત્મક છે.' રબાડા વિશે તેમણે કહ્યું, 'દક્ષિણ આફ્રિકાનો રબાડા શાનદાર બોલર છે. હું તેનો મોટો ફેન છું. હું આ યાદીમાં ઓસ્ટ્રેલિયન બોલરોને રાખી રહ્યો નથી કારણ કે મારૂ માનવું છે કે તે બધા શાનદાર છે.'

બેટ્સમેનોમાં મેક્ગ્રાએ સ્મિથ અને કોહલીને ટોપ પર રાખ્યા. તેમણે કહ્યું, 'સ્મિથ થોડો અલગ છે. તે સામાન્ય બેટ્સમેનોની જેમ નથી પરંતુ તેના હાથ અને આંખોનું સમન્વય ગજબનું છે. ટેકનિકલી તે પુસ્તકોમાં વર્ણિત બેટ્સમેનોની જેમ નથી પરંતુ જે રીતે તે બેટિંગ કરે છે કે શાનદાર છે.'

ઉદ્ધવ ઠાકરે ૭ માર્ચે અયોધ્યા જશેઃ રામલલાના દર્શન કરશે

મુંબઇ

શિવસેના પાર્ટીના પ્રમુખ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની અયોધ્યા મુલાકાતની તારીખ નક્કી કરવામાં આવી છે. તેઓ એમની મહારાષ્ટ્ર વિકાસ આઘાડી સરકારના સત્તાના ૧૦૦ દિવસ પૂરા થવાના પ્રસંગની ઉજવણી કરવા અયોધ્યા જશે.

શિવસેનાનાં નેતા અને રાજ્યસભાના સદસ્ય સંજય રાઉતે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. રાઉતે કહ્યું કે ઠાકરે ૭ માર્ચે અયોધ્યા જશે અને એ મુલાકાત માટેની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. 'અયોધ્યામેં જલ્લોષ! માર્ચ, ૭, ૨૦૨૦', એમ રાઉતે ટ્વીટમાં જણાવ્યું છે.

ઉદ્ધવ ઠાકરે અયોધ્યામાં રામલલાનાં દર્શન કરશે અને સરયૂ નદીના કિનારે આરતી પણ કરશે. દેશભરમાંથી હજારો શિવસૈનિકો પણ ત્યારે અયોધ્યા જશે. અમારા માટે આ આસ્થાનો વિષય છે અને કોઈએ પણ એને રાજકારણ સાથે સાંકળવું નહીં, એમ રાઉતે કહ્યું છે.

ઠાકરેએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની સાથે અયોધ્યા જેવું જોઈએ એવી ભાજપ દ્વારા કરાયેલી ટીકાનો જવાબ આપતાં રાઉતે કહ્યું કે રામ મંદિર બાંધકામના મુદ્દે કોંગ્રેસ અને એનસીપીની નેતાગીરીઓએ સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકાર્યો છે. કોંગ્રેસનાં વચગાળાનાં પ્રમુખ સોનિયા ગાંધી, ભૂતપૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી અને એનસીપીના પ્રમુખ શરદ પવારે રામ મંદિર ચુકાદાને આવકાર્યો છે. રામ મંદિર બંધાવું જ જોઈએ એવો તેમણે પણ અભિપ્રાય વ્યક્ત કર્યો છે એવું મેં સાંભળ્યું છે. તેથી કોઈએ પણ યોગ્ય માહિતી મેળવવી જોઈએ અને પછી બોલવું જોઈએ.

મહારાષ્ટ્રમાં સરકારમાં શિવસેના, કોંગ્રેસ અને એનસીપી ભાગીદારો છે. ઠાકરેની અયોધ્યા મુલાકાતમાં સામેલ થવા માટે શિવસેનાએ કોંગ્રેસ અને એનસીપીને પણ આમંત્રણ આપ્યું છે.



દેશના ૭૧ મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ૨૬ જાન્યુઆરી, રવિવારે નવી દિલ્હીમાં યોજવામાં આવેલી પરંપરાગત વાર્ષિક રાષ્ટ્રીય પરેડમાં દેશના સંરક્ષણની ત્રણેય પાંખે તેની શક્તિનું પ્રદર્શન કર્યું હતું. મિસાઈલો, ટેંકો, લડાયક વિમાનો, રડાર, સબમરીનો જોવા મળી હતી, પણ દર્શકોને સૌથી વધારે પ્રભાવિત કરી ગઈ હતી સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની મહિલા જવાનોનાં દિલધડક બાઈક સ્ટન્ટ્સ. મહિલા બાઈકર્સના સંઘનાં કરતબ જોવા માટે ઘણા લોકો સુરક્ષા જવાનોની અવગણના કરીને આગળ દોડી ગયા હતા.

૧ ફેબ્રુઆરીએ ફાંસી આપવાની નક્કી હોવાથી સુપ્રિમે ઝડપા કરવા કહ્યું

નિર્ભયા કેસઃ નરાધમ મુકેશની અરજી પર સુપ્રિમે કહ્યું, તત્કાલ રજિસ્ટ્રીમાં અપીલ કરો

ન્યુ દિલ્હી

નિર્ભયા મામલે ફાંસીની સજા પામેલા દોષિતોમાંથી એક મુકેશ સિંહની અરજી પર સુનાવણી દરમિયાન આજે સુપ્રીમ કોર્ટે કહ્યું કે અરજીકર્તાના વકીલ જલ્દી સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રી પાસે અપીલ કરે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની અધ્યક્ષતા વાળી બેંચે કહ્યું કે, કોઈને આગામી ૧ ફેબ્રુઆરીના રોજ ફાંસી આપવાનું નક્કી છે અને આ અરજી જલ્દી જ સાંભળવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૨ માં થયેલા નિર્ભયા સામૂહિક દુષ્કર્મ અને હત્યા મામલે મૃત્યુની સજા પામેલા દોષિતો પૈકી એક મુકેશ સિંહે દયા અરજી ફગાવવાના રાષ્ટ્રપતિના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. શનિવારના રોજ અરજી દાખલ કરીને તેણે દયા અરજી ફગાવવામાં આવી તેની ન્યાયિક સમીક્ષા કરવા અરજી કરી છે. દોષિત મુકેશ દ્વારા આ અરજી વકીલ વૃંદા ગ્રોવરે દાખલ કરી છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ૧૭ જાન્યુઆરીના રોજ મુકેશ સિંહની દયા અરજી ફગાવી હતી. વકીલ વૃંદા ગ્રોવર અનુસાર, જે પ્રકારે દયા અરજી ફગાવવામાં આવી છે, તેની ન્યાયિક સમીક્ષા કરવા માટે અરજી આર્ટિકલ ૩૨ અંતર્ગત દાખલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ ના રોજ દિલ્હીના વસંત વિહાર વિસ્તારમાં ચાલતી બસમાં નિર્ભયા સાથે દુષ્કર્મ થયું હતું, બાદમાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ મામલામાં કુલ ૬ આરોપીઓ હતા. આ પૈકી રામ સિંહે તિહાડ જેલમાં આત્મ હત્યા કરી લીધી હતી જ્યારે એક નાબાલિકની સજા પૂરી થઈ ગઈ છે. આ સિવાય મુકેશ સિંહ, વિનય કુમાર શર્મા, પવન કુમાર ગુપ્તા અને અક્ષય કુમાર સિંહને પહેલા નિચલી કોર્ટ અને પછી દિલ્હી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ફાંસીની સજા સંભળાવી ચૂકી છે.

ભાજપ-આમ આદમી પાર્ટીએ દિલ્હીને રેપ કેપિટલ બનાવી દીધુઃ શર્મિષ્ઠા મુખર્જી

ન્યુ દિલ્હી

દિલ્હી મહિલા કોંગ્રેસના અધ્યક્ષ શર્મિષ્ઠા મુખરજીએ કહ્યું કે કેજરીવાલ સરકાર મફતના નામ પર લોકો લોકોને ઝેરવાળુ પાણી પિવડાવી રહી છે. શર્મિષ્ઠા મુખરજી એ પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની દીકરી છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું કે કેજરીવાલ સરકારની ફ્રી સ્કીમ્સથી મહિલા સુરક્ષા સુધીના મહત્વના મુદ્દાઓ પર બિન્દાસ વાતો કરી હતી. તેમના જણાવ્યા પ્રમાણે કેજરીવાલની ફ્રી સ્કીમસની સમય મર્યાદા ૩૧ માર્ચ સુધીની છે. એટલે કે ચૂંટણી પછી આ ફ્રી યોજનાઓ બંધ કરી દેવામાં આવશે. દિલ્હી મહિલા કોંગ્રેસના અધ્યક્ષ શર્મિષ્ઠ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટીએ દિલ્હીને રેપ કેપિટલ બનાવી દીધું છે. ૨૦૧૨માં અહીં રેપના કુલ ૭૦૬ મામલાઓ નોંધાયા હતા. ૧૫ નવેમ્બર ૨૦૧૯ સુધીમાં આ આંકડો ૧૯૪૭ સુધી પહોંચી ગયો હતો. દિલ્હી પોલીસ કેન્દ્ર સરકારના અન્ડરમાં આવે છે. કેજરીવાલ પણ પોતાની જવાબદારીઓમાંથી છટકી જાય છે. ભાજપ અને આપ બંને મોટા-મોટા વાયદાઓ કરે છે પરંતુ રેપ જેવી ગંભીર ઘટનાઓને રોકવામાં નિષ્ફળ નિવડે છે. કેજરીવાલ દિલ્હીની જનતાને ફ્રીમાં પાણી પૂરુ પાડે છે પરંતુ તે પાણી ઝેરલું હોય છે. મફતની વીજળી આપવાથી જે ફાયદો થઈ રહ્યો છે તે ફક્ત મકાન માલિકને મળી રહ્યો છે ભાડુઆતોને નહીં. ભાડુઆતોને તો દરેકે દરેક યુનિટ માટે પૈસા ચુકવવા પડતા હોય છે. તેઓ પણ સમજતા હોય છે કે ફક્ત વોટ બેંક પોલિસી સમાન છે. આ સ્કીમને ફક્ત ૩૧ માર્ચ સુધી જ મર્યાદિત રાખવામાં આવી છે. ચૂંટણી બાદ માર્ચ મહિનો પૂર્ણ થતાની સાથે જ મફતની વીજળી અને પાણીની યોજનાઓ પર પણ પૂર્ણવિરામ લાગી જશે.

પ્રજાસત્તાક દિને આસામના બે જિલ્લામાં ચાર બોમ્બ ધમાકાઃ કોઈ જાનહાનિ નહિ

દિસપુર

પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન નાગરિકતા કાયદાના વિરોધ પ્રદર્શનમાં સળગી રહેલા આસામના બે જિલ્લા ડિબ્રુગઢ અને ચરાઈદેવમાં ગ્રેનેડથી ચાર ધમાકા કરવામાં આવ્યા છે. આ ધમાકા રવિવારે સવારે એ સમયે કરવામાં આવ્યા છે જ્યારે સમગ્ર દેશ પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી રહ્યો હતો. જોકે આ ધમાકામાં કોઈ જાનમાલના નુકસાનની જાણકારી પ્રાપ્ય નથી. ડિબ્રુગઢના ગ્રાહમ બજારની એક દુકાન અને ગુરુદ્વારા પાસે એમ બે ધમાકા કરવામાં આવ્યા હતા જ્યારે ચરાઈદેવમાં સોનારી વિસ્તારમાં ધમાકો કરવામાં આવ્યો હતો. આસામ ડીજીપી ભાસ્કર જ્યોતિ મહંતે જણાવ્યું કે, ધમાકાઓમાં કોઈ નુકસાનની જાણકારી નથી મળી, આ અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ પહેલા પણ સોમવારે, છ દિવસ પહેલા ચરાઈદેવ જિલ્લામાં બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો.

પાંચ રૉકેટના અહેવાલને રાજદૂતાવાસે સમર્થન આપ્યું

ઈરાને બગદાદમાં આવેલ અમેરિકી રાજદૂતાવાસ પર રૉકેટ છોડતાં તંગદિલિ

બગદાદ

ઈરાને સોમવારે સવારે ફરી એકવાર ઈરાકની રાજધાની બગદાદમાં આવેલા અમેરિકી રાજદૂતાવાસ પર હુમલો કર્યો હતો. લેટેસ્ટ રિપોર્ટ મુજબ ઈરાને પાંચ રૉકેટ રાજદૂતાવાસ નજીક છોડ્યા હતા. આ હુમલાને અમેરિકી પ્રવક્તાએ સમર્થન આપ્યું હતું. છેલ્લા થોડા દિવસથી ઈરાન સતત અમેરિકી રાજદૂતાવાસ પર હુમલા કરી રહ્યું હતું. અમેરિકી હવાઈ હુમલામાં ઈરાનના વરિષ્ઠ લશ્કરી અધિકારી કમાન્ડર મેજર જનરલ કાસિમ સુલેમાની માર્યા ગયા ત્યારથી ઈરાન અમેરિકા પર ગુસ્સે ભરાયું હતું અને લગભગ રોજ સતત રાજદૂતાવાસ પર હુમલા કરતું હતું. અત્રે એ યાદ રહે કે તાજેતરમાં ઈરાકના વરિષ્ઠ મુસ્લિમ ધર્મગુરુ મોકતદા સદરે એક રેલી યોજી હતી અને એમાં મુસ્લિમ લશ્કરને વહેલી તકે ઈરાક છોડી જવાની હાકલ કરી હતી. સદરે કહ્યું હતું કે તમારી હાજરીથી ઈરાકી નાગરિકો પર જાનનું જોખમ વધી રહ્યું હતું. તમારે ઈરાન જોડે જે ઝઘડો હોય તેને લઈને ઈરાકી નાગરિકોનો ભોગ શા માટે લેવાવો જોઈએ. તમે વહેલી તકે ઈરાક ખાલી કરી જાઓ. આઈએસઆઈએસ ઈરાક પર હુમલો કરીને તેલકૂવા કબજે ન કરી લે એવા હેતુથી પચાસ હજાર અમેરિકી સૈનિકો બગદાદમાં ધામો નાખીને પડ્યા છે.

સરકારી કંપની
પહેલા પાનાથી ચાલુ

છે. આથી તેને ચાલુ રાખવાથી વધારે નુકસાન થશે.

એર ઈન્ડિયા જંગી દેવાના બોજ હેઠળ દબાઈ ગઈ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં એર ઈન્ડિયાને ૮૪૦૦ કરોડ રુપિયાનું મોટું નુકસાન ભોગવવું પડ્યું હતું. છેલ્લા ઘણાં સમયથી એર ઈન્ડિયાને આર્થિક તંગીનો સામનો કરવો પડી રહ્યો છે. કંપનીને એટલુ જંગી નુકસાન થયું છે કે, એટલા રુપિયામાં તો એક નવી એરલાઈન્સ શરૂ કરી શકાય છે. હાલ એર ઈન્ડિયા પર ૬૦ હજાર કરોડ રુપિયાનું દેવું છે અને કંપનીનું કુલ નુકસાન ૭૦ હજાર કરોડ રુપિયાની આસપાસ છે.

જણાવી દઈએ કે, અશ્વિની લોહાની હાલ એર ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેમને એર ઈન્ડિયામાં એ હેતુથી લાવવામાં આવ્યા હતા કે, તેઓ દેવામાં ડુબેલી એર ઈન્ડિયાને કિનારે લાવશે! જો કે તેઓ નિષ્ફળ નીવડ્યા. ૨૦૦૭ બાદ નાણાંકીય વર્ષ ૨૦૧૭માં પ્રથમ વખત તેમના નેતૃત્વમાં એરલાઈને ૧૦૫ કરોડ રુપિયાનો નફો કર્યો હતો.

આ પહેલાં ગૃહ મંત્રી અમિત શાહની અધ્યક્ષતા વાળા મંત્રી સમૂહ (જીઓએમ)એ એર ઈન્ડિયાને વેચવા માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ આ મહિને જ જાહેર કરવાની જાહેરાત કરી હતી. મંત્રી સમૂહે આ ડ્રાફ્ટને ૭ જાન્યુઆરીએ મંજૂરી આપી દીધી હતી. એર ઈન્ડિયા ઘણાં વર્ષોથી ખોટમાં ચાલી રહી છે. ૨૦૧૮-૧૯માં ૮,૫૫૬.૩૫ કરોડનું નુકસાન થયું હતું. એલાઈન્સ પર ૫૦,૦૦૦ કરોડ કરતા પણ વધારે દેવું છે.

દેશભરમાં
પહેલા પાનાથી ચાલુ

વિવિધ રાજ્યોની સંસ્કૃતિની ઓળખ કરાવતા ટેબ્લોમાં ગુજરાતના ટેબ્લોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ વખતે રાણકી વાવની ઝાંખી કરાવકુંટેબ્લો રજૂ કરાયું હતું. જેમાં ગરબા પણ રજૂ કરાયા હતા. સમગ્ર દિલ્હી આ પ્રસંગે સુરક્ષાની રીતે પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી.

પરેડ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રથમ વખત એવું બન્યું છે કે વડાપ્રધાન અમર જવાન જ્યોતિ ન જઈને ઈન્ડિયા ગેટની પાસેના વોર મેમોરિયલ પહોંચ્યા હતા. આ વખતે બ્રાઝીલના રાષ્ટ્રપતિ જાયર બોલ્સોનારો સમારંભના મુખ્ય અતિથિ રહ્યાં હતા. પરેડમાં પ્રથમ વખત ચિનૂક અને અપાચે હેલિકોપ્ટર સામેલ થયા તો કેપ્ટન તાનિયા શેરગિલ પ્રથમ વખત પુરુષોના દળનું નેતૃત્વ કરનાર મહિલા અધિકારી બની હતી. પ્રથમ વખત રાફેલના લડાકૂ વિમાનની ઝાંખી પણ રાજપથ પર જોવા મળી હતી.

સૌથી પહેલા કમાન્ડિંગ અધિકારી અસિત મિસ્ત્રીએ સલામી આપી. ટી-૯૦ ભીષ્મ ટેક, તોપ કે-૯એ રાજપથ પર તાકતનું પ્રદર્શન કર્યું. ઈન્ટીગ્રેટેડ વેપન સિસ્ટમ રુદ્ર પણ સામેલ થયું હતું.

નેવીએ બોઈંગ પી૮-આઈ પેટ્રોલિંગ એરક્રાફ્ટ અને કોલકતા ક્લાસ ડેસ્ટ્રોયર અને કલ્વરી ક્લાસની સબમરિનની ઝાંખીનું પણ પ્રદર્શન રજૂ કર્યું હતુ. ગુજરાત સહિત ૧૬ રાજ્યોની ૨૦ ઝાંખીઓમાં દેશની સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી. રાષ્ટ્રીય બાલ પુરસ્કારથી સમ્માનિત ૪૯ બાળકોએ પણ રાષ્ટ્રપતિને સલામી આપી હતી.

રાજપથ પર મહિલા જવાનોએ મોટરસાઈકલ પર કરતબો બતાવી હતી. હેડ કોન્સ્ટેબલ સીમા નાગે રોયલ એનફીલ્ડ પર પિસ્ટલ પોજિશન બનાવી હતી. એએસઆઈ અનીતા કુમારીની આગેવાનીમાં ૫ એનફીલ્ડ પર મહિલા જવાનોએ હ્યુમન પિરામિડ બનાવ્યું. જ્યારે એએસઆઈ સુજાતા ગોસ્વામીના નેતૃત્વમાં મહિલા જવાનોએ ઓલરાઉન્ડ ડિફેન્સ ફોર્મેશન બનાવ્યું. હેડ કોન્સ્ટેબલ આશા કુમારીએ ૩ સાથીઓની સાથે બીમ ફોર્મેશન બનાવ્યું હતું.

આ વખતે ફ્લાઈ પાસ્ટ બે તબક્કામાં થયું હતું, જેમાં વાયુસેનાના ૪૧ એરક્રાફ્ટ અને આર્મી એવિએશન વિંગના ૪ હેલિકોપ્ટર સામેલ થયા. તેમાં ૧૬ ફાઈટર જેટ, ૧૦ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને ૧૯ હેલિકોપ્ટર હતા.

સૌથી પહેલા સેનાની એવિએશન વિંગના ૪ હેલિકોપ્ટરે ધ્રુવ ફોર્મેશનમાં ઉડાન ભરી હતી. ફ્લાઈ પાસ્ટના બીજા તબક્કામાં સૌથી પહેલા વાયુસેનાના ૩ એમકે-૫ ડબલ્યુએસઆઈ હેલિકોપ્ટરોએ વિક ફોર્મેશનમાં ઉડાન ભરી હતી.

૩ ચિનૂકે વિક ફોર્મેશન બનાવ્યુ, પછી ૩સી-૧૩૦ જે સુપર હરક્યુલિસ ફ્લાઈ પાસ્ટ કર્યું હતું. ૩ સુખોઈ-૩૦ એમકેઆઈ નેત્ર અને ૩સી-૧૭ ગ્લોબમાસ્ટરે ગ્લોબ ફોર્મેશનમાં ઉડાન ભરી. સિવાય ૫ જગુઆર, ૫ મિગ-૨૯એ ફ્લાઈ પાસ્ટ કર્યું. અંતમાં સુખોઈએ વર્ટિકલ ચાર્લી ફોર્મેશનમાં ઉડાન કર્યું હતું. ખોઈ-૩૦ ૯૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઉડાન ભરી હતી.

દિલ્હી ખાતે યોજાનાર ગણતંત્ર દિવસની ઉજવણીમાં રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજ્ય તરફથી રાણીની વાવ જલમંદિરનો ટેબ્લો દર્શાવવામાં આવ્યો હતો. ગુજરાતનું ગૌરવ ગણાતી રાણીની વાવને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળેલું છે. આ ટેબ્લો સાથે મોટી સંખ્યામાં કલાકારોએ ગુજરાતની ઝાંખી કરાવી હતી. આ ટેબ્લો જ્યારે આવ્યો ત્યારે પ્રેક્ષકોમાં બેઠેલા સ્મૃતિ ઈરાની અને અમિત શાહના પત્ની સોનલબેન શાહે ઉભા થઈને કલાકારોને પ્રોત્સાહન આપ્યું હતું. ગુજરાતનો ટેબ્લો આવ્યો ત્યારે સુપ્રસિદ્ધ ગરબો 'હું પાટણ શેરની નારી જાઉં જળ ભરવા' બેકગ્રાઉન્ડમાં વાગી રહ્યો હતો. જ્યારે કલાકારોએ સુંદર ગરબા સાથે પ્રસ્તૃત કર્યા હતાં. વર્ષોની પુરાતત્વ ખાતાની અથાગ મહેનત બાદ ઐતિહાસિક વારસાને લોકો સમક્ષ મુકાતા તેના શિલ્પ સ્થાપત્યને નિહાળી લોકો મંત્રમુગ્ધ બની ગયા હતા. નોંધનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ રૂ.ની નોટ પર રાણીની વાવને પણ કંડારવામાં આવી હતી.

શાંતિ દરેક પ્રશ્નોનો
પહેલા પાનાથી ચાલુ

દિવસ નિમિત્તે કાર્યક્રમના સમયમાં ફેરફાર કરીને સવારે ૧૧ વાગ્યાની જગ્યાએ સાંજે છ વાગ્યાનો રાખ્યો હતો. આ કાર્યક્રમ ૨૦૨૦ના આ નવા વર્ષમાં તેમનો પહેલો કાર્યક્રમ હતો.

મોદીએ મન કી બાત કાર્યક્રમનું સંબોધન કરતા કહ્યું કે સમય બદલાય છે, દિવસ બદલાય છે, વર્ષ બદલાય છે પણ ભારતના લોકોનો ઉત્સાહ અને ઉમંગમાં ક્યારેય ઘટાડો જોવા મળ્યો નથી, તે તો દિવસેને દિવસે વધી રહ્યો છે. તેમજ દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના પણ વધુને વધુ મજબૂત થઈ રહી છે.

વડાપ્રધાને કાર્યક્રમમાં કહ્યું કે મન કી બાત લર્નિંગ, શેરિંગનું સારું પ્લેટફોર્મ બની ગયું છે. મન કી બાત, શેરીંગ, લર્નિંગ અને ગ્રોઈંગ ટુગેધરનું એક સહજ પ્લેટફોર્મ બની ગયું છે. દર મહિને લોકો તેમના સૂચન શેર કરે છે. તેના પર અમને ચર્ચા અને કામ કરવાનો મોકો મળે છે.

તેમણે કહ્યું કે, આજે ગણતંત્રનાં દિવેસ મને ગગનયાન વિશે જણાવતા આનંદ થઈ રહ્યો છે. ૨૦૨૨માં આપણી આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તે અવસર પર આપણે ભારતવાસીઓને અંતરિક્ષમાં લઈ જવાનો સંકલ્પ પૂર્ણ કરવાનો રહેશે. આ મિશનમાં અંતરિક્ષ યાત્રી માટે ૪ યુવાઓની પસંદગી થઈ ગઈ છે. આ ચારેય વાયુસેનાનાં પાયલટ છે. આપણા આ ચારેય મિત્ર ટ્રેનિંગ માટે રશિયા જવાના છે. તેમને એક વર્ષથી વધારે સમય સુધી ટ્રેનિંગ આપવામાં આવશે.

ચીનમાં કોરો
પહેલા પાનાથી ચાલુ

તેમાં કોરોના વાયરસ જેવા લક્ષણ મળ્યા છે. આ મહિલા દર્દીને પટના મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ મોકલાઈ છે. જોકે રાહતની વાત એ છે કે દેશમાં હજુ સુધી કોઈ પણ પોઝિટિવ કેસ સામે આવ્યો નથી. ઉત્તરી અમેરિકામાં ૫ દર્દીઓમાં આ ઈન્ફેક્શન જોવા મળ્યું છે. રાજસ્થાનના સ્વાસ્થ્ય મંત્રી ડૉ. રઘુ શર્માએ સવાઈ માનસિંહ (એસએમએસ) મેડિકલ કૉલેજ પ્રશાસનને ચીનથી એમબીબીએસનો અભ્યાસ કરી પરત ફરેલા સ્ટુડન્ટના કોરોના વાયરસથી સંક્રમિત થવાની આશંકા પર તેમને તાત્કાલીક અલગ વોર્ડ (આઈસોલેશન)માં રાખવા તથા તેના પૂરા પરિવારની સ્કીનિંગ કરવાના નિર્દેશ આપ્યા છે. શર્માએ સંદિગ્ધ દર્દીના નમૂના તાત્કાલિક પુણે સ્થિત નેશનલ વાયરોલૉજી લેબ મોકલવાના નિર્દેશ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ચીનમાં કોરોના વાયરસથી મરનારાઓની સંખ્યા ૮૦ થઈ ગઈ છે. બીજી તરફ વાયરસથી સંક્રમિત થનારા લોકોની સંખ્યા ૨૩૦૦ પહોંચવાની આશંકા છે. હુબેઈ પ્રાંતની રાજધાની વુહાન ૧.૧ કરોડની વસ્તીવાળું શહેર છે અને સંક્રમણનું મુખ્ય કેન્દ્ર છે. હુબેઈના મેયરે રવિવારે જણાવ્યું હતું કે ૫૬ લોકોનાં મોત થયા છે અને ૧૯૭૫ લોકોમાં સંક્રમણની પુષ્ટિ થઈ છે. તેની સાથે શહેરમાં ૧૦૦૦ નવા દર્દી થવાની આશંકા છે. મેયર ઝોઉ શિયાંવાંગે જણાવ્યું કે, તેઓએ આ દાવો હૉસ્પિટલોમાં દર્દીઓનું પરીક્ષણ અને ઑબ્ઝર્વેશનમાં રાખેલા લોકોના આધારે કરવામાં આવ્યો છે.

નાગરિકતા કાયદા
પહેલા પાનાથી ચાલુ

રાજ્યોને કેન્દ્ર દ્વારા બોલાવવામાં આવેલી એનપીઆર બેઠકમાં ભાગ નહોતો લેવો જોઈતો.

તેમણે કહ્યું કે, ટીએમસી આનો સખત વિરોધ કરી રહી છે. અમે રાષ્ટ્રપતિ પાસે એક પ્રતિનિધિમંડળ પણ મોકલ્યું હતુ, જેમાં ૮ પાર્ટીઓએ અમારો સાથ આપ્યો હતો.

જો કે હજુ પણ વિરોધ કરનારી અનેક પાર્ટીઓ અમારી સાથે છે. મમતા બેનર્જીએ કહ્યું કે, સીએએ સંવિધાનની ભાવનાનાં વિરોધમાં છે. લોકશાહીની ભાવનાની વિરુદ્ધ છે. આ સંપૂર્ણ રીતે લોકોનો નિર્ણય છે. સીપીએમ અને કૉંગ્રેસે પણ આ લડાઈમાં સાથે આવવું જોઈએ. મમતા બેનર્જીએ કહ્યું કે, અમે સૌથી પહેલા અવાજ ઉઠાવ્યો. ગત વર્ષે સપ્ટેમ્બરમાં બંગાળ વિધાનસભામાં સૌથી પહેલા એનઆરસી પર ચર્ચા કરવામાં આવી. મમતા બેનર્જીએ કહ્યું કે, દેશભરમાં અસહિષ્ણુતા અને નફરત ફેલાવવાનો માહોલ છે. અમે એ લોકોનું સમર્થન ના કરી શકીએ જેઓ દેશને વિભાજિત કરવા ઈચ્છે છે. નોંધપાત્ર વાત એ છે કે સંસદના બંને ગૃહોમાં નાગરિકતા સુધારો કાયદો પસાર કરવામાં આવ્યો છે. તે પછી રાષ્ટ્રપતિએ પણ તેના પર મહોર લગાવાયા છે. ત્યારબાદથી તે સતત તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. નાગરિકત્વ કાયદામાં પડોશી દેશો અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી રેફ્યુજી તરીકે ભારતમાં આવીને ૨૦૦૪ પહેલા વસેલા ધાર્મિક લઘુમતી હિંદુઓ, શીખ, ખ્રિસ્તીઓ અને પારસીઓને નાગરિકત્વ આપવાની જોગવાઈ છે, જ્યારે મુસ્લિમોને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

વાહનમાં પાછળ
પહેલા પાનાથી ચાલુ

ફરજીયાત પહેરવું પડશે પરંતુ સાથે સાથે પાછળ બેઠેલી વ્યક્તિએ પણ ફરજીયાત પણ હેલમેટ પહેરવું પડશે. જેથી હવે એક હેલમેટ ક્યાં સાચવવું તેવો કકળાટ કરનારા બે હેલમેટ લઈને ફરવું પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ વાહન વ્યવહાર મંત્રી આસરી ફળદુએ મૌખીક રીતે શહેરી વિસ્તારમાં હેલમેટ મરજીયાત કર્યું હતું.

રાજ્યમાં ઓનલાઈન છેતરપિંડીનો સૌથી મોટો કિસ્સો...

HDFC ઓફિસના અધિકારીની ઓળખ આપી યુવકે વેપારી સાથે ૧૧ કરોડની ઠગાઈ કરી

અમદાવાદ

આજકાલ રાજ્યમાં ઓનલાઈન છેતરપીંડીના કેસો કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. ત્યારે ઓનલાઈન છેતરપિંડીનો ગુજરાતમાં સૌથી મોટો કિસ્સો સામે આવ્યો છે. ઓનલાઈન છેતરપિંડીનો સૌથી મોટો કિસ્સો ગુજરાતમાં નોંધાતા અફડાતફડીનો માહોલ સર્જાયો છે. અમદાવાદના સેટેલાઈટના વેપારી સાથે રૂપિયા ૧૧ કરોડની ઓનલાઈન છેતરપિંડીનો કેસ નોંધાયો છે. આ ઘટનામાં સેટેલાઈટના વેપારીને જુદી જુદી પોલીસીમાં રોકાણની લાલચ આપી છેતરપિંડી આચર્યું હોવાની વાત સામે આવી રહી છે.

આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, ઓનલાઈન છેતરપિંડીનો ગુજરાતમાં સૌથી મોટો કિસ્સોમાં અમદાવાદના સેટેલાઈટના વેપારીને જુદી જુદી પોલિસીમાં રોકાણની લાલચ આપી છેતરપિંડી આચર્યું હોવાની વાત સામે આવી રહી છે. ફોડ કરનારે એચડીએફસી ઓફિસના અધિકારીની ઓળખ આપી સેટેલાઈટના વેપારીને છેતર્યો હતો. અલગ – અલગ ડિપાર્ટમેન્ટના ખોટા લેટર બનાવીને સેટેલાઈટના વેપારીને મોકલીને તેની સાથે છેતરપિંડી આચરી હતી. વેપારીને છેતરવા માટે જુદા – જુદા અધિકારીઓની સહી – સિક્કાનો ઉપયોગ કર્યો છે. આ ઘટના સામે આવ્યા બાદ વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

૧૦ મહિનામાં ૨.૮૯ લાખ લોકોએ મુસાફરી કરી

૨૫ની સ્પીડે દોડતી મેટ્રો ટ્રેનનો ૮૦થી ૯૦ કિમીની ઝડપે દોડાવવા ટ્રાયલ

અમદાવાદ

વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક સુધી હાલ ચાલતી મેટ્રો ૨૫થી ૩૦ની સ્પીડે બાબાગાડીની જેમ દોડી રહી છે. મેટ્રોની સ્પીડ વધારી શકાય તે માટે ધી રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશનના અધિકારીએ મેટ્રોને કલાકના ૮૦થી ૯૦ કિલોમીટરની ઝડપે દોડાવી ટ્રાયલ ચલાવી રહ્યા છે. આરડીએસઓના અધિકારીઓ સ્પીડ વધારવાની મંજૂરી આપશે ત્યાર બાદ કમિશનર ઓફ રેલવે સેફ્ટી મેટ્રોની સ્પીડ ચકાસણી કરશે અને તેમનું પ્રમાણપત્ર મળ્યા બાદ ૮૦થી ૯૦ કિલોમીટરની ઝડપે દોડાવી શકાશે. માર્ચ ૨૦૧૯થી શરૂ કરાયેલી મેટ્રો ટ્રેનમાં ડિસેમ્બર સુધી ૨૮૯૯૦૨ લાખ લોકોએ મુસાફરી કરી છે. જેથી તંત્રને ૨૮.૪૭ લાખની આવક થઈ છે.

શહેરમાં માર્ચ ૨૦૧૯માં મેટ્રો ટ્રેનનું સંચાલન ઉતાવળે શરૂ કરાયું હતું. ત્યારે વસ્ત્રાલ ગામ, એપેરલ પાર્કસ્ટેશન શરૂ કરાયા હતા. મેટ્રો શરૂ થયાના ૬ મહિના બાદ નિરાંત ચોકડી અને અમરાઈવાડી સ્ટેશન શરૂ કરાયા હતા, પરંતુ વસ્ત્રાલ અને રબારી કોલોની સ્ટેશન મેટ્રો શરૂ થયાના ૧૦ મહિના બાદ પણ શરૂ થયા નથી. આ બન્ને સ્ટેશન પર ચાલતી કામગીરી એપ્રિલ સુધીમાં પૂર્ણ થયા બાદ સીઆરએસ સર્ટિફિકેટ મળતા મે કે જૂનમાં લોકો માટે ખૂલ્લા મુકાય તેવી શક્યતા છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ઝડપથી વસ્ત્રાલ ગામ, એપેરલ પાર્ક સ્ટેશન તૈયાર કરી વડાપ્રધાન મોદીએ ઉદ્ઘાટન કર્યા બાદ બંને સ્ટેશન વચ્ચે મેટ્રો શરૂ કરી દેવાઈ છે.

મેટ્રોના તમામ સ્ટેશન પર પેસેન્જરોની સુરક્ષાને ધ્યાનમાં રાખી પ્લેટફોર્મ સ્ક્રીન ડોર લગાવવાના હતા. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને હવે આ પ્લેટફોર્મ સ્ક્રીન ડોર લગાવવાની કામગીરી શરૂ કરાઈ છે. હાલ વસ્ત્રાલ ગામ સ્ટેશન ખાતે ડાઉન પ્લેટફોર્મ પર આ કામગીરી ચાલુ છે અને હાલ ટ્રાયલ ચાલુ છે. આ ડોર મેટ્રો ટ્રેન આવે ત્યારે ખૂલશે.

અજાણ્યા વાહને ટક્કર મારતા કારનાં ફૂરચેફૂરચા ઉડ્યા, ૩ યુવકોનાં મોત

પંચમહાલ

પંચમહાલના હાલોલ-વડોદરા હાઈવે પર દાવડા ગામના પાટીયા પાસે અજાણ્યા વાહને કારને જોરદાર ટક્કર મારતાં કારમાં સવાર ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજયા હતા, જયારે બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. યુવકોને તાત્કાલિક સારવાર અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારબાદ બંનેને વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ વડોદરા હાઈવે પર ટોલ પ્લાઝા પાસે એક કારને અકસ્માત નડ્યો હતો. કાર હાઈવે પર જઈ રહી હતી ત્યારે અચાનક કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતાં ફૂલ સ્પીડમાં કાર પલટી મારી ગઈ હતી. જેમાં કારમાં સવાર ત્રણ લોકોનાં ઘટનાસ્થળ પર જ મોત નિપજયા હતા. ઘટનાની જાણ કરવામાં આવતા તુરંત ૧૦૮ની ટીમ અને પોલીસ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી, અકસ્માત એટલો ગંભીર હતો કે, પુરી કારના ફૂરચેફૂરચા ઉડી ગયા હતા. પોલીસ દ્વારા પ્રાથમિક તપાસમાં જાણવા મળે છે કે, તમામ મૃતક હાલોલના રહેવાસી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને અકસ્માત કેવી રીતે થયો તે અંગે તપાસ શરૂ કરી છે.

માવઠાની આગાહી વચ્ચે રાજ્યમાં વાતાવરણમાં પલટો, ધુમ્મસને કારણે લો વિઝિબિલિટી

રાજકોટ

હવામાન વિભાગ દ્વારા સાયક્લોનિક સર્ક્યુલેશનનાં કારણે કમોસમી વરસાદની આગાહી કરી હતી. તેવામાં આગાહી સાચી ઠરતાં ગુજરાતનાં અમુક ભાગોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. બનાસકાંઠા અને સાબરકાંઠા તેમજ રાજકોટ સહિતનાં જિલ્લાઓનાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. તો તેને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે.

સાબરકાંઠા જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. વહેલી સવારથી સમગ્ર જિલ્લામાં વાદળછાયું વાતાવરણ છે. વાદળછાયા વાતાવરણથી માવઠું થવાની શક્યતા રહેલી છે. જો માવઠું થાય તો જગતનો તાત મુશ્કેલીમાં મુકાય શકે છે. કેમ કે, કમોસમી વરસાદથી ઘઉં, બટાકા, જીરૂ, વરિયાળી સહિતનાં પાકને નુકસાન થવાની ભીતિ રહેલી છે.

તો બનાસકાંઠામાં પણ વાતાવરણમાં પલટો આવ્યો છે. થરાદ સહિતના વિસ્તારમાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ છે. કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટાથી ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. જીરું સહિતના પાકને નુકસાનની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે. તો પાટણ જિલ્લામાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. સવારથી આકાશમાં વાદળો ઘેરાયા છે. વાતાવરણમાં પલટાથી ખેડૂતોને પાકમાં રોગચાળો ફેલાવવાની ચિંતા છે.

તો અમદાવાદ અને રાજકોટ જેવા શહેરોનાં વાતાવરણમાં પણ વહેલી સવારથી પલટો જોવા મળી રહ્યો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વાતાવરણમાં ધુમ્મસ છવાયેલી જોવા મળી હતી. ધુમ્મસના કારણે લો વિઝિબિલિટીનું નિર્માણ થતાં વાહન ચાલકો પરેશાન થઈ ઉઠ્યા હતા. સવારે વાહનોની લાઈટ ચાલુ રાખી વાહન ધીમે હંકારવા રાજકોટવાસીઓને અપીલ કરવામાં આવી હતી.

કળિયુગી કાકાએ ૧૧ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરતા ખળભળાટ

અરવલ્લી

અરવલ્લીના ધનસુરા તાલુકાના ખોખરના મુવાડા ગામે ૧૧ વર્ષીય બાળકીને ઘર આગળથી ઉપાડી જઈ કૌટુંબિક શખ્સે પોતાના ઘરમાં લઈ જઈ દુષ્કર્મ કરતાં રમાણા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. રમાણા પંથકમાં આવેલ ખોખરના મુવાડા ગામે રહેતો એક પરિવાર ખેત મજૂરી કરી ગુજરાન ચલાવે છે. પરિવારમાં બે સંતાન હોઈ જે બંને પોતાના દાદીમા સાથે ગામે રહે છે. જયારે આ બંને સંતાનના માતા પિતા ખેત મજૂરી માટે બહારગામ રહે છે. તા. ૨૪ના રોજ સાંજના સુમારે ૧૧ વર્ષીય બાળકી ઘર આગળ વાસીદાનું કામ કરતી હતી ત્યારે સામે રહેતાં કાળા સબુર ખાંટે બાળકીને પાછળથી ઉંચકી લઈ મોં દબાવી પોતાના ઘરમાં લઈ ગયો હતો. અને બાળકીને નિર્વસ્ત્ર કરી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. અને બાળકીનાં શરીર પર નખ મારી ઈજાઓ પણ પહોંચાડી હતી.

બાળકીની બૂમો સાંભળી દાદી બહાર આવી ગયા હતા. અને તેઓએ બધાના બધે કર્યા હતા. જે બાદ ઘરમાંથી બાળકીનો અવાજ આવતાં લોકો ત્યાં દોડી ગયા હતા. અને દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે નરાધમ કાકાએ બાળકીને મારી નાખવાની ધમકી આપી હતી. પણ લોકોને જોઈ તેણે બાળકીને નગ્ન હાલતમાં જ પાછળના દરવાજેથી ધકેલી દીધી હતી. જે બાદ સામે રહેતાં પાડોશીએ બાળકીને કપડાં પહેરાવ્યા હતા. આ મામલે પોલીસે પોક્સો એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સિક્યુરીટી ગાર્ડની નોકરી કરતા વૃદ્ધનું ઠંડીમાં ઠુઠવાતા મોત

રાજકોટ

રાજકોટ શહેરના સાધુવાસવાણી રોડ પર યોગેશ્વર ફ્લેટમાં રહેતા અને મૂળ ગોંડલના વૃધ્ધ મોલમાં સીકયોરીટી ગાર્ડમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતાં. ઘરેથી નીકળ્યા બાદ મળી ન આવતા પરિવાર શોધખોળ કરતાં હતા ત્યારે તેમની વાસવાણી રોડ પર બગીચાનાં બાકડે લાશ મળી આવતા પરિવારમાં અરેરાટી મચી ગઈ છે. વૃદ્ધનું મોત ઠંડીથી ઠુઠવાઈ જવાથી થયાનું પોલીસને આશંકા છે.

વૃદ્ધ પાસેથી મળેલા મોબાઈલમાંથી પરિવારને સંપર્ક કરાયો હતો. મૃત્યુ પામનાર વૃધ્ધ દિલીપસિંહ છનુભા સરવૈયા (ઉ.વ.૬૫) (રહે.સાધુવાસવાણી રોડ ગોંડલ), હોવાનું ખુલ્યું હતું. મૃતકને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. તેઓ કેટલાક સમયથી મોલમાં સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતાં. ગઈકાલે ઘરેથી નીકળ્યા બાદ મળી ન આવતા પરિવાર શોધખોળ કરતાં હતા દિલીપસિંહનું ઠંડીથી ઠુંઠવાઈ જતાં મોત નિપજયાનું પોલીસને જાણવા મળ્યું હતું. આ અંગે યુનિવર્સિટી પોલીસે તપાસ આદરી છે. તેમજ વૃધ્ધનું મોપેડ પણ બગીચાની આસપાસથી મળી ન આવતા તે દિશામાં તપાસ શરૂ કરી છે.

કુચાવાડા ચેકપોઈન્ટ પર બે આરટીઓ અધિકારી સહિત ત્રણ લાંચ લેતા ઝડપાયા

અમદાવાદ

ચેકપોસ્ટ નાબૂદ થયા બાદ આરટીઓ પર થયેલી પહેલી ટ્રેપમાં કુચાવાડા ચેકપોઈન્ટ પર બે આરટીઓ અધિકારી સહિત ત્રણને એસીબીએ લાંચ લેતા ઝડપી પાડ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, આરટીઓ ચેકપોસ્ટ અને પોલીસ ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચાર થતો હોવાથી ચેકપોસ્ટ બંધ કરવાનો નિર્ણય કરાયો હતો.

આરટીઓ ચેકપોસ્ટ અને પોલીસ ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચાર થતો હોવાથી ચેકપોસ્ટ બંધ કરવાનો નિર્ણય કરાયો હતો અને ૨૦ નવેમ્બર ૨૦૧૯થી ગુજરાતની તમામ ૧૬ ચેકપોસ્ટને બંધ કરી દેવામાં આવી હતી. જોકે, કુચાવાડા ચેકપોઈન્ટ પર રૂપિયા લેવામાં આવતા હોવાની રાવ ઉઠી હતી. દરમિયાન બનાસકાંઠાની કુચાવાડા ચેકપોઈન્ટ પર એસીબીએ પહેલી ટ્રેપ ગોઠવી હતી. જેમાં બે આરટીઓ અધિકારી એન.ડી ટંડેલ, યુ.કે પટેલ અને એક ડ્રાઈવરને ૩૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, આરટીઓ ચેકપોસ્ટ અને પોલીસ ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચાર થતો હોવાથી ચેકપોસ્ટ બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. જોકે, ચેકપોસ્ટ નાબૂદ થવા છતા આરટીઓ વિભાગમાં ભ્રષ્ટાચાર યથાવત હોવાનું લાગી રહ્યું છે.

પ્રેમિકા સાથે લગ્ન ન થતા અંગત ફોટા વાયરલ કરનાર પ્રેમીની ધરપકડ

અમદાવાદ

અમદાવાદનાં શાહીબાગમાં રહેતી એક યુવતીને તેના વિસ્તારમાં જ રહેતા એક યુવક સાથે પ્રેમ પાંગર્યો હતો. બન્ને વચ્ચે પાંચ વર્ષ સુધી પ્રેમ સંબંધમાં રહ્યા હતા. પાંચ વર્ષ સુધી બન્ને પ્રેમીપંખીડા અલગ અલગ હોટલમાં મળતા રહ્યા હતા અને પ્રેમી યુવતી સાથે શારીરીક સંબંધો બાંધતો હતો. પરંતુ થોડાક દિવસો અગાઉ યુવતીની અન્ય યુવક સાથે સગાઈ થઈ ગઈ હતી, જે પ્રેમી સહન કરી શક્યો નહોતો અને તેણે યુવતીને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું.

પ્રેમીએ યુવતીની સાથે માણેલી અંગત પળની ક્ષણો મોબાઈલમાં કેદ કરી હતી. જેનો ફાયદો ઉઠાવીને તેણે યુવતીને સોશિયલ મીડિયામાં ફોટો વાયરલ કરનારની ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીએ યુવતીના ભાઈને મારી નાખવાની પણ ધમકી આપી હતી.

યુવકનો ઝાડ પર લટકતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી

અમદાવાદ

વધુ એક વખત ઝાડ પર લટકતી લાશ મળી આવતા પોલીસ હરકતમાં આવી છે. શહેરના સોલા વિસ્તારમાં નિર્માણ પામી રહેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોની સામે જાહેર રોડ પાસે આવેલા ઝાડ પર લટકતી હાલતમાં એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે.

સોલા પોલીસે આ અંગે તપાસ હાથ ધરતા મૃતક યુવક સિતારામ હેમરોમ નામનો ૧૯ વર્ષિય યુવકનો મૃતદેહ હતો. જે ૩ મહિના પહેલા ઝારખંડના બોયા ગામથી મજુરી માટે અમદાવાદ આવ્યો હતો. જોકે વહેલી સવારે જાહેર માર્ગ પાસે ઝાડ પર લટકતો મૃતદેહ મળી આવતા પોલીસે આશંકાઓ વચ્ચે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેર ઝોન ૧ ડીસીપી પ્રવિણ મલ ઘટના સ્થળે પહોચ્યા હતા તેમને જણાવ્યુ હતું કે, ઝાડ પર લટકતી હાલતમાં લાશ મળી આવી છે. મૃતક સિતારામ હેમરોમ ઝારખંડનો વતની છે અને અહી કામ કરવા આવ્યો હતો. પ્રાથમીક તપાસમાં આત્મહત્યા જણાય છે. વધુ તપાસ માટે લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી છે.

ઝાડ પર મૃતદેહની માહિતી મળતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોચી ગયા હતા. જો કે સિતારામે આત્મહત્યા કરી છે કે તેની હત્યા નિપજાવવામાં આવી છે તે અંગે કોઈ સ્પષ્ટતા ન થતા પોલીસે એફએસએલની મદદ લઈ પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે જોવુ એ રહ્યુ કે, મૃતદેહના પોસ્ટ મોર્ટમ બાદ શુ હકિકત સામે આવે છે અને પોલીસ તપાસમાં શુ નવા ખુલાસા થાય છે.

કાર ચાલક સાથે ઉદ્ધત વર્તન કરનાર જીઆરડી જવાન સસ્પેન્ડ

રાજકોટ

રાજકોટ શહેરમાં રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેના કારણે રાજકોટ શહેર ઉપરાંત અન્ય જિલ્લાઓની પોલીસ પણ બંદોબસ્ત માટે મંગાવવામાં આવી હતી. કુલ ૧૩૦૦ પોલીસ જવાનોનો સ્ટાફ પ્રજાસત્તાક પર્વની ઉજવણી સારી રીતે થઈ શકે તે માટે તહેનાત રાખવામાં આવ્યો હતો. આ સમયે રાજકોટના કે. કે. વી સર્કલ પાસે આમ નાગરિક સાથે પોલીસ જવાન ઉદ્ધત વર્તન કરતો હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. સમગ્ર મામલે ભોગ બનનાર કારચાલકે પોલીસ જવાનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વહેતો કરતા આ વીડિયો રાજકોટ શહેર પોલીસ પાસે પહોંચ્યો હતો.

વાયરલ વીડિયો મામલે રાજકોટ શહેર પોલીસ દ્વારા તપાસ કરતા વીડિયોમાં કાર ચાલક સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરનાર રાજકોટ ગ્રામ્ય પોલીસનો લોક રક્ષક દળનો જવાન દેવજીભાઈ મેઘજીભાઈ સોલંકી હોવાનું સામે આવ્યું છે. દેવજીભાઈ રાજકોટ રૂરલના મવડી હેડ કવાર્ટર ખાતે મેઈન ગેટ પર ફરજ બજાવે છે. દેવજીભાઈ સામે અભદ્ર વર્તન માટે રાજકોટ સીટી પોલીસ દ્વારા કાયદેસર કાર્યવાહી કરતા તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. કાર ચાલકે જણાવ્યું હતું કે, રાજકોટના કે.કે.વી સર્કલ પાસે પોલીસે ડાબી બાજુ વળવા માટે કેટલાક પોલ ઊભા કર્યા છે. જેથી ડાબી બાજુ વળવા માંગતા વાહનચાલકો કોઈપણ જાતની અડચણ વગર ડાબી બાજુ વળી શકે. ત્યારે કે. કે. વી હોલ ચોક નજીક રોંગ સાઈડમાંથી બાઈક કાઢવા બાબતે પોલીસ જવાને મારી સાથે માથાકૂટ કરી હતી."

વિશાળકાય ક્રેઈને એક્ટિવા ચાલક યુવકને અડફેટે લેતા મોત નીપજ્યું

અમદાવાદ

અમદાવાદમાં તેજ ગતિથી આવતા એક ક્રેઈને એક યુવકનો ભોગ લીધો હતો. અમદાવાદના બોપલ શીલા રિંગરોડ પર રવિવારે બપોરે આ દુર્ઘટના ઘટી હતી. ક્રેઈને એક્ટિવા ચાલક યુવકને અડફેટે લીધો હતો, જેમાં એક્ટિવા ચાલક રસ્તા પર પડી ગયો હતો અને ક્રેઈનના ભારેભરખમ ટાયર આ યુવાન પરથી પસાર થયા હતા.

ક્રેઈન ચાલકે અકસ્માત બાદ ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સ્થાનિક ચાની કીટલી ચલાવતા દશરથજીએ ક્લીનરને પકડી પાડ્યો હતો. લોકોના ટોળા ઉમટી પડતા તેનો લાભ લઈને ક્લીનર પણ ફરાર થયો હતો. ત્યારબાદ પોલીસને જાણ કરી હતી. પોલીસે આ ઘટનાસ્થળ પર આવીને કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં ઘટનામાં ભોગ બનનાર વેજલપુરના શ્રીનન્દ નગરમાં રહેતો હોવાનું સામે આવ્યું હતું. રાહુલ પંચાલ બોપલમાં આવેલી તેની દુકાન પાર જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી.આ ઘટનામાં હેલ્મેટ પહેર્યું હોવા છતાં પણ આ યુવાનનો જીવ બચી શક્યો ન હતો. આ ઘટનાથી ભોગ બનનાર રાહુલના પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરિવારને આર્થિક સહાય કરવા માટે દુકાન ચલાવનાર રાહુલના મોતના લીધે અને આ અકસ્માતના લીધે લોકોમાં પણ ટ્રક ડ્રાયવર સામે રોષ દેખાય રહ્યો હતો.

ઈડર પાલીકા ભ્રષ્ટાચારને લઈને વિવાદમાં... ઓડિયો વાઈરલ થતા કોંગ્રેસે હોબાળો મચાવ્યો

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના ઈડર શહેરની પાલીકા ભ્રષ્ટાચારને લઈને વિવાદમાં આવી છે. કોન્ટ્રાકટર પાસે પાલીકાના ચિફ ઓફીસરે લાંચ માંગી હોવાનો આક્ષેપ કરાતા આ મામલો હવે વિવાદે ચઢ્યો છે, તો વિપક્ષે પણ રેલી યોજીને વિરોધ નોંધાવ્યો છે. એક તરફ રાજય સરકાર ભ્રષ્ટાચારને લઈને નિવેદનો કરી રહી છે, તો બીજી તરફ ભાજપ શાસિત પાલીકામાં જ અધીકારીઓ બીન્દાન્સ લાંચ માંગી રહ્યા હોવાનો આક્ષેપ કોન્ટ્રાકટરે કર્યો છે. કોન્ટ્રાકટરે પાલીકાના અધીકારી સાથે થયેલી વાત ચીતનો વિડીયો વાયરલ કરી દેતા અને એફીડેવીટ કરીને મુખ્યપ્રધાનને મોકલી આપવાને લઈને વિવાદે જોર પકડ્યુ છે. વિપક્ષને પણ જાણે કે આ વિવાદને લઈને ભ્રષ્ટાચારને મુદ્દે પાલીકાને ઘેરવા માટે મુદ્દો મળી ગયો છે. ઈડર શહેરમાં સ્થાનિક લોકો સાથે મળીને વિપક્ષે વિરોધ રજુ કરવા માટે રેલીયોજી હતી. નાયબ કલેકટર પહોંચી ભ્રષ્ટાચારની તપાસ સામે આવેદન પત્ર આપ્યુ હતુ. ઓનલાઈન ના બદલે ઓફલાઈન દ્વારા ટેન્ડર બહાર પાડીને એક કરોડના વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર આચરવામા આવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. ભ્રષ્ટાચારને લઈને ઓડીયો ક્લીપ વાયરલ થવાને લઈને ઈડર શહેરમાં પણ પાલીકાના ભ્રષ્ટાચારને લઈને ચર્ચાનો વિષય બન્યો છે. બીજી તરફ વિપક્ષને મુદ્દો મળી આવ્યો છે. પાલીકા દ્વારા ઈડર શહેરના રાણી તળાવના બ્યુટીફિકેશનના અપાયેલા કામને લઈને કોન્ટ્રાકટરની પાસે લાંચ માંગી હતી અને જે ફોન દ્વારા માંગવામા આવતા કોન્ટ્રાકટરે વાતને ફોનમાં રેકોર્ડ કરી લીધી હતી અને બાદમાં આ વાત ચીતના આધારે એફીડેવીટ કરીને મુખ્યપ્રધાનને લઈને આ અંગે જાણ કરવામાં આવી હતી અને પગલા ભરવા માટે માંગ કરવામાં આવી હતી. જોકે ઘટના બાદ હવે પાલીકામાં પણ જાણે કે તંત્ર સુસમસામ ભાસવા લાગ્યુ છે અને લોકો થી અધીકારીઓ અને પદાદીકારીઓ પણ દુર ભાગવા લાગ્યા હોય એમ ચેમ્બરોને પણ તાળા જ મારેલા જોવા મળતા હતા.

બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત

ઉત્કૃષ્ટ આઈઈસી કામગીરી કરવા બદલ જીલ્લા વિકાસ અધિકારી સહીત ટીમને સન્માનિત કરાઈ



મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જીલ્લા વિકાસ અધિકારી અરૂણ મહેશ બાબુ સહીત બીબીબીપી ટીમને પ્રશસ્તિપત્ર અને મોમેન્ટો આપીને સન્માન કર્યું

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

દીકરીઓની ઘટતી જતી સંખ્યા ચિંતાનો વિષય બન્યો છે અને ભારત સરકાર રાજ્ય સરકાર સહિત અનેક સંસ્થાઓ દ્વારા પણ દીકરીઓને બચાવવા માટે જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે ત્યારે બેટી બચાવો બેટી પઢાવો અભિયાન અંતર્ગત વર્ષભર અનેક જન જાગૃતિના કાર્યક્રમ જીલ્લા વિકાસ અધિકારી અરૂણ મહેશ બાબુ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો શિલ્પા યાદવ, બેટી બચાવો બેટી પઢાવો અભિયાન નોડલ ઓફિસર તથા જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ, દર્શના પટેલ, શીરાલી પટેલ સહીતની બેટી બચાવો બેટી પઢાવો ટીમ દ્વારા કરવામાં આવ્યા હતા. બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત ઉત્કૃષ્ટ આઈઈસી કામગીરી કરવા બદલ જીલ્લા વિકાસ અધિકારી સહીત ટીમને સન્માનિત કરાઈ હતી. મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે પ્રશસ્તિપત્ર અને મોમેન્ટો આપી ને જીલ્લા વિકાસ અધિકારી અરૂણ મહેશ બાબુ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો શિલ્પા યાદવ, બેટી બચાવો બેટી પઢાવો અભિયાન નોડલ ઓફિસર તથા જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ, દર્શના પટેલ, શીરાલી પટેલ સહીત બીબીબીપી ટીમનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ ટેબ્લો એ તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. નરેન્દ્રસિંહ રાઠોડ ને અનેક લોકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જીલ્લા કક્ષાના ૭૧ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો કાર્યક્રમ બાવળા મુકામે યોજાયો હતો. જેમાં ગુજરાત રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ, ધારાસભ્ય કનુભાઈ પટેલ ,પૂર્વ ધારાસભ્ય કાંતિભાઈ લકુમ, જિલ્લા પંચાયતના પ્રમુખ જીતેન્દ્રસિંહ ચૌહાણ અને આગેવાનો હાજર રહ્યા હતા.

પંચમહાલ જિલ્લામાં ૭૧ માં પ્રજાસત્તાક દિનની ગોધરા ખાતે ઉમંગભેર થયેલી ભવ્ય ઉજવણી

નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રીશ્રી યોગેશભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન થયુ





નગરજનોએ પરેડ, માર્ચપાસ્ટ, બાઈક શો - ડોગશો સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો ઉત્સાહભેર માણ્યા

૭૧માં પ્રજાસત્તાક દિન નિમિત્તે પંચમહાલ જિલ્લામાં ગોધરાના પોલિસ પરેડ ગ્રાઉન્ડ ખાતે નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રીશ્રી યોગેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ ગણતંત્ર દિવસની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીની હાજરીમાં ભારતની આન, બાન, શાનના પ્રતીક એવો રાષ્ટ્રધ્વજ ફરકાવી, સલામી આપી ધ્વજવંદન કરાવ્યું હતું.

પ્રજાસત્તાક દિને ઉપસ્થિત પ્રજાજનોને શુભેચ્છાઓ પાઠવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધી બાપુના સ્વપ્ન અનુસાર ગરીબ અને નબળા વર્ગના લોકોને વિકાસયાત્રામાં સાથે લઈને ચાલવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચાલુ કરેલ ઉજ્જવળ પરંપરા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આગળ વધારી છે. ગુજરાતની વિકાસયાત્રાનો ચિતાર આપતા તેમણે જણાવ્યું હતું કે જનહિતલક્ષી નિર્ણયો અને તેના નક્કર અમલીકરણથી પ્રત્યેક વ્યક્તિને પ્રતિતી થઈ રહી છે કે સરકાર તેમની પડખે છે. ખેડૂતો, યુવાનો, વંચિતો, વનબંધુઓ, મહિલાઓ સહિત દરેક વર્ગના લોકો માટે સરકારે દ્રઢતાપૂર્વક સંવેદનશીલ નિર્ણયો લઈને પ્રગતિશીલતાનો પંથ કંડાર્યો છે. કમોસમી વરસાદની સ્થિતમાં ખેડૂતો માટે જાહેર કરેલ રાહત પેકેજ, જળસંચય માટે થયેલ કામગીરી, આરોગ્ય ક્ષેત્રની મા અમૃતમ- મા વાત્સલ્ય યોજના, દરેક ઘરને નળજોડાણની ગેરંટી આપતી નળ સે જળ યોજન, હાઉસિંગ ફોર ઓલ યોજના, રોજગાર ભરતી મેળાઓ, ગરીબ કલ્યાણ મેળાઓ સહિતની પહેલોએ પ્રજાજનોને સુશાસનની પ્રતિતી કરાવી હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દેશની એકતા-અખંડિતતા તેમજ નાગરિકોની સુરક્ષા અને સમૃધ્ધિ સુનિશ્ચિત કરવી સરકારની પ્રથમ પ્રાથમિકતા છે.

સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત ૧.૫૩ કરોડ જેટલા નાગરિકોને ૫૩થી વધુ સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરકારે અસરકારક વહીવટ અને ભષ્ટ્રાચાર પર લગામ કસીને પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર પાયા પર પરિણામલક્ષી પગલા લીધા છે.

આ વિકાસયાત્રામાં પંચમહાલ જિલ્લો પણ કદમથી કદમ મિલાવી રહ્યો છે તેમ જણાવતા જિલ્લામાં થયેલા વિકાસકાર્યોની રૂપરેખા આપી હતી. ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ જિલ્લામાં ૨૪,૬૮૦ નિરાધાર વિધવા બહેનોને સહાય આપવા થયેલી કામગીરીના વિશેષ ઉલ્લેખ સાથે મંત્રીશ્રીએ સરાહના કરી હતી. આ ઉપરાંત, બેટી બચાવો બેટી પઢાવો તથા ફીટ ઈન્ડિયાની થીમ પર યોજાયેલ પંચમહોત્સવ-૨૦૧૯નું આયોજન લોકોને મનોરંજન સાથે ઉપયોગી સંદેશ આપવામાં સફળ રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ અગાઉ મંત્રીશ્રી યોગેશભાઈ પટેલે ધ્વજવંદન બાદ પરેડનું નિરીક્ષણ કરી સલામી ઝીલી હતી. જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપતા ૧૬ જેટલા ટેબ્લોનું મંત્રીશ્રીએ નિરીક્ષણ કર્યું હતું, જેને ઉપસ્થિત મહાનુભાવો સહિત પ્રજાજનોએ પણ ભારે રસપૂર્વક નિહાળ્યું હતું.

આ પ્રસંગે જિલ્લાની ૧૨ પ્લાટુનના ૨૪૪ જવાનોની પરેડ કમાન્ડર પ્રોબેશનરી ડિ.વાય.એસ.પી. સુશ્રી હિમાલા જોષીના નેતૃત્વ હેઠળ શાનદાર પરેડ યોજાઈ હતી. પોલિસ બેન્ડની સુમધુર સુરાવલીઓ સાથે તાલ મિલાવતી પ્રભાવશાળી માર્ચ પાસ્ટને ઉપસ્થિત પ્રજાજનોએ હર્ષનાદથી વધાવી લીધી હતી. આ પ્રસંગે જિલ્લાની ૮ શાળાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓએ દેશભક્તિ નૃત્યો, આદિવાસી નૃત્યો, લેઝિમ ડાન્સ સહિતના રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની મનમોહક પ્રસ્તુતિ કરી સૌના દિલ જીતી લીધા હતા. ઉપરાંત, પોલિસ જવાનો દ્વારા યોજાયેલ ડોગ-શો અને બાઈકસવારોના અદભુત સ્ટંટે લોકોને રોમાંચિત કર્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાને ગોધરા તાલુકાના વિકાસ હેતુ રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. તેમણે શ્રેષ્ઠ કામગીરી બદલ જિલ્લાના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન દાખવનારા રમતવીરો અને તેજસ્વી વિદ્યાર્થીઓ સહિત કુલ ૩૦ વ્યક્તિઓને પ્રશસ્તિપત્રો એનાયત કર્યા હતા. આ ઉપરાંત, ટેબ્લો નિદર્શનમાં પ્રથમ ક્રમે રહેલા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દ્વિતીય ક્રમે રહેલ પ્રાયોજના વહીવટદાર કચેરી, અને તૃતીય ક્રમે રહેલ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણાધિકારી કચેરીને તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિમાં પ્રથમ ક્રમે રહેલ આચાર્ય નરેન્દ્ર દેવ ગર્લ્સ હાઈસ્કૂલ, દ્વિતીય ક્રમે રહેલ કે.જી.બી.વી. ચંચોપા અને તૃતીય ક્રમે આવનાર ગોધરાની કલરવ હાઈસ્કૂલને મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મેડલ્સ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.

ગાંધીનગર મનપાના હદ વિસ્તારમાં તાલુકાના ૧૪ ગામ ઉમેરાશે

ગાંધીનગર

ગાંધીનગર મ.ન.પા.ના હદ વિસ્તારમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં તાલુકાના ૧૪ ગામ ગાંધીનગર મ.ન.પા.માં ઉમેરવાની તડામાર તૈયારી ચાલી રહી છે. ગાંધીનગરના મનપામાં ખોરજ, સુઘડ, ભાટ, અંબાપુર, પેથાપુર, કોલવડા, વાવોલ, કુડાસણ, સરગાસણ, અંબાસણ, શાહપુર, કોટેશ્વર, અમિયાપુરને ગાંધીનગરમાં સમાવેશ કરવામાં આવશે. ત્યારે મ.ન.પા.એ નવા સીમાંકન માટે તૈયારીઓ હાથ ધરી છે. જેમાં આગામી બેઠકમાં ગાંધીનગર મ.ન.પા. ઠરાવ કરશે.

ગાંધીનગરવાસીઓ માટે મ.ન.પા.ના હદ વિસ્તારમાં વધારો કરવાનો નિર્ણય આગામી બેઠકમાં મનપા એક ઠરાવ પ્રસાર કરીને કરશે. ગાંધીનગર મનપામાં તાલુકાના ૧૪ ગામ મ.ન.પા.માં ઉમેરવાની તૈયારી ચાલી રહી છે. જેના માટે મ.ન.પા.એ નવા સીમાંકન માટે તૈયારીઓ હાથ ધરી છે. નવા સીમાંકનના કારણે ગાંધીનગર મ.ન.પા.ના વોર્ડની સંખ્યા વધશે.

કુપોષણ નાથવા સરકાર ૩૦ જાન્યુ.થી ૧ ફેબ્રુઆરી સુધી વિશેષ અભિયાન શરૂ કરશે

ગાંધીનગર

જુલાઈ ૨૦૧૯માં મળેલ વિધાનસભાના સત્રમાં રાજ્યમાં કુપોષણ બાળકોના મુદ્દે વિપક્ષ દ્વારા સરકાર પર અનેક પ્રહારો કરવામાં આવ્યા હતા. જયારે વિધાનસભામાં સરકાર દ્વારા જે આંકડા બહાર પાડવામાં આવ્યા હતા, તે પણ ચોંકાવનારા હતા. જેને લઈને રાજ્ય સરકાર દ્વારા સોમવારે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હવે કુપોષણનો આંક ઘટાડવા માટે રાજ્ય સરકાર ૩૦ જાન્યુઆરી થી ૧ ફેબ્રુઆરી સુધી પ્રચાર કરશે.

કુપોષણને નાથવા માટે રાજ્ય સરકારે બેઠક બાદ રાજ્યમાં પોષણ ત્રિવેણી નામનો યોજના બનાવવામાં આવી છે. જે યોજના રાજ્યના તમામ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને તમામ ગ્રામ પંચાયતમાં પણ લાગુ કરવામાં આવશે. આ ત્રણ દિવસીય યોજાતા કાર્યક્રમમાં રાજ્યના તમામ પ્રધાનો પણ રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં હાજર રહેશે. કુપોષણને નાથવા માટેના તમામ પ્રયત્નો કરવામાં આવશે. આ સાથે જ રાજ્યકક્ષાના પ્રધાન વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું કે, કુપોષણને નાથવા માટે આંગણવાડીઓને શિક્ષકો માતાઓ તથા તમામ લોકોને એક ખાસ માર્ગદર્શન આપવામાં આવશે. જે આંગણવાડીમાં કુપોષિત બાળક હશે, તે બાળકને ખાસ એક જ વ્યક્તિ તેનું ધ્યાન રાખશે. જેમાં પાલક માતા તરીકે ઓળખવામાં આવશે. ત્યારબાદ એક વર્ષ ચાલેલા આ કાર્યક્રમમાં પર પાર્ટી ઈન્સ્પેક્શન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

વિન્ટેજ કારમાં બેસી યુવરાજ માંધાતાસિંહે મા આશાપુરાના મંદિરે શીશ ઝુકાવ્યું

રાજકોટના ૧૭માં ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજાની રાજતિલક વિધિનો પ્રારંભ

રાજકોટ

રાજકોટના ૧૭માં ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજાની રાજતિલક વિધિનો પ્રારંભ થયો. બપોર બાદ માંધાતાસિંહે વિન્ટેજ કારમાં બેસી ઢોલ-નાગારાના તાલે મા આશાપુરાના મંદિરે પહોંચ્યા હતા અને માતાજીના ચરણોમાં શિશ ઝુકાવ્યું હતું. બાદમાં પેલેસ ખાતે દેહ શુદ્ધિ યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

માંધાતાસિંહ જાડેજા જ્યારે પોતાની કુળદેવીનાં દર્શને પહોંચ્યા ત્યારે તેઓએ કેસરીયો ધારણ કર્યો હતો. પોતાના પુત્ર જયદીપસિંહ જાડેજા સાથે કુળદેવી આશાપુરાના ચરણોમાં શીશ ઝુકાવી શરૂ થનાર શુભ પ્રસંગો કોઈ પણ જાતના વિઘ્ન વગર પૂર્ણ થાય તે માટે પ્રાર્થના કરી હતી. તો સાથો સાથ હિન્દુ ધર્મમાં મંદિરની પ્રદક્ષિણાનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે તે જ પ્રકારે માંધાતાસિંહ જાડેજાએ પોતાના પુત્ર જયદીપસિંહ જાડેજા સાથે પ્રદિક્ષણા પણ કરી હતી.

રણજીત વિલાસ પેલેસમાં આજે ૨૮મી જાન્યુઆરીથી ત્રણ દિવસ રાજસુય યજ્ઞ ચાલશે. રાજસુય યજ્ઞ માટે શ્રીધર યજ્ઞશાળા તૈયાર કરવામાં આવી છે. ૫૦ બ્રાહ્મણો ત્રણ દિવસ સુધી આહુતિ આપશે. રાજવી પરિવારના શાસ્ત્રીજી કૌશિકભાઈ ત્રિવેદીએ રાજસુય યજ્ઞનો મહાત્મ્ય સમજાવ્યો હતો.

માજી સૈનિકો આંદોલનનાં મૂડમાં : શહીદોનાં પરિવારને ૧ કરોડ રૂપિયા આપવા માગ

અમદાવાદ

ગુજરાત હવે સરકાર વિરુદ્ધનાં આંદોલનોમાં સતત વધારો થઈ રહ્યો છે. એલઆરડી આંદોલન, બિનસચિવાલય આંદોલન, સરકારી કર્મચારીઓનાં આંદોલન બાદ હવે ગુજરાતનાં માજી સૈનિકો આંદોલનનાં મૂડમાં આવી ગયા છે. અમદાવાદમાં આવેલાં શહીદ સ્મારક ખાતે માજી સૈનિકોએ મહાઆંદોલન શરૂ કર્યું છે. માજી સૈનિકો વિવિધ ૧૫ માગણીઓને લઈને આંદોલન પર ઉતર્યા છે.

હજારોની સંખ્યામાં માજી સૈનિકો રેલી કાઢી અમદાવાદના શાહીબાગ ખાતે આવેલ શહીદ સ્મારક સુધી પહોંચ્યા હતા. ૧૫ જેટલી માંગણીઓને લઈ બીજા દિવસે પણ માજી સૈનિકોએ આંદોલન ચાલુ રાખ્યું હતું.

વિવિધ માગણીઓમાં માજી સૈનિકોએ શહીદ જવાનનાં પરિવારને એક કરોડ રૂપિયાની સહાયની માગ કરી છે. સાથે જ માજી સૈનિકને ખેતી માટે જમીન અને પ્લોટ આપવાની માગ કરવામાં આવી છે. તો કોન્ટ્રાક્ટ પદ્ધતિ નાબૂદ સહિતની માગ સાથે માજી સૈનિકો મહાઆંદોલન પર ઉતર્યા છે. એટલું જ નહીં, પણ માગ નહીં સ્વીકારાય તો ગાંધીનગર તરફ કૂચ કરવાની પણ માજી સૈનિકોએ ચીમકી ઉચ્ચારી હતી.

નવો રોડ બનવાની કામગીરીના લીધે માણેકચોકનું ખાણી-પીણી બજાર ૫ દિવસ બંધ

અમદાવાદ

૫ દિવસ માટે અમદાવાદીઓ માણેકચોકના ખાણી-પીણીના બજારનો સ્વાદ નહીં માણી શકે. માણેકચોકમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૫ કરોડના ખર્ચે વર્ષો બાદ નવો રોડ બનાવવાની કામગારી હાથ ધરવામાં આવનાર છે. જેને લઈ આ ખાણી-પીણી બજાર બંધ રાખવામાં આવશે. દિવસ દરમિયાન માણેકચોક બજારની દુકાનો ખુલ્લી રહેશે. પરંતુ રાત્રે રોડ અને સમારકામની કામગીરી ચાલું રહેશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ વખતે પણ માણેકચોકની ખાણીપીણી બજાર બંધ કરવામાં આવી હતી. એકતરફ અમદાવાદમાં રાત્રે ખાણીપીણી માટે જાણીતા એવા લૉ ગાર્ડન ખાણી-પીણી બજાર એક વર્ષથી બંધ છે. ત્યારે ૧૭ વર્ષ બાદ હવે ફરી એકવાર માણેકચોક ખાણીપીણી બજાર પણ આજથી ૫ દિવસ માટે બંધ રહેશે. જેથી અમદાવાદીઓએ અન્ય ખાણી-પીણી બજારમાં જવું પડશે.

વેવાઈ સાથે ભાગી ગયેલા વેવાણ વિજલપોર પોલીસમાં હાજર થયા

ભારે ચર્ચા જગાવનાર કિસ્સામાં પત્નીને સ્વીકારવા પતિનો ઈન્કાર

સુરત

દુનિયાભરમાં પ્રેમના અવનવા કિસ્સા જોવા મળે છે, પરંતુ સુરતમાં એક અનોખી પ્રેમ કહાની જોવા મળી હતી. આ પ્રેમકહાની કંઈક એવી હતી કે, સુરતમાં રહેતા વેવાઈ નવસારીની વેવાણને લઈને ભાગી ગયા છે. આ કિસ્સાના કારણે વેવાઈ અને વેવાણ ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. સોશિયલ મીડિયામાં રમૂજોનો મારો પણ ચલાવાયો હતો. દરમિયાન મોડી રાત્રે વેવાણ નવસારીના વિજલપોર પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયા હતા. જોકે, વેવાઈ ક્યાં તે અંગે હજુ કોઈ જાણકારી મળી નથી. પોલીસ દ્વારા વેવાણના પતિને જાણ કરવામાં આવી હતી. જોકે, તેણે અપનાવવાનો ઈન્કાર કરતા વેવાણના પિતાને બોલાવવાની ફરજ પડી હતી.વેવાણને લેવા તેના પિતા પણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હોવાનું જાણવા મળ્યું છે.

૪૮ વર્ષના સુરેશ (નામ બદલ્યું છે), ૪૬ વર્ષની સોની (નામ બદલ્યું છે) બંને વચ્ચે યુવાની વયે પહેલાથી જ પ્રેમ હતો પરંતુ બંનેનાં લગ્ન ન થઈ શક્યાં, બંને વર્ષો પછી મળ્યાં અને બંનેનાં સંતાનોનાં લગ્ન નક્કી થયા હતા. દરમિયાન મુલાકાતો વધી અને જૂનો પ્રેમ ફરી જાગી ગયો હતો. આ બંને આધેડ ઉંમરના પ્રેમી પંખીડા પ્રેમમાં એટલા પાગલ હતા કે, તેમના દીકરા-દીકરીના ભવિષ્યની પરવા કર્યા વિના ઘરેથી ભાગી ગયા હતા. આ ઘટના સોશિયલ મીડિયાને પગલે ફક્ત સુરતમાં જ નહીં, આખા ગુજરાતમાં ચર્ચાનો વિષય બની ગઈ હતી. વેવાઈ-વેવાણ ભાગી જતા હવે પરિવારજનોએ તેની સાથે સંબંધો કાપી નાખ્યા હતા.

મૂળ કતારગામના અને હાલ અમરોલીમાં રહેતા સુરેશભાઈ (નામ બદલ્યું છે) અને તેમની વેવાણ સોનીબહેન યુવાનીકાળથી એકબીજાને જાણતા હતા. સુરેશભાઈ કતારગામમાં રહેતા હતા ત્યારે તેમની સામેની બિલ્ડિંગમાં જ સોનીબહેન રહેતા હતા. આ દરમિયાન બંને વચ્ચે સારી એવી મૈત્રી થઈ ગઈ હતી. જોકે, એ સમયે તેઓ એક ના થઈ શક્યા અને બંનેના જુદા જુદા પાત્રો સાથે લગ્ન થઈ ગયા. આમ છતાં, તેમણે પરસ્પર સંપર્ક ચાલુ રાખ્યો હતો. એટલું જ નહીં, વધુ નજીક રહી શકાય એ હેતુથી તેમણે પોતાના સંતાનોના પણ લગ્ન કરાવવાનું નક્કી કરીને સગાઈ કરાવી દીધી હતી. જોકે, તેઓ એકબીજા વિના રહી શકે એમ ન હતા. તેથી સંતાનોની સગાઈ કરાવીને કોઈની શરમ રાખ્યા વિના ૧૦મી જાન્યુઆરીએ બંને ભાગી ગયા હતા. આ કારણસર તે બંનેના પરિવારજનોએ ચિંતિત થઈને પોલીસ ફરિયાદ નોંધાવતા આ કિસ્સો સામે આવ્યો હતો.

સગાઈ બાદ વેવાઈ અને વેવાણ નજીક આવી જતા ભાગવાના કિસ્સાને લઈને ચર્ચામાં આવી ગયા હતા. પરિવારજનોએ સંબંધો પણ કાપી નાખ્યા હતા. દરમિયાન ૧૪ ફેબ્રુઆરીના રોજ લગ્ન થનાર બાળકોના લગ્ન પણ તોડી નાખવામાં આવ્યા હતા. યુવક અને યુવતી પણ આ લગ્નસંબધથી ખુશ હતા પરંતુ તેમના માતા-પિતા ભીગા જતા બંને આ લગ્ન કરવાની ના પાડી દીધી હતી.

ધનાઢ્ય પરિવારે ભવ્ય વરઘોડો કાઢી સંયમનો માર્ગ અપનાવ્યો

સુરત

હીરાની ચમક આપનાર હીરા વેપારી દુનિયાની ચમકથી દુર જઈ સંસારનો માર્ગ ત્યાગી સંયમનો માર્ગ અપનાવશે આવનારી ૨૯ તારીખે પોતાના પરિવાર સાથે દીક્ષા લઈ સંસારની જગમગતી ચમક ને છોડી દીક્ષા ગ્રહણ કરશે.

સુરતના જૈન સમાજ માટે સૌથી મોટો ઉત્સવ આવ્યો છે. સુરતમાં આગામી એક અઠવાડિયામાં ૧૦૦ લોકો દીક્ષા લેવાના છે. સુરતના હીરા વેપારી પરિવાર સહીત માત્ર દિક્ષા નહિ લેશે પરંતુ સંયમનો માર્ગ કેમ આપનવવો એનો સંદેશો પણ આપશે. પોતાની સંપૂર્ણ સંપત્તિ દીક્ષા મહોત્સવન ભવ્ય સમારોહમાં અને ગરીબોને દાન આપશે, જેને લઈ ભવ્ય વરઘોડો આજે સુરતના અદાજણ ખાતે જોવા મળ્યો હતો, વરઘોડામાં મોટી સંખ્યામાં જૈન લોકો જોડાયા હતા. ધોલ નગારા, હાથી ઘોડા અને સુંદર પાલકીઓમાં દુલ્હનની જેમ સજેલી બે દીકરીઓ સહિત હીરા વેપારી અને તેમની પત્ની જોવા મળ્યા હતા.

આ પરિવાર લોકોને નરક જીવનનું હોરર શો બતાવી સંયમનો માર્ગ સજાવશે. ૨૯ જાન્યુઆરીના સુરત પાલ વિસ્તારમાં આચાર્ય ગુણરત્નસૂરીશ્વર મહારાજ સાહેબના સાનિધ્યમાં મહેતા પરિવારના ૪ સભ્યો જૈન દીક્ષા લઈ સંસારિક માયાથી દૂર થઈ જશે.

ભાગીદારી છૂટી કરી બાકી રૂા.સાત લાખ નહીં આપવા સોપારી આપી

માથાભારે તત્ત્વોએ ધમકી આપી બળજબરી કરતા પોલીસ ફરિયાદ

સુરત

સાડીના વેપારમાં ભાગીદારી છૂટી કરવાના મુદ્દે નીકળતા રૂપિયા સાત લાખના મુદ્દે સરથાણાના ટપોરીઓએ ફરિયાદીના ભાગીદાર પાસેથી સોપારી મેળવી ફરિયાદી ભાગીદારને ધાક ધમકી આપી ચેકો અને લખાણો મેળવી લઈ રૂપિયા નહીં આપી ગુનો કર્યો હતો.

કાપોદ્રા પોલીસ સૂત્રોના અને ફરિયાદીના જણાવ્યા મુજબ પરવત પાટીયા ગણેશનગરમાં રહેતા રાજુ રશ્મીકાંત પંચાલે પરેશભાઈ સાથે કમેલા દરવાજા એકતા માર્કેટમાં હિના સાડીના નામથી ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો હતો. ત્યારબાદ ફરિયાદી રાજુભાઈ છુટા થઈ જતા ભાગીદાર પરેશભાઈએ ફરિયાદીના હિસાબ પેટે સાત લાખ રૂપિયાના ચેક અને બે મહિનામાં હિસાબ ચૂકતે કરી દેવાના દબાણ કરી આપ્યા હતા. ત્યારબાદ મુદ્દત પૂરી થતાં ભાગીદાર પરેશભાઈએ વધુ સમયની માંગણી કરી હતી. આ દરમિયાન નાના વરાછા ગજાનંદ કોમ્પ્લેક્સમાં માહિ પટેલ ટ્રાવેલ્સની ઓફિસ ધરાવતા લલિત પોપટભાઈ પટેલે ફરિયાદી રાજુભાઈને બોલાવી પરેશભાઈ સાથેના હિસાબ પેટે માત્ર ચાર લાખ મળશે તેમ જણાવી ફરિયાદીને ધાક ધમકી આપી ચેક અને લખાણો મેળવી લીધા બાદ પણ હિસાબ ચૂકતે કર્યો ન હતો. આ અંગે રાજુભાઈ પંચાલે આરોપી લલિત પોપટ પટેલ, પિયુષ લાલજી પટેલ, ઈલીયાસ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કાપોદ્રા પોલીસે તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં રાષ્ટ્રભક્તિના રંગ સાથે રંગેચંગે ઉજવાયું પ્રજાસત્તાક પર્વ

વિવિધ શાળાઓ તેમજ પોલીસ મથકો અને સરકારી કચેરીઓમાં તિરંગો લહેરાવાયો

અંકલેશ્વર

સમગ્ર ભરૂચ જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી વચ્ચે અંકલેશ્વરમાં પણ આજે પ્રજાસત્તાક પર્વની દેશભક્તિના રંગો સાથે કરવામાં આવી હતી.

અંકલેશ્વરમાં વહેલી સવારથી જ શાળાઓમાં ધ્વજવંદન સહિત દેશભક્તિના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર શહેર તેમજ જીઆઇડીસીની વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાતફેરી પણ યોજવામાં આવી હતી.

પ્રજાસત્તાક પર્વને લઈને સમગ્ર અંકલેશ્વરમાં દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ અંકલેશ્વર શહેર તેમજ જીઆઇડીસીમાં યુવાનો દ્વારા વિશાળ બાઇક રેલી તિરંગા સાથે કાઢવામાં આવી હતી અને એમાં પણ CAAના સમર્થનમાં યુવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

અંકલેશ્વર ઉમરવાડા માર્ગ પર આવેલી અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરિમલસિંહ રાણા તિરંગાને સલામી આપી હતી. આ પ્રસંગે પ્રજાસત્તાક પર્વને લઈને ખાસ ભારત અને માદરે વતન અંકલેશ્વર પધારેલા ફ્રાન્સના અબરાર કાગઝી તેમજ અલ્તાફ હુસેન કાગઝી પણ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તિરંગાને સલામી આપી હતી.

અંકલેશ્વર સ્ટેશન વિસ્તારમાં આવેલ ઉન્નતી સ્કૂલ માં કેનેડાથી પધારેલા મૂળ અંકલેશ્વરના યુસુફ મતાદારના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર ભરૂચીનાકા વિસ્તારમાં આવેલ પ્રિયદર્શીની વિદ્યાલયમાં અંકલેશ્વર નગરપાલિકાના નિવૃત્ત સિવિલ એન્જિનિયર રમણ પટેલે તિરંગાને સલામી આપી હતી.

અંકલેશ્વરની આર. એમ. પટેલ વિદ્યાલય ખાતે સૈન્યના નિવૃત જવાનના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અંકલેશ્વર રાજપીપળા માર્ગ પર આવેલી નાલંદા વિદ્યાલય ખાતે પણ શાળાના પ્રમુખ અશોક ઝાના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું. અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન કિંજલ ચૌહાણે અંકલેશ્વરની નૌબારિયા હાઇસ્કુલ ખાતે ધ્વજવંદનની સાથે જ શાળામાં નવનિર્મિત ડૉ. અબ્દુલ કલામ લાઈબ્રેરીનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. અંકલેશ્વર વાલીયા માર્ગ પર આવેલ સનાતન એકેડમી ખાતે શાળાના પ્રમુખ એલ.બી.પાંડેના હસ્તે ત્રિરંગો લહેરાવ્યો હતો. અંકલેશ્વર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સંદીપ પટેલ અંકલેશ્વર કસ્બાતીવાડ સ્થિત સર્વોદય નગરમાં વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા આયોજિત પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ધ્વજવંદન કર્યું હતું. અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ લાયન્સ સ્કૂલમાં ચેરમેન જશુભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું, તો અંકલેશ્વરની એસેન્ટ સ્કૂલ, આરએમપીએસ સ્કુલ જેવી સ્કૂલોમાં પણ ધ્વજવંદનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર નગરપાલિકા ખાતે નગરપાલિકા પ્રમુખ દક્ષાબેન શાહે તિરંગાને સલામી આપી હતી, તો તાલુકા પંચાયત ખાતે તાલુકા પંચાયત પ્રમુખ તેમજ

ડીવાયએસપી કચેરી ખાતે વિભાગીય પોલીસ વડા, પ્રાંત અધિકારી રમેશ ભગોરા દ્વારા મામલતદાર કચેરી ખાતે તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં ૨૬મી જાન્યુઆરીના રોજ ડિઝાસ્ટર પ્રિવેન્શન મેનેજમેન્ટ સેન્ટર ખાતે અને ૧૫મી ઓગસ્ટના રોજ અંકલેશ્વર ઉદ્યોગ મંડળ ખાતે દર વર્ષે ધ્વજવંદન કરવામાં આવે છે. જેમાં ૨૬મી જાન્યુઆરીના રોજ અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ મહેશ પટેલે ડીપીએમસી ખાતે ધ્વજવંદન કર્યું હતું.

ડોલવણની વિદ્યા મંદિર શાળામાં પ્રજાસત્તાક પર્વ દિનની ઉજવણી

વ્યારા

તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના અંધાર વાડી દૂર ગામે સ્થિત વિદ્યામંદિર અને કણધા પ્રાથમિક શાળામાં દબદબાભેર ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરવામાં આવી હતી .આ કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સોનલબેન ચૌધરી પ્રોફેસર જીતેન્દ્ર ચૌધરી તથા અતિ અતિથિ વિશેષ તરીકે ડોક્ટર જયશ્રી ચૌધરી એમબીબીએસ સ્ટુડન્ટ નીલ ચૌધરી સરપંચ શ્રી પ્રેમીલાબેન તથાડેપ્યુટી સરપંચ શ્રી જગદીશભાઈ વિજયભાઈ તથા શાળાના આચાર્ય દમયંતીબેન ઈન્દ્રજીત ભાઈ તથા ગામના વરિષ્ઠ જનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા .ધ્વજવંદનના કાર્યક્રમ પછી વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા અને પ્રોફેસર જીતેન્દ્ર ચૌધરી જયશ્રી ચૌધરી અને નીલ ચૌધરીએ પ્રાસંગિક ઉદ્બોધન કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા .

અડાજણ અને રાંદેરમાં તસ્કરોનો હાથફેરો

સુરત

રાંદેર-અડાજણમાં થયેલી ઘરફોડ ચોરીમાં રૂા.૧.૯૪ લાખની મતા ચોરાઈ હતી.

પ્રથમ બનાવમાં રાંદેર રોડ કોટીયાર્ક નગર બંગલા નં.૧માંથી અજાણ્યા તસ્કરો થેલામાં મુકેલા રોકડા રૂપિયા ૧.૭૦ લાખની ચોરી કરી ગયા હતા. બનાવ અંગે ઘરમાલિક ઠાકોર લલ્લુભાઈ પટેલે રાંદેર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

બીજા બનાવમાં અડાજણ વરૂણ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.સી/૧૦૧માંથી મોટરસાઈકલ ઉપર આવેલ અજાણ્યા ચોરે લેપટોપ, મોબાઈલ ફોન, ઘડીયાલ, રોકડા બેંકના કાર્ડ મળી કુલ રૂા.૨૪૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. ફોટોગ્રાફીનું કામ કરતા અલ્પેશ યતીન ચૌહાણે અડાજણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી .

પોલીસ કોન્સ્ટેબલ વિધવા મહિલાને તરછોડી દેતા કોર્ટમાં દુષ્કર્મની ફરિયાદ

સલાબતપુરા પોલીસ ફરિયાદ નહીં નોંધતી હોવાનો આક્ષેપ

સુરત

સલાબતપુરા પોલીસ મથકના કોન્સ્ટેબલને એક વિધવા મહિલા સાથે પ્રેમ સંબંધ બંધાયા બાદ તેના જીવનમાં એક મહિલા પોલીસ કર્મચારીનો પ્રવેશ થયો હતો. કોન્સ્ટેબલે લગ્નની લાલચે અનેકવાર વિધવા સાથે શરીર સંબંધ બાંધ્યા બાદ હવે તેને તરછોડી દેતા પોલીસમાં ફરિયાદ કરવા પહોંચી હતી પરંતુ પોલીસે ફરિયાદ ન લેતા વિધવાએ કોર્ટમાં ફરિયાદ કરી છે. જેને પગલે આ ઘટના પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બની છે.

માનદરવાજા ખાતે રહેતી વિધવા પર સલાબતપુરા પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ દિપક ખોંડેએ બળાત્કાર ગુજાર્યો હોવા સંદર્ભની કોર્ટ ફરિયાદ થઈ છે. એડવોકેટ ઈલ્યાસ પટેલ મારફત કરવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું હતું કે, લગ્નની લાલચ આપીને શરીર સંબંધ બાંધવામાં આવ્યો હતો અને બાદમાં તરછોડી દેવાઈ હતી.

ફરિયાદમાં આરોપ લગાવાયો છે કે, કોન્સ્ટેબલ વર્ષ ૨૦૧૬થી નવેમ્બર-૨૦૧૮ સુધી અવાર-નવાર લગ્નની લાલચ આપીને શરીર સંબંધ બાંધતા હતા. દરમિયાન કોન્સ્ટેબલના અન્ય એક મહિલા પોલીસ કર્મચારી સાથે પણ સંબંધ હોવાનું સામે આવતા બંને વચ્ચે ઝઘડો થયો હતો અને પીડિતા દ્વારા પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરાઈ હતી. જોકે, પોલીસે ફરિયાદ ન લેતા આખરે કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. આ ઘટનાને પગલે પોલીસ બેડામાં ભારે ચર્ચા ચાલી રહી છે.

ચેમ્બર દ્વારા આયોજિત-૨૦૨૦ પ્રદર્શનને સાંપડેલો બહોળો પ્રતિસાદ

બે દિવસમાં ૨૧ હજારથી વધુ બાયર્સ પ્રદર્શનમાં નોંધાયા

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય ઈન્ડસ્ટ્રીયલ પ્રદર્શનની ૧૨મી આવૃત્તિ તરીકે 'ઉદ્યોગ–૨૦૨૦'નું તા. ૨૪મીથી ૨૭મી જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. ઉદ્યોગ પ્રદર્શનને દેશભરમાંથી બાયર્સનો ભારે પ્રતિસાદ જોવા મળી રહયો છે.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, 'ઉદ્યોગ' ચેમ્બરનું ફલેગશિપ પ્રદર્શન છે. આ પ્રદર્શનમાં ટેક્સટાઈલ મશીનરી, ટેક્સટાઈલ એન્સીલરી, એન્જીનિયરીંગ મશીનરી એન્ડ મશીન ટૂલ્સ, ઈલેકટ્રીકલ – ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન, ગવર્નમેન્ટ પીએસયુ અને કોર્પોરેટ પેવેલિયન, બેન્કીંગ એન્ડ ફાયનાન્સ અને ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ સિકયુરીટીના ઉત્પાદકો દ્વારા તેમની પ્રોડકટ તથા સર્વિસ પ્રદર્શિત કરવામાં આવી છે. આથી દેશના વિવિધ રાજયોના શહેરોમાંથી બાયર્સ મોટી સંખ્યામાં પ્રદર્શનની મુલાકાત લઈ રહયા છે. ગઈકાલે પ્રથમ દિવસે જ પાંચ હજારથી પણ વધુ બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. જયારે આજરોજ ૧૬ હજાર જેટલા બાયર્સ પ્રદર્શનમાં વિવિધ ટેક્ટાઈલ મશીનરી જોવા માટે ઉમટી પડયા હતા. હજી બે દિવસ પ્રદર્શન ચાલશે ત્યારે બમણી ગતિએ બાયર્સની ભીડ જામશે.

રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે બુહારીમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

વ્યારા

તાપી કલેક્ટર આર.જે.હાલાણીના હસ્તે તાપી જિલ્લાના વાલોડ તાલુકાના બુહારી ખાતે ૭૧મા પ્રજાસત્તાક પર્વની રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોના સથવારે દબદબાભેર જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

રાષ્ટ્રની આન, બાન અને શાન સમા તિરંગાને સલામી આપી પોલીસ પરેડનું નિરીક્ષણ કરી માર્ચપાસ્ટની સલામી ઝીલી પ્રજાજોગ સંબોધન કરતા કલેક્ટર શ્રી હાલાણીએ રાજ્ય સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રે કરવામાં આવેલી વિકાસ કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે તાપી જિલ્લાના પ્રજાજનોને ૭૧મા પ્રજસત્તાક પર્વની શુભકામના પાઠવી સ્વાતંત્ર્ય સંગ્રામના શહીદવીરોને પણ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

સલામત અને સુરક્ષિત ગુજરાતની વિભાવના સાથે વહિવટમાં પારદર્શિતા એ પણ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે તેમ જણાવી વંચિતોના વિકાસ માટે અમલી વિવિધ વિકાસલક્ષી યોજનાઓની પણ જાણકારી આપતા શિક્ષણ, આરોગ્ય, રોજગાર, ખેતી, પશુપાલન, સિંચાઈ, જળસંચય, ખેલ વિકાસ, આદિજાતિ વિકાસ, વન વિકાસ, ગ્રામ વિકાસ, શ્રમિક વિકાસ સહિત કુદરતી આપત્તિ વેળા પણ રાજ્ય સરકારે ત્વરિત નર્ણયો લઈને, પ્રજાજનોને સધિયારો આપ્યો છે તેમ જણાવ્યું હતું.

કલેક્ટરશ્રીએ પ્રજાસત્તાક પર્વના આ પાવન દિને વિકાસની ઉંચાઈઓને સર કરવા માટે કટિબધ્ધ બની આગામી દિવસોમાં ગુજરાત અને દેશની આન બાન અને શાન જળવાઈ રહે ,દેશની પ્રતિષ્ઠાને આંચ ન આવે તથા આપણો જિલ્લો અને રાજ્ય વિકાસની દિશામાં સતત નવીન ઉંચાઈઓ સર કરે એવી અભ્યર્થના સાથે આવો સૌ સાથે મળી વિકાસયાત્રાને આગળ ધપાવી લોકાભિમુખ શાસન પ્રણાલીને મજબુત બનાવીએ તેમ પણ જણાવ્યું હતુ.

દરમિયાન જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, તથા સ્થાનિક કલાકારોએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી, માહોલને દેશભક્તિના રંગોથી રંગી દીધો હતો. શ્રેષ્ઠ કૃતિઓને કલેક્ટર સહિતના મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહક ઈનામો પણ અપાયા હતા. આ વેળા જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાની સહિત વ્યક્તિ વિશેષ, ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓ, તેજસ્વી તારલાઓનું પણ અભિવાદન કરાયુ હતું. આ પ્રસંગે કલેકટરે વાલોડ તાલુકાના વિકાસ માટે રૂા. ૨૫ લાખનો ચેક અધિક કલેક્ટર અને ઈ.ચા.આયોજન અધિકારીશ્રી વહોનીયાને એનાયત કર્યો હતો.

નાનપુરા મક્કાઈપુલ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી

સુરત

સુરત શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રમુખશ્રી બાબુભાઈ રાયકાના અધ્યક્ષ સ્થાને આજે સવારે ૯-કલાકે ધ્વજ વંદનનો કાર્યક્રમ કોંગ્રેસ કાર્યાલય(જૂની) મક્કાઈપુલ, સુરત ખાતે યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી દ્વારા બંધારણનું આમુખ ×અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ બિનસાંપ્રદાયિક સમાજવાદી લોકશાહી પ્રજાસતાક બનાવવા માત્ર તથા તેના બધા નાગરીકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, વાણી, માન્યતા, ધર્મ અને પૂજાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને તકની સમાનતા તથા વ્યક્તિના ગૌરવ તેમજ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે ભાઈચારો કેળવવાનો દ્રઢ સંકલ્પ કરીને અમારી બંધારણસભામાં આજે ૨૬, નવેમ્બર ૧૯૪૯ના દિવસે આ બંધારણ અપનાવીએ છીએ અને અમારી જાતને સમર્પિત કરીએ છીએ× નું વાંચન કરવામાં આવેલ. પ્રમુખશ્રીએ જણાવેલ કે, આજથી ૭૦ વર્ષ પહેલાં ભારત દેશના લોકોએ તેમની આકાંક્ષાઓ અને ઈચ્છાઓ અનુરૂપ ભારતના સંવિધાનને અપનાવ્યું હતું. ભારતદેશની એકતા અને અખંડિતતા જળવાય રહે તેમજ બંધારણના રક્ષણ કરવા, દરેક ધર્મ અને જાતિને સુરક્ષિત કરવા ગાંધી ચીંધ્યા માર્ગે સંગઠિત બનીને અખંડ ભારતનું રક્ષણ કરવા નેમ લેવામાં આવેલ.

જંગલમાં પશુ ચરાવવા ગયેલી મહિલાને તીક્ષ્ણ હથિયાર વડે રહેંસી નાંખી

સુરત

સોનગઢ તાલુકાના મલંગદેવ ગામે મૌલી ફળિયામાં રહેતા લાલજીભાઈ જાતરિયાભાઈ ગામીત ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરી જીવન ગુજરાન ચલાવતા આવ્યા છે અને તેઓ સંયુક્ત પરિવારમાં રહે છે. લાલજીભાઈ શુક્રવારે સવારે પોતાની પત્ની અને દીકરી માર્થાબહેન ગામીત સાથે જંગલની જમીન પર આવેલ પોતાના ખેતરે ગયા હતા. જ્યાં બપોર સુધી ખળી લીપવાની કામગીરી કરી પતિ-પત્ની ઘરે પરત આવી ગયા હતા. જ્યારે એમની દીકરી માર્થાબહેન લાલજીભાઈ ગામીત (૩૫) પશુઓ લઈ નજીકના જંગલમાં ચરાવવા માટે નીકળી ગઈ હતી. માર્થાબહેન દરરોજ સવારે પશુઓને લઈ ચરાવવા માટે જંગલમાં જતા હતા. સાંજે પાંચ વાગ્યે પાછા આવતા હતા. જોકે, સાંજે તે પરત નહીં આવતાં પિતા અને અન્ય સગાઓ તેને શોધવા માટે જંગલ તરફ ગયા હતા. શોધખોળ દરમિયાન મોડી સાંજે માર્થાબહેન ગામીતની લાશ જંગલમાં આવેલ એક કોતર પાસેથી મળી આવી હતી.

પશુ ચરાવવા માટે જંગલમાં ગયેલ માર્થાબહેન પર કોઈક અજાણ્યા ઈસમે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. આરોપીએ પોતાની પાસેના તિક્ષ્ણ હથિયાર વડે કપાળમાં, માથામાં અને ગળાના ભાગે આડેધડ ઘા માર્યા હતા અને હત્યારાએ નજીક પડેલ પથ્થર વડે ડાબા ગાલ અને ચહેરાના ભાગે પણ ઘા માર્યા હતા. આ હુમલાને કારણે ગંભીર રીતે ઘવાયેલ મહિલાનું સ્થળ પર જ મોત નીપજ્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે સોનગઢ પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ હત્યા કરવા સંદર્ભે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

બે કાર અથડાતા ટીઆરબી જવાનની હાજરીમાં ચાલકો વચ્ચે છુટ્ટાહાથની મારામારી

વલસાડ

વલસાડના કલ્યાણ બાગ સર્કલ ખાતે બે કાર અથડાઈ હતી. જેના પગલે બંને કારના ચાલકો વચ્ચે છુટ્ટાહાથની મારામારી સર્જાઈ હતી. મારામારીના કારણે મોટી સંખ્યામાં લોકો એકઠાં થઈ ગયા હતા. ટીઆરબી જવાન સહિત લોકોએ બંને કાર ચાલકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

વલસાડના કલ્યાણ બાગ સર્કલ ખાતે કાર(જીજે-૧૫-સીએ-૬૭૮૨) અને કાર(જીજે-૧૫-સીબી-૮૬૫૩) પાછળ અથડાઈ હતી. જેને લઈને બંને કારના ચાલકો વચ્ચે પહેલાં બોલાચાલી થઈ હતી. દરમિયાન બંને કારના ચાલકો ઉશ્કેરાઈ જતા છુટ્ટાહાથની મારામારી સર્જાઈ હતી. જેને પગલે ટ્રાફિકજામ સર્જાઈ ગયો હતો. મોટી સંખ્યામાં લોકો એકઠાં થઈ જતા ટીઆરબી જવાન સહિત લોકોએ બંને કાર ચાલકોને સમજાવીને કાર લઈને રવાના કર્યા હતા. જેથી ટ્રાફિક હળવો થયો હતો.

કાર અથડાવાને લઈને બંને કારના ચાલકો અને તેમાં સવાર લોકો મારામારી પર ઉતરી આવ્યા હતા. જેમાં મહિલાઓ પણ મારામારીમાં જોડાઈ હતી. એક વ્યક્તિ મારામારીને લઈને નીચે પણ પટકાયો હતો. જોકે, મામલો શાંત થતા તમામ ઘટના સ્થળેથી રવાના થઈ ગયા હતા.

ઔરંગાબાદના ત્રણ વેપારીઓ દ્વારા સુરતના વેપારી સાથે ૨૫ લાખની ઠગાઈ

વેપારીએ પેમેન્ટની ઉઘરાણી કરતા ધમકી આપી

સુરત

મહારાષ્ટ્ર ઔરંગાબાદના ત્રણ વેપારીએ સુરતના વેપારી પાસેથી રૂપિયા ૨૫.૮૫ લાખની કિંમતનો સાડીનો જથ્થો ખરીદી પેમેન્ટ ચૂકવવાને બદલે સુરતના વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો બનાવ સલાબતપુરા પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રિંગરોડ સાંઈ દર્શન માર્કેટમાં સાડીનો વેપાર કરતા વિષ્ણુ ભંવરલાલ અગ્રવાલે આરોપી નથુમલ ઓમપ્રકાશ તિવારી, ત્રિલોક રાધેશ્યામ તિવારી, દિનેશ રાધેશ્યામ તિવારી (ઔરંગાબાદ, મહારાષ્ટ્ર) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી રૂપિયા ૨૫,૮૫,૨૩૪ની કિંમતની સાડીનો જથ્થો ખરીદ્યો હતો. આરોપીઓએ વાયદાઓ કર્યા બાદ ફોન બંધ કરી દીધો હતો. ત્યારબાદ ફરિયાદી વેપારી આરોપીઓને રૂબરૂ મળવા જતાં આરોપી દિનેશે ફરિયાદી સાથે ઉધ્ધતાઈભર્યું વર્તન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વૃધ્ધના ઘરમાંથી રૂા. ૧.૭૦ લાખની ચોરી કરનારો શખ્શ ઝડપાયો

સુરત

રાંદેર રોડ સ્થિત નવયુગ કોલેજની સામે કોટીયાર્ક નગરમાં રહેતા વૃધ્ધના ઘરમાં બારીની લોખંડની ગ્રીલ કાપી અંદર પ્રવેશી તસ્કરો બચતના રોકડા રૂા. ૧.૭૦ લાખની મત્તાની ચોરી કરનાર વૃધ્ધના વિશ્વાસુ રીક્ષા ચાલકની પોલીસે ધરપકડ કરી છે.

રાંદેર મેઈન રોડ સ્થિત નવયુગ કોલેજની સામે કોટીયાર્ક નગર સોસાયટીના બંગલા નં. ૨ માં રહેતા ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ (ઉ.વ. ૮૫) ઓલપાડના તાલુકાના અંબેટા ગામ અને મિરજાપુર ગામમાં આવેલી જમીન ગણોતથી ખેડવા આપવા ઉપરાંત બચત પર રીક્ષા ફેરવવા આપી પત્ની લક્ષ્મીબેનનું ગુજરાન ચલાવે છે.

જમીન ગણોતની આવક અને રીક્ષા બચતની આવકના રોકડા રૂા. ૧.૭૦ લાખ તેમણે વિમલના થેલામાં મુક્યા હતા અને થેલો બંગલાના પહેલા માળે બેડરૂમમાં બેડ ઉપર ગાદલાની વચ્ચે મુક્યો હતો. ગત તા. ૨૩ના રોજ થેલો બેડરૂમમાં ગાદલાની વચ્ચે હતો પરંતુ ગત રોજ રોકડ મત્તા મુકેલો થેલો ગાયબ થઈ ગયો હતો. તસ્કરોએ બેડરૂમની બારીની લોખંડની ગ્રીલ છુટી કાપી અંદર પ્રવેશી ચોરીનો કસબ અજમાવી ભાગી ગયા હોવાની ફરિયાદ રાંદેર પોલીસ મથકમાં નોંધાઈ હતી. પોલીસે તપાસ હાથ ધરી વૃધ્ધ ઠાકોરભાઈના વિશ્વાસુ રીક્ષા ચાલક યુસુફ કાસમ શેખ (ઉ.વ. ૪૨ રહે. બાખડ મહોલ્લો, માન દરવાજા, ખટોદરા) ની ધરપકડ કરી છે.

લીંબાયતમાં બે સ્થળે જુગાર રમતા ૧૯ જુગારી ઝડપાયા

બે સ્થળે પીસીબી અને લીંબાયત પોલીસના છાપા

સુરત

પીસીબી પોલીસ અને લીંબાયત પોલીસે બે સ્થળે દરોડા પાડી જુગાર રમતાં ૧૯ જુગારીની ધરપકડ કરી રૂા.૮૦,૨૪૦ની મતા કબજે કરી હતી.

પીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે લીંબાયત ખાનપુરા લાલા ટી સેન્ટરના પહેલા માળે જુગાર રમતા અબ્દુલ ગફાર, ઈકબાલ શેખ, રફીક રહીમ, હારૂન મહેબુબ, નસીમ શેખ, નઈમ મજીદ, મોહસીન શેખ, લતીફ સઈન, શાકીર દેશમુખ, મોહંમદ કલીમ, શરીફ હસનની ધરપકડ કરી ગુલામ મુસ્તુફા ઉર્ફે લાલા ગુલામને વોન્ટેડ જાહેર કરી નવ મોબાઈલ ફોન, રોકડા રૂપિયા મળી કુલ રૂા.૬૫૦૬૦ની મતા કબજે કરી હતી.

લીંબાયત પોલીસે કચરા ઘાંચીની ચાલ પાસે જુગાર રમતાં અનિલ શીપ્પી, રહીમ શેખ, અનિલરાય મોરે, સંજય સોનુ, ભીમસિંગ પ્રેમરાજ, વિનોદ મિસ્ત્રી, ચીમન શંકર, નીતિન અઢાળની ધરપકડ કરી રોકડા રૂા.૧૫૧૮૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સુરત અને તાપીના વેપારીઓ દ્વારા ગોલમાલ : ૩૬ દુકાનદારોને દંડ કરાયો

સુરત

ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ તથા ધી પેકેઝ કોમોડિટીઝ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ- ૨૦૧૧, તેમજ ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૧૧ અન્વયે સુરત અને તાપી જિલ્લાના મદદનીશ નિયત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી શ્રી બી.આર.વિશાણાના માર્ગદર્શન હેઠળ કચેરીના સિનીયર/જુનિયર નિરીક્ષકો દ્વારા ડિસેમ્બર-૨૦૧૯ માસ દરમિયાન સુરત અને તાપી જિલ્લાના અલગ અલગ સ્થળો ઉપર વિવિધ ટ્રેડના વેપારી એકમોની તપાસ હાથ ધરી વજનમાપ તથા પીસીઆર કાયદાના ભંગ કરવા બદલ કુલ ૩૬ વેપારી એકમો સામે પ્રોસિકયુશન કેસ કરી રૂ.૯૦,૧૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

ઉપરાંત, ડિસેમ્બર-૨૦૧૯ માસ દરમિયાન ઉપરોકત તપાસણી અન્વયે આ કચેરી દ્વારા બે મોબાઈલ કોર્ટનુ આયોજન કરવામા આવ્યું. જે મુજબ સુરતના સિટીલાઈટ રોડ વિસ્તારમાં મોબાઈલ કોર્ટ દરમ્યાન કુલ ૧૪ વેપારી એકમ સામે પ્રોસિક્યુશન કેસ કરી રૂ. ૬,૬૦૦/-તથા તાપીના વાલોડ વિસ્તારમાં મોબાઈલ કોર્ટ દરમ્યાન કુલ ૨૧ વેપારી એકમ સામે પ્રોસિકયુશન કેસ કરી રૂ. ૮,૫૦૦/-નો દંડ સ્થળ ઉપર જ વસુલ કરવામાં આવ્યો હતો.

ગત ૨૪મી ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસના ઉપક્રમેતા.૨૧/૧૨/૨૦૧૯થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમિયાન સુરત તથા તાપી જિલ્લામાં કચેરી દ્વારા કુલ ૧૧ ગ્રાહક સુરક્ષા જન જાગૃતિ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત/તાપી જિલ્લાના નાગરિકોને તોલમાપ,પેકેઝ, કોમોડીટીઝ તથા ગ્રાહક સુરક્ષા અંગેના કાયદા/નિયમ અન્વયે કોઈ પણ ફરિયાદ કે કે કોઈ માહિતી માર્ગદર્શનની જરૂરીયાત હોય તો તેઓ આ બાબતે મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, એ-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત ખાતે સંપર્ક કરી શકે છે એમ કચેરીની યાદીમાં જણાવાયું છે.

સીએનજી સ્કૂલવાનમાં આગ લાગી, સાત બાળકોનો ચમત્કારિક બચાવ

સુરત

સુરતના અડાજણ ખાતે આવેલી દિવાસી બેગ સોસાયટીમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના બાળકોને લેવા પહોંચેલી સ્કૂલવાનમાં અચાનક આગ લાગી હતી. સોસાયટીના એક યુવાન આ આગ જોઈ જતા તાત્કાલિક સ્કૂલવાન પાસે પહોંચીને ગાડી ચાલકને આગ લાગ્યાની જાણકારી કરી હતી. જે બાદમાં વાનમાં સવાર સાત બાળકોને તાત્કાલિક નીચે ઉતારી લેવાયા હતા અને તેમને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

ગાડીમાં રાખેલા ફાયરના સાધનોની મદદથી આગ બૂઝાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ સાધનો બંધ હાલતમાં જોવા મળ્યા હતા. જે બાદમાં સોસાયટીના એક વ્યક્તિના ઘરે રહેલા ફાયર સેફટીના સાધનોથી આગ બૂઝાવવામાં આવી હતી. સ્કૂલવાન ગેસ પર ચાલતી હોવાને ગેસ લીક થતા આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ છે.

બીજી તરફ લોકોમાં એવી પણ ચર્ચા જાગી છે કે વાલીઓ પોતાના બાળકોને સારી સ્કૂલ પાછળ ભણાવવા માટે મોં માગી ફી આપે છે ત્યારે શા માટે જીવતા બોમ્બ સમાન ગેસવાળી વાનમાં સ્કૂલે મોકલે છે. છેલ્લા એક વર્ષના બનાવો જોવામાં આવે તો ૯૮ ટકા આગ ગેસવાળી સ્કૂલવાનમાં લાગી છે. આ બાબતે તંત્ર તરફથી પણ કોઈ કઠોર પગલાં નથી લેવામાં આવી રહ્યાં.

કાચ ભરેલુ કન્ટેનર ઝાડ સાથે અથડાયું

સુરત

વરાછા વિસ્તારમાં એક કાચ ભરેલું કન્ટેનર અથડાતા ઝાડ મૂળમાંથી ઉખડીને રસ્તા પર પડ્યું હતું. જેને લઈને રસ્તો બંધ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ઝાડને દૂર કરી રસ્તો ખુલ્લો કર્યો હતો.

વરાછા વિસ્તારમાં વરાછા વૈશાલી સિનેમા અને ઉમિયાધામ વચ્ચેના રોડ પર ઓમ સાંઈ લોજેસ્ટિક કંપનીનું કાચ ભરેલું કન્ટેનર(MH-46-DF-3276) પસાર થઈ રહ્યું હતું. દરમિયાન એક મોટા ઝાડ સાથે અથડાયું હતું. જેના પગલે ઝાડ મૂળમાંથી ઉખડી રસ્તા પર પડ્યું હતું. ફાયર વિભાગને જાણ કરાતા ફાયરના જવાનોએ ઘટના સ્થળે દોડી જઈ ભારી ભરખમ ઝાડ કાપીને વાહન વ્યવહાર ચાલુ કરાવ્યો હતો.

પીએમનાં કાર્યક્રમના પાર્કિંગ માટે પ્લોટમાં બે વર્ષ અગાઉ પાથરેલી કપચી ચોરાઈ

વલસાડ

બે વર્ષ અગાઉ ૨૩મી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ વલસાડ જિલ્લા ખાતે અસ્ટોલ પાણી યોજનાના લોકાર્પણ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવ્યાં હતાં. મોદીને સાંભળવા આવનાર લોકો માટે અટક પારડી પાવર હાઉસ સામે ખુલ્લા પ્લોટમાં પાર્કિંગ રાખવામાં આવ્યું હતું. ચોમાસાનો સમય હોવાથી પાર્કિંગમાં કીચડ ન થાય તે માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેટલ(કપચી) પાથરવામાં આવી હતી. આ કપચી બે વર્ષથી એમ જ પડી રહ્યા બાદ થોડા દિવસો અગાઉ અચાનક સ્થળ પરથી ગાયબ થઈ જતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા દાખલ કરાવાયેલી પોલીસ ફરિયાદમાં પાર્કિંગ માટે પ્લોટ આપનાર છાંયડો રેસિડન્સીના માલિક રજનીભાઈ વ્હોરા તથા અઠક પારડીના બીપીનભાઈ પટેલને શકમંદ ગણાવવામાં આવ્યાં છે. પોલીસ ફરિયાદ અનુસાર માર્ગ અને મકાન વિભાગ દ્વારા અગાઉ મોજીના કાર્યક્રમ વખતે પાર્કિંગ માટે મેટલ પાથરવામાં આવી હતી ત્યારબાદ આ મેટલ તેઓએ મેટલ ઉંચકી લઈને ગ્રાઉન્ડ ખાલી કરી આપવાનું હતું. જો કે ગ્રાઉન્ડ ખાલી ન થઈ શક્યુ અને મોટા પ્રમાણમાં મેટલ એમ જ ત્યાં રહી ગઈ હતી. બાદમાં માર્ગ અને મકાનના ધ્યાનમાં આવ્યું કે સ્થળ પરથી કપચી ચોરાઈ રહી છે. જેથી તેમણે આ અંગે પોલીસમાં ફરિયાદ આપી હતી. જેમાં પ્લોટના માલિકોને શકમંદ તથા અન્ય અજાણ્યા સામે ફરિયાદ આપી છે. અંદાજે ત્રણ લાખની મેટલની ચોરી થઈ હોવાની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

મતદાન કરી સૌ લોકશાહીનું સન્માન કરે : કલેક્ટર અગ્રવાલ

નવસારી

ભારતનાચુંટણી પંચ દ્વારા ૨૫ જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે જાહેર કરેલ છે. નવસારી જિલ્લામાં નવસારી ખાતે એસ. એસ. અગ્રવાલ કોલેજ ખાતે જિલ્લાના અધિકારીઓ અને નાગરિકોની હાજરીમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૦ ની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કલેકટરશ્રી આદ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો મુળભૂત ઉદેશ્ય પાત્રતા ધરાવતા મતદારો મતદાર યાદીમાં પોતાનું નામ અવશ્ય નોંધાવે અને મતાધિકાર ભોગવે તેવો છે. તેઓએ મતદાર નોંધણીની શ્રેષ્ઠ કામગીરી કરનારા ચુંટણીશાખાના તેમજ મામલતદાર અને પ્રાંત કચેરીના સ્ટાફ અને બી એલ ઓ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. મતદાન આપણી પવિત્ર ફરજ છે અને સૌ મતદાન કરે તે જરૂરી છે તેમ પણ જણાવ્યું હતુ.

આ કાર્યક્રમની સાથે સાથે શ્રેષ્ઠ કર્મચારીઓ શ્રેષ્ઠ કેમ્પસ એમ્બેસેડરો અને સુપર વાઇઝરોને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર તથા શાલ ઓઢાડીને સન્માનીત કરવામાં આવ્યા હતા. સૌએ મતદાન કરવા અંગે પ્રતિજ્ઞા લીધી હતી. રાષ્ટ્રીય મતદાતા દિવસની માહિતી દર્શાવતી ગુજરાતી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. યુવા મતદાર મહોત્સવ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ચેક દ્વારા પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતુ

આ પ્રસંગે નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી પ્રજ્ઞેશ જાની, પ્રાંત અધિકારીશ્રી તુષાર જાની સહિતના અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયાં હતા.

પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના સેવક ભૂપેન્દ્ર જરીવાલાનું પ્રશંસનીય કામગીરી બદલ સન્માન

સુરત જિલ્લાના માંગરોળ ખાતે ૭૧મા પ્રજાસત્તાક દિન ઊજવણી સમારોહમાં પ્રાદેશિક માહિતી કચેરી, સુરત ખાતે સેવક તરીકે ફરજ બજાવતાં શ્રી ભૂપેન્દ્ર જરીવાલાને તેમની માહિતી અને પ્રસારણ વિભાગની ફરજ દરમિયાન લોકોપયોગી પ્રચાર પ્રસિદ્ધિની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યના પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડાના હસ્તે પ્રશસ્તિપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દિકરીઓને જન્મ આપનારી ૯ માતાઓને કિટનું વિતરણ કરાયું

સુરત સિવિલ હોસ્પિટલ ખાતે 'નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે'ની અનોખી ઉજવણી

સુરત

સમાજમાં દિકરા-દીકરીઓ વચ્ચે સંતુલન જળવાય, સ્ત્રી ભ્રુણ હત્યા અટકે તેમજ કન્યા કેળવણીમાં વધારો થાય તેવા અનેક હેતુઓ સાથે પ્રતિ વર્ષે તા.૨૪ જાન્યુઆરીના 'નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે'ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે સુરત જિલ્લાની મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તા.૨૦ થી ૨૬ જાન્યુ. દરમિયાન 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાન સંદર્ભે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે તા.૨૪મીના રોજ દિકરીઓને જન્મ આપનારી પ્રસૂતા માતાઓને સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશના હસ્તે 'દીકરી વધામણાં કિટનું વિતરણ' કરવામાં આવ્યું હતું. દિકરી જન્મને વધાવતા સિવિલ હોસ્પિટલ ખાતે જન્મેલી કુલ ૯ દીકરીઓને 'દીકરી વધામણાં કીટ' અર્પણ કરીને વ્હાલના ઓવારણા લેવાયા હતા. દિકરી દિવસની ઉજવણીને સાર્થક કરતાં આ પ્રસંગે કોર્પોરેટર રૂપલબેન શાહ, મહિલા અને બાળ અધિકારી શ્વેતાબેન દેસાઈ, સિવિલ હોસ્પિટલના ડીનશ્રી ડૉ. જયેશભાઈ શાહ, તબીબી અધિકારીશ્રી ડૉ. પ્રીતિબેન કાપડિયા, 'સખી' વન સ્ટોપ સેન્ટર તથા નારી સંરક્ષણ ગૃહના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બે શખ્સોએ રસ્તા વચ્ચે બબાલ કરી ફ્લિપકાર્ટ કર્મી પાસેથી ૧૬ લાખની ચીલઝડપ કરી

સુરત

વાપીના મોરારજી સર્કલ નજીક ફ્લિપકાર્ટના કર્મચારી પાસેથી ૧૬ લાખથી વધુ રોકડની ચીલઝડપ કરવામાં આવી હોવાની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. ફ્લિપકાર્ટના કર્મચારી બેંકમાં રૂપિયા જમા કરાવવા જતા હતા. દરમિયાન બે અજાણ્યા ઈસમો દ્વારા રસ્તા પર રોકી મારી બહેનની છેડતી કેમ કરે છે કહીં બબાલ કરી હતી. ત્યારબાદ ૧૬ લાખ રૂપિયા ભરેલી બેગની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

શનિવાર અને રવિવાર બે દિવસનું ૧૬ લાખનું કલેક્શન લઈને ફ્લિપકાર્ટનો કર્મચારી વાપીના મોરારજી સર્કલ નજીકમાં આવેલી બેંક ઓફ બરોડામાં જમા કરાવવા જતો હતો. દરમિયાન બે અજાણ્યા બાઈક ચાલકોએ રસ્તા અટકાવ્યો હતો અને મારી બહેનની છેડતી કેમ કરે છે કહીં બબાલ શરૂ કરી દીધી હતી. દરમિયાન બંને કર્મચારી પાસે રહેલા ૧૬ લાખ રૂપિયા ભરેલી બેગની ચીલઝડપ કરીને ભાગી ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ફ્લિપકાર્ટના કર્મચારીની પૂછપરછ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે, શનિવાર અને રવિવારની રજાના કારણે બે દિવસનું મોટું કલેક્શન થયું હોવાથી તેને સોમવારે બેંકમાં જમા કરાવવામાં આવતું હોય છે. દરમિયાન ફ્લિપકાર્ટના કર્મચારીને અટકાવી તેની પાસેથી ૧૬ લાખની ચીલઝડપથી કોઈ જાણભેદૂ હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. જોકે, હાલ તો પોલીસ ફ્લિપકાર્ટના કર્મચારીની પૂછપરછ કરી અજાણ્યા ઈસમો અંગે તપાસ કરી રહી છે.

બેન્ડની મધુર શૂરાવલીઓનાં સથવારે ઝંડા ગીત સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૭૧ માં પ્રજાસત્તાક પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી





એક ભારત શ્રેષ્ઠ ભારતનાં નિર્માણનો સંદેશો સમાજમાં ફેલાવવા નાયબ મુખ્ય વહીવટદાર શ્રી નિલેશ દુબેનો અનુરોધ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

પ્રજાસત્તાક પર્વની ઉજવણીનાં ભાગરૂપે આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય વહીવટદારની કચેરીએ યોજાયેલા ધ્વજવંદન સમારોહમાં નાયબ મુખ્ય વહીવટદાર નિલેશ દુબેએ રાષ્ટ્ર ધ્વજ ફરકાવી ત્રિરંગાને સલામી આપી હતી.ત્યારબાદ નવોદય જવાહર વિદ્યાલયનાં ભુલકાઓ દ્વારા બેન્ડની મધુર શૂરાવલીઓનાં સથવારે ઝંડા ગીત રજુ થતા ઉપસ્થિત સૌ કોઇ દેશભક્તિનાં રંગે રંગાયા હતા. નિલેશ દુબેએ પ્રજાસતાક પર્વનાં વધામણા સાથે અધિકારીઓ, કર્મચારીઓ અને પ્રવાસીઓને આજના દીવસની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગેસ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય વહીવટદાર કચેરી ખાતે યોજાયેલ સમારોહમાં ઉપસ્થિત તમામને સંબોધતા નાયબ મુખ્ય વહીવટદાર નિલેશ દુબેએ જણાવ્યુ હતુ કે, આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વભરનાં પ્રવાસીઓની પહેલી પસંદ બન્યુ છે,અને જીર્ઝ સંગઠન દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીને દુનિયાની આઠમી અજાયબી જાહેર કરાઇ છે.જે આપણા સૌ માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે,અને આપ સૌ અભિનંદનને પાત્ર છો. આપણુ અહોભાગ્ય છે કે, કેવડીયા પાસે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાં સ્થાપિત છે, આપણે સાચા અર્થમાં સૌભાગ્યશાળી છીએ કે તે પવિત્ર સ્થળનાં ભાગ છીએ.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની સ્થાપનાં બાદ કેવડીયા સહિત સમગ્ર જીલ્લામાં પ્રવાસન ઉદ્યોગને વેગ મળ્યો છે,અને વિશ્વભરનાં પ્રવાસીઓથી આ વિસ્તાર ધમધમી ઉઠયો છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી ન માત્ર એક પ્રવાસન સ્થળ છે પરંતુ રોજગારી આપવામાં પણ એક ઉમદા ઉદાહરણ સાબિત થયુ છે.કેવડીયામાં આવનાર પ્રવાસીઓ માટે એક શ્રેષ્ઠતમ સુવિધાઓ સરકારશ્રીએ ઉભી કરી છે અને આવનાર સમયમાં કેવડીયામાં એશિયાનું સર્વપ્રથમ ગ્રીન રેલ્વે સ્ટેશન તેમજ જીલ્લામાં એરપોર્ટની સુવિધા પણ ઉભી થનાર છે.

આ પ્રસંગે નાયબ કલેકટર(પ્રોટોકોલ) બી. એ. અસારી, મામલતદાર (પ્રોટોકોલ) એ. કે. ભાટીયા, સરદાર સરોવર નર્મદા નિગમ લી.નાં પ્રવાસન વિભાગનાં એકઝીકયુટીવ એન્જીનિયર એમ.બી.શર્મા અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર સતત સારી કામગીરી બદલ PSI કે.કે.પાઠકનું કલેક્ટરના હસ્તે સન્માન કરાયું



સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું ત્યારથી નર્મદા પોલીસમાં કાયદો વ્યવસ્થાની પ્રશંસનીય કામગીરી બદલ PSI પાઠકને ૭૧ માં પ્રજાસતાકદિનની ઉજણી કાર્યક્રમમાં સન્માનિત કરાય

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે યોજાયેલા ૭૧માં પ્રજાસતાક દિનની ઉજણી કાર્યક્રમમાં નર્મદા પોલીસમાં ફરજ બજાવતા QRT PSI કિન્નરેશ પાઠકનું નર્મદા કલેક્ટરે સન્માન કર્યું.

PSI પાઠક કે જેઓ જ્યારથી સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું ત્યારથી ફરજ બજાવે છે અને ત્યાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય તેવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થાની ખુબજ સુચારૂ રીતે જાળવણી કરી ખુબજ પ્રશંસનીય કામગીરી કરતા હોય એ માટે અભિનંદન પાઠવી સન્માનિત કરવામાં આવ્યા, સાથે ભવિષ્યની શુભકામના આપી તેમની અથાક મહેનતની ગૌરવપુર્ણ કદર સાથે નર્મદા કલેક્ટર એમ.આર.કોઠારીના હસ્તે નર્મદા પોલીસ વડા હિમકર સિંહ સમક્ષ પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કર્યા ત્યારે હાજર તમામે તાળીઓથી તેમને વધાવ્યા હતા.પીએસઆઈ પાઠક અને તેમની નિર્ભયા સ્કોડ અગાઉ પણ ઘણીવાર સન્માન મેળવી ચુકી હોય જેમાં વધુ એક સન્માન થતા નર્મદા પોલીસની ચારેકોર પ્રશંસા થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છેકે પીએસઆઈ કે.કે.પાઠક અને તેમની નિર્ભયા ટિમને છેલ્લા ૨૪ મહિનામાં ૩૪ વખત સારી કામગીરી બદલ ઈનામો મળી ચુક્યા છે જે નર્મદા પોલીસ માટે ખૂબ ગૌરવની વાત છે.

રાજપીપળા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે બુનિયાદી સપ્તાહની ઉજવણી સાથે ૨૬ જાન્યુઆરીએ ધ્વજવંદન કરાયું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાની સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે બુનિયાદી સપ્તાહની ઉમંગભર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભાવિ શિક્ષકો, તાલીમાર્થી બહેનોએ ભવિષ્યમાં જે તે શાળામાં જઈ શૈક્ષણિક કામગીરી સાથે કરવાની સહ-શૈક્ષણિક કામગીરીની ઉત્સાહભર તાલીમ લીધી હતી.

આ બુનિયાદી સપ્તાહની ઉજવણી સ્પોર્ટ્સ ડે થી કરવામાં આવી જેમાં ઝેરી દડો,સંગીત ખુરશી, ફુગ્ગા ફોડ જેવી રમતોમાં ભાગ લઈ ખેલદિલીના ગણોનો વિકાસ કરવા પ્રયત્ન કર્યો હતો.બીજા દિવસે આરતી શણગાર અને મહેંદી સ્પર્ધાનું આયોજન કર્યું જેમાં આરતી શણગારમાં બહેનોએ ફૂલો, અનાજ, લોટના દિવડા જેવી વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરી કલાત્મક રીતે આરતીઓ શણગારી હતી,પછીના દિવસે હેર સ્ટાઈલ સ્પર્ધા તથા સાડી પરિધાન સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં ધોતી સાડી,બેંગોલી સાડી, દક્ષિણી, મરાઠી સાડી તેમજ ગુજરાતી સાડી જેવી વિવિધતા સભર સાડીઓ રજૂ કરી હતી.

૨૬મી જાન્યુયારીના રોજ ઈન્ચાર્જ આચાર્ય સી.વી. વસાવાના હસ્તે ધ્વજવંદન કરી, પ્રયોગશાળાના બાળકોએ દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા અને તાલીમાર્થી બહેનોએ કલાત્મક રીતે ફૂલોમાંથી ભારતનો નક્શો બનાવ્યો હતો.

સમગ્ર સપ્તાહ દરમ્યાન કોલેજના સ્ટાફે તેમજ બહેનોને માર્ગદર્શન આપ્યું હતું,આ કાર્યક્રમમાં અસ્મિતાબેન વસાવા, દત્તાબેન ગાંધી, અમિતાબેન મહેતા, સપનાબેન પટવારી, રાજેશભાઈ પટેલ અને એમ.આર.માછી વગેરેએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

રાજપૂત પરિવારનો રાષ્ટ્રપ્રેમ: લગ્નના ચાંલ્લાના પૈસા નેશનલ ડિફેન્સ ફંડમાં જમા કરાવશે

રાજપીપળા

રાજપીપળાના સરકારી કર્મચારી પ્રવિણસિંહ મોતીસિંહ અટાલિયાના પુત્ર નિરવસિંહના આગામી ૩૦/૧/૨૦૨૦ના રોજ લગ્ન નિર્ધારિત કર્યા છે. પોતાના પુત્રન લગ્નમાં વ્યવહારમાં ચાંલ્લાના પૈસાની જેટલી પણ રકમ આવશે એ રકમ એમણે નેશનલ ડિફેન્સ ફંડમાં જમા કરાવવાનું નક્કી કર્યું છે. ખરેખર આ એક સરાહનીય પગલું કહેવાય, રાજપીપળાના રાજપૂત પરિવારના આ રાષ્ટ્રપ્રેમની ભાવનાને ખરેખર બિરદાવવી જોઈએ. જો દરેક લોકો આમ વિચારે તો દેશની સરહદ પર જઈને યુદ્ધ કરવા સમાન જ આ દેશ સેવા કહેવાશે.

પ્રવિણસિંહ મોતીસિંહ અટાલિયાએ જણાવ્યું હતું કે, ખરેખર તો આ બાબત જાહેર ન કરવી જોઈએ. પણ લોકોમાં જાગૃતિ આવે અને આવું અનુકરણ કરવાથી દેશના શહીદ જવાનના પરિવારને વધુ મદદ મળી રહે. એમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૯૮૪માં મારુ આર્મીમાં સેલેક્શન થયું હતું, પણ મારા-માતા પિતાએ મને મંજૂરી ન આપી. એ જ સમયથી મારા મનમાં હતું કે, હું સરહદ પર તો જઈ ન શક્યો તો બીજી કઈ રીતે હું દેશની સેવા કરી શકું. મારે ત્યાં દીકરાના લગ્નનો પ્રસંગ આવ્યો અને મેં આ નક્કી કર્યું. મેં જોયું છે કે ઘણા જવાનો દેશ માટે લડતા-લડતા જુવાનીમાં શહીદ થાય છે. તેઓ એમની પાછળ પત્ની, ઘરડા મા-બાપ અને નાના દીકરા દીકરીને છોડી જાય છે એમનું કોણ. જેથી એવા પરિવારને મારાથી જે કઈ મદદ થતી હતી એ કરવા પ્રયાસ કર્યો છે અન્ય લોકો પણ આમ કરે એવી મારી અપીલ છે.

પવનની દિશા બદલાતા દક્ષિણ ગુજરાતમાં ઠંડીના પ્રમાણમાં ઘટાડો

સુરત

ઉત્તર ભારતથી ફરી એક વખત શિત લહેરની ધીમી ગતિએ શરૂઆત થતા ગત ૨૪ કલાક દરમ્યાન રાજયના તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં પણ એકથી બે ડિગ્રી તાપમાન ઘટતા મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. આગામી પાંચ-છ દિવસ દરમ્યાન ઠંડીનું જોર વધે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૮ ડીગ્રી નોંધાયું છે. ગતરોજ ન્યુનતમ તાપમાન ૧૬.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૬ ટકા અને હવાનું દબાણ ૧૦૧૨.૮ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ઉત્તર દિશાતી ફુંકાયેલ પવનના લીધે આજે તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો છે. જેથી રાત્રે અને મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

નવસારીમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૩ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૫.૫ ડીગ્રી નોંધાયું હતું. આમ એક દિવસમાં જ અઢી ડીગ્રીનો ઘટાડો થયો હોવાથી મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આગામી દિવસોમાં ફરી ઠંડીની અસર વધશે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

કાશ્મીરના કલાકારો ગીત સંગીતના સથવારે ધૂમ મચાવશે

સુરત

ભારતના મુકુટ સમાન કાશ્મીર ખીણના વિશ્વવિખ્યાત સુફી, લોકકલાકારો, કલા કસબીઓ સદ્દભાવના, શાંતિ, પ્રેમ અને ભાઈચારાના મિશન અંતર્ગત તા.૨૭મી જાન્યુ.ના રોજ સુરતના મહેમાન બની ગાયકી અને વાદ્યસંગીતની સમૃદ્ધ વિરાસતનો ખજાનો ખુલ્લો મૂકશે. જીવનભારતી રંગ ભવનમાં રાત્રે ૮.૩૦ વાગ્યે આયોજિત કાર્યક્રમમાં એક જ મંચ પરથી ગુજરાતના પોતાના શૌકીયા કલાકારો પણ ગુજરાતી ગીત સંગીતનો રસથાળ પીરસશે. ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં વસતા જુદી જુદી જાતિઓના કલા કસબીઓ વચ્ચે કલા સંસ્કૃતિના આદાનપ્રદાન થકી વિવિધતામાં એકતાની ભાવનાને ઉજાગર કરવાના ઉદ્દેશ સાથે આયોજિત સંગીત સમારોહમાં તૃણમૂલ સ્તરના સ્વયંસેવકો પણ જોડાશે. સંજય- તુલા અને મહેસાણાની વિશ્વગ્રામ સંસ્થાના કાર્યકરો પણ આ કાર્યક્રમનો હિસ્સો બનશે. ઉલ્લેખનીય છે કે, વિશ્વ ગ્રામના સ્વયંસેવીઓ આ આતંકગ્રસ્ત કાશ્મીર ખીણના બાળકોને શિક્ષણ આપવાની સાથોસાથ કાશ્મીરમાં પ્રેમ, શાંતિ અને સદ્દભાવના પ્રસરાવવાની સેવા બજાવી રહ્યા છે. સુરતમાં આંગણે નિઃશુલ્ક યોજનારા આ સંગીત અવસરને માણવા કલા પ્રેમીઓને રાત્રે ૮.૩૦ કલાકે જીવનભારતી રંગ ભવન ખાતે ઉપસ્થિત રહેવા ડો.પરેશ બી. શાહ દ્વારા આમંત્રણ પાઠવાયું છે.

રાજપીપળા ખાતે બે દિવસના પ્રવાસે આવેલ

મુસ્લિમ ધર્મગુરુ સૈયદ હસન અસકરી મિયાંનું ઉત્સાહભેર ભવ્ય સ્વાગત કરાયું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે ફરજંદે મોહદ્દીસે આજમે હીદ સૈયદ અરબી મીયા સાહબ ફરજંદે આગૌસી હુઝુર સૈયદ શેખુલ ઈસ્લામ મદની સૈયદ હસન અસ્કરી મિયાં રાજપીપળામાં બે દિવસના પ્રવાસે આવ્યા હતા તે દરમિયાન નાંદોદના ધારાસભ્ય પીડી વસાવા,જતીન વસાવા એ પણ તેમની મુલાકાત લઈ આર્શીવાદ લીધા હતા અને હસન અસકરી મીયા એ નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવા અને જતીન વસાવાને આર્શીવાદ આપી એમની સફળતા માટે દુવા પણ કરી હતી રાજપીપળા પધારેલ આ ધર્મગુરુનું રાજપીપળા ના મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું.

સવારે હઝરત નિઝામશાહ બાબાની દરગાહ થી ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યું હતું ત્યારબાદ રાજપીપળાની પૌરાણિક જામા મસ્જિદ ખાતે તેઓએ મોટી સંખ્યામાં મુરીદોને જુમાની નમાજ અદા કરાવી હતી અને મુક્તસર બયાન સાથે દુનિયામાં અમાન સમગ્ર ભારતની એકતા શાંતિ અને સલામતી માટે દુઆઓ પણ કરી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજપીપળા પધારેલ મુસ્લિમ ધર્મગુરુ સૈયદ હસન અસકરી મિયા મોહદ્દીશે આઝમ મિશનના મુખ્ય સંચાલક છે આ મિશન હેઠળ ગરીબ , વિધવા,તેમજ જરૂરતમંદને આર્થિક તેમજ સામાજિક મદદ કરવામાં આવે છે ઉપરાંત ગરીબ બાળકીઓના સમૂહ લગ્ન સ્વરૂપે ભવ્ય લગ્ન પણ કરાવાય છે સાથે તેમણે ઈસ્લામના મહાન પયગંબરનો જન્મ દિન ગરીબો સાથે મનાવવાનો પણ આદેશ આપ્યો છે અને આપણાં દેશના ગર્વ સમાન આઝાદીના દિવસે વૃક્ષારોપણ કરવા જેવા સમાજના ઉત્થાન માટેના કાર્યો કરતા રહેવાની પ્રેરણા હંમેશા આપતા રહે છે.



બિરસા મુંડા ભવન ગાધીનગર ખાતે

ગેરલાયક ઠરેલ ખોટા આદિવાસીઓ દુર કરવા ધરણા પ્રદર્શન કરતાં આદિવાસી ઓને સાંસદ મનસુખ વસાવાનું સમર્થન



આદિવાસીની ન્યાયહિતની લડતમા સર્વે આદિવાસી સમુદાયના આગેવાનો, ધારાસભ્યો, સાસંદો, નગરપાલિકાના સદસ્યો, કાર્યકરો વિવિધ સંગઠનોને ભરૂચના સાસંદ મનસુખ વસાવાએ આ લડતમા સહભાગી બની જોડાવવા અનુરોધ કર્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગાધીનગરના બિરસા મુડા ભવન ખાતે ખોટા આદિવાસી જાતીના પ્રમાણ પત્રો મેળવીને સરકારી નોકરીમાં પસંદગી પામેલાઓ દ્વારા થતા દેખાવ અને ધરણા કાર્યક્રમોનો વિરોધ કરવા અને ગેરલાયક ઠરેલ ખોટા આદિવાસીઓને દુર કરવાની માંગણીને લઈ સાચા આદિવાસીઓ મોટી સંખ્યામાં ગાધીનગર એકત્રીત થઈ આક્રોશભર્યો વિરોધ પ્રદર્શન ધરણાં કરી રહ્યા છે.

હાલમાં LRD ભરતીમા RBCના દબાણમા આવી ખોટા આદિવાસી ઓને નોકરીઓ આપવાની શરૂઆતને લઈ આદિવાસીઓમા સરકાર સામે ભારે રોષ ભભૂક્યો છે.

ભરૂચ સાસંદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે ગાંધીનગરમા ગેર- લાયક ઠરેલ ખોટા આદિવાસીના પ્રમાણપત્ર રદ કરવાના મુદ્દે આપણા જાગૃત આદિવાસી આગેવાનો ધરણા પર બેઠા છે,તેમની માંગણી સમગ્ર આદિવાસી સમાજના હિતમાં છે તેથી તેમને મારુ સંપૂર્ણ સમર્થન જાહેર કરુ છુ અને સર્વે ગુજરાતના આદિવાસી આગેવાનો,તમામ રાજકીય પક્ષના કાર્યકરો તેમજ ચૂંટાયેલા સંરપચો, તાલુકા,જિલ્લા પંચાયત અને નગર પાલિકાના ચુટાયેલા સભ્યો ધારાસભ્યો,સાસંદ સભ્યો તથા સમાજના વિવિધ સંગઠનોને અપીલ કરુ છુ કે તમે બધા પણ સમાજના હિતમાં તમારુ સર્મથન જાહેર કરો તેવી આશા રાખુ છુ. અને અનુકુળતા એ ધરણા પર પણ બેસવા અપીલ કરી હતી.

કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી ૭૦૦ યુવાનો બાઈક રેલી દ્વારા આવી 'સરદાર સ્વચ્છતા યાત્રા'નો સંદેશો આપ્યો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સરદાર પટેલ મેમોરિયલ, કરમસદ અને સી ટુ સી ગ્રુપ દ્વારા છેલ્લા ૧૮૨ દિવસ થી કરમસદ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન બાદ ૨૬મી જાન્યુઆરી દિવસે સરદાર વલ્લભ ભાઈ પટેલની જન્મભૂમિ કરમસદ થી કેવડિયા ૧૮૨ મીટરની દુનિયાની સૌથી વધુ ઉંચાઈ ધરાવતી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી 'સરદાર સ્વચ્છત્તા યાત્રા' લઈ ૭૦૦ થી વધુ યુવાનો બાઈક રેલી લઈ આવી યુવક યુવતીઓ એ કેવડિયા ખાતે તિરંગા હાથમાં લઈને આવ્યા હતા.

બાઈક રેલી લઈને આવનાર યુવકોનું માનવું છે કે આપણાં આદર્શ, ચરોતર ના મસીહા સરદાર વલ્લભ ભાઈ પટેલની શરણમાં દેશની યુવાશક્તિ રાષ્ટ્ર સ્વચ્છ અને મજબૂત બનાવવાની શપથ લેવા ૧૩૭ કી.મી. ની બાઈક યાત્રા કરી તે અહીયા આવ્યા છે. અમારા આ અલગ પ્રકારના પ્રયત્ન ને વધુને વધુ લોકો આવકારે, સ્વીકારે અને અમારી સાથે સરદાર સ્વચ્છતા યાત્રામાં જોડાય અહીયા તેવી આશા વ્યક્ત કરી હતી.

રાજપીપળા નગરપાલિકા ખાતે PMAYના લાભાર્થીઓ પાસે રાષ્ટ્રહિત માટે મહત્વના શપથ લેવડાવાયા



રાજપીપળા પાલિકા ખાતે યોજાયેલા ૭૧માં પ્રજાસત્તાક દીને લાભાર્થીઓ એ શપથ લીધા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગરપાલિકા ખાતે ૨૬મી જાન્યુઆરી ૭૧ માં પ્રજાસત્તાક દીને અંગીકાર અભિયાન અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને શપથનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

પાલિકાના અધિકારી, પદાધિકારીઓ, સદસ્યોની હાજરીમાં શપથ લેવડાવ્યા જેમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક નહિ વાપરવા, સમુદાયોમાં શાંતિ,સુમેળ અને સુસંગત જીવનને પ્રોત્સાહન આપવા, મહિલા, બાળકો અને વૃદ્ધોની રક્ષા કરવા, પાણીના દરેક ટીપાંને બચાવીને પાણીનુંજતન કરી તેનો વ્યય નહીં કરવા, વરસાદી પાણીનો સંગ્રહ કરવા, ઉર્જાનો બગાડ નહી કરવા,વીજળીનો બચાવ કરવા,વધુ વૃક્ષ વાવી પર્યાવરણ નું રક્ષણ કરવા,ભીના અને સુકા કચરા નો અલગથી નિકાલ કરવા સહિતના સંકલ્પ લેવડાવ્યા હતા.

સુરતમાં સુવર્ણ ઈતિહાસ લખાશે, ૧લી ફેબ્રુઆરીએ ૭૭ મુમુક્ષુઓ દીક્ષા લેશે

સુરત

૫૨૮ વર્ષ પહેલા ઈ.સ. ૧૫૪૮માં ઈડર ખાતે હે મ વિ મ લ સૂ રિ શ્વ જી મહારાજાની નિશ્રામાં ઐતિહાસિક સામૂહિક ૫૦૦ દીક્ષા થઈ હતી. ત્યારબાદ સુરતના આંગણે વર્ષ-૨૦૧૪માં આચાર્ય જિનચંદ્રસૂરિશ્વરજી અને યો ગ તિ લ ક સૂ રિ શ્વ ર જી મહારાજની આધ્યાત્મિક વાણીથી વૈરાગ્ય પ્રાપ્ત કરીને ૪૫ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરી હતી. સુરતનો દીક્ષાધર્મનો આ વિક્રમ હવે સુરતમાં જ બ્રેક થઈ રહ્યો છે. દીક્ષાનગરી તરીકે ઓળખ મેળવી ચુકેલી સુરત નગરીમાં હવે એક સાથે ૭૭ દીક્ષાર્થીઓ સંયમ માર્ગે જઈ રહ્યા છે. આગામી તારીખ પ્રથમ ફેબ્રુઆરીએ દીક્ષા ઉત્સવ થશે. જે પહેલા તમામ મુમુક્ષો માટે ખાસ ભવ્ય જમણવાર રાખવામાં આવ્યો હતો. જેમાં હજારો લોકો ઉમટી પડયા હતા. આ દીક્ષામાં ૧૦ વર્ષથી લઈને ૮૬ વર્ષ સુધીના દીક્ષાર્થીઓ છે.

સુરતમાં યોજનાર આ દીક્ષાના 'રત્નત્રયી સમર્પણોત્સવ'માં ૭૭ મુમુક્ષુઓ સુરતમાં ૧લી ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ દીક્ષા ગ્રહણ કરશે. આ દીક્ષા મહોત્સવમાં આચાર્ય વિજય શ્રે યા સ પ્ર ભ સૂ રિ શ્વ ર જી મહારાજા સહિત ૮૦૦થી અધિક સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રા પ્રદાન થશે. આ દીક્ષા માટે આગમ વિશારદ વિજય તપોરત્નસૂરિશ્વરજી મહારાજા આદિ મુનિ ભગવંતો અમદાવાદથી વિહાર કરીને સુરત પધારશે. જ્યારે મુનિરાજ કલ્યાણરત્ન વિજયજી મહારાજા પૂનાથી વિહાર કરીને સુરત પધારશે.

દીક્ષા માટે ભારતભરમાંથી ૩૦ હજારથી વધુ શ્રાવક-શ્રાવિકાઓ સુરત પધારશે. ૭૭ દીક્ષાર્થીઓમાં સુરત સહિત, મુંબઈ, અમદાવાદ, પૂના, બેંગલુરુ, ડીસા, કોઈમ્બતુર, બાડમેર વગેરે શહેરો-ગામના દીક્ષાર્થીઓ છે. ૧૦ વર્ષથી ૮૪ વર્ષના મુમુક્ષુઓ દીક્ષામાર્ગે જઈ રહ્યા છે. જેમાં ૨૦ જેટલા બાળમુમુક્ષુઓ છે. ૩૪ જેટલા ૨૦થી ૪૦ વર્ષના છે. જેમાં ચાર પરિવારો ઘરને તાળું મારીને દીક્ષા માર્ગે પ્રયાણ કરશે.

૪૦ ફૂટ ઉંચા સાઈન બોર્ડ પર ચઢી યુવકે મચાવેલો હંગામો

ફાયરે હાઈડ્રોલિક ક્રેન વડે યુવકને નીચે ઉતાર્યો

સુરત

રિંગરોડ વિસ્તારમાં આવેલા ૪૦ ફૂટ ઉંચા સાઈન બોર્ડ પર યુવકે ચડી હંગામો મચાવ્યો હતો. આસપાસથી મોટી સંખ્યામાં લોકો એકઠાં થઈ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ફાયર વિભાગે યુવકને નીચે ઉતાર્યો હતો.

૪૦ ફૂટ ઉંચા સાઈન બોર્ડ પર ચડી હંગામો માચવનાર યુવક અસ્થિર મગજનો હોવાનું સામે આવ્યું હતું. ફાયર વિભાગે હાઈડ્રોલિક ક્રેનની મદદથી યુવકને સાઈન બોર્ડ પરથી નીચે ઉતાર્યો હતો. દરમિયાન ઘટના સ્થળે ઉપસ્થિત લોકોએ અસ્થિર મગજના યુવાન સાથે ટપલી દાવ પણ કર્યો હતો. હાલ તો યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અચાનક ઉપર ચઢેલા યુવકને જોવા લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. તેથી ઘટના સ્થળે પોલીસ પણ દોડી આવી હતી.

ચમકાવી દેવાના બહાને ગઠીયા સોનાની બંગડીઓ લઈ છૂમંતર

વૃદ્ધ મહિલાને ગઠીયાઓ બનાવી ગયા

સુરત

સોનાની બંગડી સાફ કરવાના બહાને બે અજાણ્યા ઈસમો તફડાવી ગયાની ફરિયાદ કતારગામ પોલીસ મથકે નોંધાઈ હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુમુલ ડેરી રોડ શ્રદ્ધા સોસાયટીમાં રહેતાં સુમનબેન રમેશભાઈ પટેલ (ઉ.વ.૭૬)ની પાસે બે અજાણ્યા ઈસમો આવ્યા હતા અને તાંબાના વાસણો સાફ કરી ચમકાવી દેવાના બહાને ફરિયાદી સુમનબેને પહેરેલી સોનાની બંગડી કિંમત રૂા.૬૦,૦૦૦ને પણ સાફ કરવાના બહાને મેળવી નજર ચૂકવી તફડાવી નાસી ગયા હતા. કતારગામ પોલીસે સુમનબેન પટેલની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કતલખાને લઈ જવાતી ૮ ગાયો અને ૫ વાછરડાને મુક્ત કરાઈ, બેની ધરપકડ

ભરૂચ

કતલખાને લઈ જવાઇ રહેલા ગાયો અને વાછરડા સાથે ભરૂચની નર્મદા ચોકડી પાસેથી બે વાહનોને ગૌરક્ષકોએ ઝડપી પાડ્યા હતા. જેમાં કતલ કરવાના ઇરાદે લઈ જવાઇ રહેલી ૮ ગાય અને ૫ વાછરડાને મુક્ત કરાવીને પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતાં. બનાવ મામલે ભરૂચ સી ડિવિઝન પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ગૌરક્ષકોને બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે નંબર-૪૮ ઉપરથી મનુબર ગામ ખાતે બે વાહનો ગાય અને વાછરડાને કતલ કરવાના ઈરાદે લઈ જવાના છે. જેને આધારે ગૌરક્ષકોએ નર્મદા ચોકડી ખાતે વોચમાં ઉભા રહીને બાતમી વાળી ગાડી નં-જીજે૧૬-એયુ-૨૫૮૫ અને મહિન્દ્રા પીકઅપ જીજે૧૮-એક્સ-૩૦૬૦ આવતાં તેને રોકી હતી. જેમાં ૮ ગાયો અને ૫ વાછરડા મળી આવ્યા હતા. બે આરોપીઓને ઝડપી પાડીને ભરૂચ સી ડિવિઝન પોલીસને હવાલે કર્યા હતાં. આ બનાવ મામલે ભરૂચ સી ડિવિઝન પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. અને ગાયો અને વાછરડાઓને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ દેખાડતા સ્ટેચ્યુ ઓફ યુનિટીના મહિલા ગાઈડ કલાબેન : પ્રવાસીના ૧૦ હજાર પરત કર્યા



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

આ કારમી મોંઘવારીમાં પરિવાર સાથે જીવન જીવવું મુશ્કેલ બન્યું હોય નોકરી ધંધાના ઠેકાણા ન હોય કેટલાક લોકો બેઈમાની તરફ વધતા હોય સરકારી કચરીઓમાં પણ અમુક જગ્યાઓ પર કરપ્શન જોવા મળે છે છતાં અમુક ઈમદાર કર્મચારીઓ પોતાની ઈમાનદારી હજુ પણ દેખાડે જ છે ત્યારે તેવો જ એક કિસ્સો વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર જોવા મળ્યો.

૨૬મી જાન્યુઆરીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં એક એવી ઘટના બની જે જોઈ સૌના મોઢે એકજ શબ્દ હતો ઈમાનદારી હજુ મરી પરવારી નથી.આ ઘટના એ ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.સ્ટેચ્યુ ઓફ યુનિટી પર રોજના હજારો દેશ-વિદેશથી હજારો પ્રવાસીઓ આવતા હોય છે. ત્યારે ૨૬મી જાન્યુઆરીએ પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.જેમાં ધોરાજીના ૭૭ વર્ષીય વૃધ્ધ શાંતિલાલ રામજીભાઈ ધીંગાણી પણ પોતાના પરિવાર સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવ્યા હતા. એમણે ટિકિટ લેવા પૈસા તો કાઢ્યા પરંતુ પૈસાથી ભરેલું પાકિટ પડી ગયું એ એમના ધ્યાને ન રહ્યું. તેઓ જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પહોંચ્યા ત્યારે એમના ધ્યાને આવ્યું કે, પાકીટ પોતાના ખિસ્સામાં નથી. એમણે આ મામલે સ્ટેચ્યુ ઓફ યુનિટી સત્તાધીશોને રજુઆત કરી, ઝઝૂફ કેમેરા પણ ચેક કર્યા પણ કોઈ પત્તો ન લાગ્યો ત્યારેજ આ વૃધ્ધને એક મહિલા ગાઈડ જોયા અને પૂછ્યું તો પૈસાનું પાકીટ પડી ગયું હોવાનું જણાવ્યું. મહિલા ગાઈડ કલાબેનને એ પાકીટ મળ્યું હોય તેમનું એ પાકિટને વૃધ્ધને સુપરત કર્યું.જોયું તો એ પાકિટમાં પુરા ૧૦,૦૦૦ રૂપિયા હતા.જો એ પાકીટ મહિલા ગાઈડ લઈ લીધું હોત તો કોઈને ખબર પણ ન પડત અને પરિવાર સાથે પ્રવાસની મઝા માણવા આવેલા આ આધેડ ની મઝા ખરાબ થાત પણ આ મહિલાએ વૃધ્ધને એ પાકીટ સુપરત કરી ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. સ્ટેચ્યુ ઓફ યુનિટી સત્તાધીશોએ પણ મહિલા ગાઈડ કલાબેન ની આવી ઈમાનદારીને બિરદાવી હતી.

પુણામાં માલધારીના તબેલામાં આગ : ૨૦ જેટલા પશુનો ઉગારો

તબેલાના પતરા પર ઘાસના જથ્થામાં મોટી આગ ફાટી નીકળી

સુરત

પુણા વિસ્તારમાં આવેલી પુણા પોલીસ ચોકી પાસે આગની ઘટના સર્જાઈ હતી. ગાય-ભેંસના તબેલામાં લાગેલી આગથી આસપાસમાં ભયનો માહોલ પેદા થયો હતો. આગ અંગે જાણ થતાં ફાયરબ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગ કયા કારણોસર લાગી તે અકબંધ રહેવા પામ્યું છે.

તબેલામાં પતરાની ઉપર નાખેલા ઘાંસ તથા તબેલાની અંદરના ઘાંસમાં લાગેલી આગના મોટી હોવાના કારણે ડુંભાલ,કાપોદ્રા,ઘાંચી શેરી સહિત આજુબાજુની ફાયર બ્રિગેડની ટીમ અને કતારગામ તથા ડિંડોલી ફાયરબ્રિગેડની ટીમ માઉઝર સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને આગ પર કાબૂ મેળવવા પ્રયાસો હાથ ધર્યા છે.

ગાય-ભેંસના તબેલામાં આગ લાગતાં દૂર દૂર સુધી ધૂમાડા દેખાયાં હતાં. જેથી આસપાસના રોડ પરથી પસાર થતાં લોકોમાં ડરનો માહોલ પેદા થયો હતો અને ઘટના સ્થળે પહોંચી ગયાં હતાં. જેથી રસ્તા પર પણ ટ્રાફિક સર્જાયો હતો.

આગ લાગવાની જાણ થતાં પુણા પોલીસ સ્ટેશનના જવાનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને લોકોના ટોળાના વિખેરવાની સાથે ટ્રાફિક પૂર્વવત કર્યો હતો. સાથે જ પોલીસ દ્વારા ફાયરબ્રિગેડની કામગીરીમાં અડચણ રૂપ લોકોને ઘટના સ્થળેથી દૂર વિખેરવાની કામગીરી હાથ ધરી હતી.

મીનેશ મગનભાઈ ડાહાભાઈની માલિકીના તબેલામાં લગભગ પોણા બાર વાગ્યા આસપાસ આગ લાગી ગઈ હતી. આગની જાણ થતાં જ ૧૫-૨૦ જેટલા પશુઓ તબેલામાં બંધાયેલા હતાં. જેથી તેમને તાત્કાલિક છોડી મુકી દઈને બચાવી લેવામાં આવ્યાં હોવાનું પ્રાથમિક તબક્કે સામે આવી રહ્યું છે.

ફાયરબ્રિગેડ દ્વારા ઘટના સ્થળે પહોંચી આગ પર પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. પરંતુ પતરાના શેડના કારણે આગ પર કાબૂ મેળવવામાં ફાયરબ્રિગેડને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

નીચે ગાય ભેંસ બાંધવાનો તબેલો હતો અને ઉપરના માળે પશુઓ માટેની નીરણ માટેની વ્યવસ્થા કરાઈ હતી. નીચે દુકાનો હતી. દુકાનોમાંથી કે અન્ય કોઈ કારણોસર આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

ઘાંસમાં આગ લાગતાં તે ખૂબ જ ઝડપથી પ્રસરી ગઈ હતી. જેથી ધૂમાડાના કારણે આસપાસના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી હતી.

પાંડેસરામાં ટપોરી સચીન મિશ્રાની હત્યા કરનાર ત્રણ લોકોની ધરપકડ

કાઈમબ્રાન્ચ પોલીસે પિસ્તોલ અને કોયતા સાથે આરોપીઓને ઝડપી પાડ્યા

સુરત

ડીસીબી પોલીસે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખૂન કેસના નાસતા ફરતા ત્રણ આરોપીઓની પિસ્તોલ, બે કોયતા સાથે ધરપકડ કરી હતી.

ડીસીબી પોલીસે સચીન પલસાણા રોડ, ઓટો રિક્ષા નં.જીજે-૦૫-એવી-૮૦૫૮ને આંતરી આરોપી દેવેન્દ્ર ઉર્ફે બંટી ક્રિષ્ણા મુરારી મિશ્રા (રહે. પલસાણા હરિદર્શન પેલેસ), અનિલ ઉર્ફે નંદુ પંડિત રાણે (રહે. સાંઈબાબાનગર, અમરોલી રોડ), મહેન્દ્ર ઉર્ફે ધરમેન્દ્ર બિહારીલાલ કોઠારી (રહે. રામેશ્વરનગર, બમરોલી રોડ)ની અટકાયત કરી ઝડતી લેતા આરોપીઓ પાસેથી રૂા.૨૫૦૦૦ની કિંમતની પિસ્તોલ, રોકડા રૂપિયા ૪૩૦૦૦ એક મોબાઈલ ફોન, તિક્ષ્ણ ધારવાળા બે કોયતા, તથા રિક્ષા મળી કુલ રૂા.૬૪૭૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીઓ પાંડેસરા પોલીસ સ્ટેશનની હદમાં બનેલા ખૂન કેસમાં નાસતા ફરતા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લાજપોર જેલમાંથી છૂટેલા ગુડ્ડુ ગેંગના સચીન મિશ્રા ઉપર હરિફ ગેંગના માણસોએ ફાયરિંગ કરી પતાવી દીધો હતો. ડીસીબી પોલીસે ત્રણેય આરોપીની ૪૧ (૧) ડી મુજબ ધરપકડ કરી પાંડેસરા પોલીસને સુપરત કર્યા હતા.